
PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

**Issue : 3, Year: 71, June 2026, Pages: 52, Price Rs. 7.00**



।। શ્રી પરમાત્માય નમઃ ।।

## શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી ના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**
સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧
મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨ / ૦૯૮૨૫૪ ૧૪૪૭૦
સ્થાપના વિ. સં. ૧૯૬૨
ઇ. સ. ૧૯૦૬ રજી નં. - ૧૭૪૪
Tust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**
૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
સેન્ટ્રલ સિનેમાની પાછળ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ઓફીસ ફોન : ૨૩૮૭ ૮૪૭૬
મોબાઈલ : ૯૮૨૦૦ ૭૮૭૭૨

## ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૬ (૧૨ - મહિના) માં કરેલ કાર્યની યાદી

મોટા જીવો / નાના જીવો
તથા
બકરીને અભયદાન - ૨૫૪૯

ઘાસચારો - ૮૩૮૪૦ કિલો
ગોળ - ૩૬૯૦ કિલો

| | | |
|---|---|---|
| Bank Name | : | AXIS BANK LTD. |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 921010033621820 |
| IFSC | : | UTIB0002274 |
| Branch | : | Charni Rd, Mumbai |

| | | |
|---|---|---|
| Bank Name | : | BANK OF INDIA |
| A/c. Name | : | JIVDAYA FUND |
| A/c. No. | : | 000120100001219 |
| IFSC | : | BKID0000001 |
| Branch | : | (Mumbai Main Br.) |

SCAN QR CODE FOR PAY

દાન એજ સફળ જીવન


લી. ટ્રસ્ટીગણ

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

# BIO DATA





## Manali Bhadresh Shah

### Personal Info :

Date of Birth : 21st November 1989
Birth Time 5:56 am
Birth Place : Mumbai
Height : 5'4"
Caste : Dashashrimali Deravasi Jain
Native Place : Amba (Saurashtra)
Occupation : Lead Interior Designer with Red Brick Offices

### Education

Diploma in Interior Designing from Rachna Sansad
M.A. from Mumbai University
B.A. from Mumbai University
Foundation Course from Sophias College
HSC from Mithibai College
SSC from J.B. Vachha High School

## Ronaak Bhadresh Shah

### Personal Info :

Date of Birth : 01 Sep. 1992
Birth Time 07:55 pm
Birth Place : Mumbai
Height : 5'-6"
Caste : Dashashrimali Deravasi Jain
Native Place : Amba (Saurashtra)

### Education

B.Com : Podar College, Mumbai
S.S.C. : Don Bosco High School, Matunga

### Professional Details

Business - Trading of Chemicals
Indo Asia Impex Pvt Ltd.
Bhadresh Chemicals Pvt. Ltd.

### Family Details

Father : Bhadresh Chhaganlal Shah
Business : Bhadresh Chemicals Pvt. Ltd. and Indo Asia Impex Pvt. Ltd.
Mother : Chetna Bhadresh Shah
Business : Avyanna Fashion Jewels
Grandfather : Late Chhaganlal Laxmichand Shah
Grand Mother : Manjulaben Chhaganlal Shah
Maternal Family :
Grandfather : Late. Mathurdas Sukhlal Bhayani
Grandmother : Kanchanben Mathurdas Bhayani
Maternal Uncle : Janakbhai Mathurdas Bhayani
Dineshbhai Mathurdas Bhayani

Office Address :
- 315/16. Sindh Mercantile Syndicate Society, Hinduja College Lane, Mumbai - 400004
- 163/3, Hari Om Niwas, Sion Main Road, Sion East, Mumbai - 400022

Residential Add :
- 94/11, Urvashi Building, Jain Society, Sion West, Mumbai - 400022.
- B-1301, Dioro, Lodha New Cuff Parade, Wadala East Mumbai - 400037

### Contact Details

Father : +91 9820416610 ⁂ Mother : +91 9323412359 ⁂ Residence : 02224043437

Advt.

## BIO DATA

# Ar. HILONI PARESH SHAH



| | | |
|---|---|---|
| Birth Date / Time | : | 11th February 1998, 6.25 pm |
| Birhplace | : | Mumbai, Maharashtra |
| Height | : | 5'5" |
| Religion / Caste | : | Zalawadi Dashashrimali Sthanakwasi Jain |
| Native Place | : | Surendranagar, Gujarat |

### Education Details :

- Masters in Landscape Architecture at Centre of Environment Planning and Technology (CEPT) University, Ahmedabad
- Kamla Raheja Vidhyanidhi Institute of Architecture and Environmental Studies (KRVIA), Mumbai

### Professional Experience :

- Landscape Architect at StudioPOD, Mumbai
- Senior Architect at Sejpal and Parekh Architect, Mumbai (SAPA) for 2 years

### Family Details :

| | | |
|---|---|---|
| Father | : | Mr. Paresh Chimanlal Shah (B.Com) (9821182768) |
| Occupation | : | Posh Opticians, Goregaon (E), Mumbai - 63 |
| E-mail | : | pcshah.ps@gmail.con |
| Mother | : | Mrs. Nita Paresh Shah (B.Com) (9987470053) |
| Sister | : | Mrs. Jinali Setul Shah (Physiotherapist, USA) |
| Brother-In-Law | : | Mr. Setul Sunil Shah (QA Manager, USA) |
| Grand Parents | : | Late Shri. Chimanlal Dipchand Shah<br>Late Smt. Shardaben Chimanlal Shah |
| Mota-Papa | : | Dr. Shri. Mukesh Chimanlal Shah<br>(MD Consulting Anaesthesiologist) (9820107280) |
| Mota-Mummy | : | Dr. Smt. Sukeshi Mukesh Shah<br>(MD ConsultingPathologist) (9820264124) |
| Paternal Aunts(Faiba) | : | Late Smt. Ushaben Kirtibhai Kothari, Goregaon (W)<br>Smt. Divyaben Bharatbhai Mehta, (Ghatkopar) (E) (9022706506)<br>Smt. Rajeshreeben Dinesh Ajmera, Malad (W). (9892797019) |
| Maternal Grand-Parents (Mosal) | : | Late Shri. Dhirajlal Mulukchand Kamdar<br>Smt. Jyotsnaben Dhirajlal Kamdar |
| Maternal Uncle (Mama) | : | Shri. Chetan Dhirajlal Kamdar (9322597312) |
| Maternal Aunt (Masi) | : | Smt. Rita Pranav Gosalia (Ahmedabad) (9638135423) |
| Residence Add. | : | 11/15, Sweekar, Vallabh Bhai Road,<br>Vile Parle (W), Mumbai - 400056. |

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૩
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન:૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# નટખટ આંખડી

નાજુક ને નમણી તારી આંખો લજામણી,
આંજેલા કાજળે ખૂબ લાગે સોહામણી
મિલન ટાણે તો કેવું મીઠું મલકાતી,
વિરહમાં તો એકલી જ આંસુઓ તે સારતી
નિરખું તેને જ્યારે બે ઘડી હું ધ્યાનથી
ફેરવતાં જ આંખો તેઓ ઘણું કહી જાતી.
બદલતા રંગ ક્યારેક તે પણ રિસાતી,
મનાવે જો મણિગર માની પણ જાતી
બહારથી કોરી ને અંદરથી છલકાતી,
ઘડીક ડૂબાડતી ઘડીક મને તારતી.
કરી અડપલા કેવી મૌન થઈ જાતી,
આવી તો નટખટ છે તારી બેઉ આંખડી.

–જ્ઞાનેશ જયચંદ લાપસીયા

# મારા 'હુંપણા'ના ભ્રમનું નિરસન

ગુણવંત બરવાળિયા

રાવણ દ્વારા હરણ કરાયા બાદમાં સીતાજી અશોકવાટિકામાં જ રહ્યાં હતાં. રાવણના મહેલની આ અશોકવાટિકા સુંદર અશોકવૃક્ષોથી ભરેલી હતી. રાવણ અને રાક્ષસીઓના પહેરા વચ્ચે પણ સીતાજીએ ધૈર્ય અને પતિવ્રતા ધર્મ નિભાવ્યો. સમગ્ર લંકામાં ફક્ત ત્રિજટા જેવી બહુ જ રાક્ષસીઓ સીતાજી પ્રત્યે સહાનુભૂતિ ધરાવતી હતી.

સીતાજી રોજ શ્રીરામનું સ્મરણ કરતાં એક જ આશાએ દિવસો ગાળતાં હતાં કે, 'પ્રભુ શ્રીરામ જરૂર બચાવવા આવશે.' અહીં જ હનુમાનજી પ્રથમવાર સીતાજીને મળ્યા; રામની વીંટી અને સંદેશો પહોંચાડ્યો.

અશોકવાટિકા જાણે સીતાજીના દુઃખમાં આશા, ધૈર્ય અને ભક્તિનું પ્રતીક બની ગઈ હતી! સુંદરકાંડમાં આ પ્રસંગનું અદ્‌ભુત વર્ણન છે.

જે સમયે રાવણ ક્રોધાયમાન થઈ હાથમાં તલવાર લઈ માતા સીતાને મારવા દોડે છે ત્યારે આ પ્રસંગે હનુમાનજીને થાય છે કે, એની તલવાર એના હાથમાંથી ઝૂંટવી લઈ એની જ તલવાથી એના મસ્તકને ધડથી અલગ કરી દેવું જોઈએ, પરંતુ ક્ષણમાત્રમાં તેમણે જોયું કે, રાવણની પત્ની મંદોદરીએ આવી અને રાવણનો હાથ પકડી લીધો. આ દશ્ય જોઈને શ્રી હનુમાનજી ગદગદિત થઈ ગયા અને વિચારે છે કે, 'જો હું આગળ વધ્યો હોત તો મને ભ્રમ થઈ જાત કે, 'જો હું ન હોત તો સીતાજીને કોણ બચાવત?' શ્રી હનુમાનજીની ચિંતનધારા આગળ ચાલી કે, 'પ્રભુ શ્રીરામે આ કાર્ય રાવણની પત્ની મંદોદરીને સોંપી દીધું.'



ત્રિજટા કહી રહી હતી કે, 'મેં સ્વપ્નમાં જોયું કે, એક વાનર લંકામાં આગ લગાવી રહ્યો છે.' શ્રી હનુમાનજી એ સાંભળીને ચિંતિત થઈ ગયા કે, 'પ્રભુએ લંકા બાળવાનું તો મને કહ્યું નથી, તેથી હું કદાપિ સામે ચાલીને લંકાદહનનું કૃત્ય ન જ કરું. ત્રિજટાનું સ્વપ્ન મારે માટે પરમ આશ્ચર્યજનક છે.'

જ્યારે રાવણના સૈનિકો તલવારો લઈને હનુમાનનો વધ કરવા દોડ્યા ત્યારે શ્રી હનુમાનજીએ જરા પણ તેનો પ્રતિકાર કરવાની ચેષ્ટા ન કરી. વિભીષણે વચ્ચે આવીને કહ્યું કે, 'દૂતને મારી શકાય નહીં. દૂતને મારવો તે નીતિ વિરુદ્ધ છે.' ત્યારે રાવણે કહ્યું કે, 'આ વાનરને મારવો નથી પણ તેની પૂંછ પર કપડાંઓ લપેટો અને તેના પર ઘી લગાવી અને તે કપડાં પર આગ લગાવી દો.'

સૈનિકોએ પૂંછને કપડાં લપેટી દીધાં. એ કપડાંને ઘીથી તરબોળ કર્યાં અને પછી તેના પર આગ લગાવી દીધી. શ્રી હનુમાનજીનું વિશાળ પૂંછ એક આગનો દાવાનળ બન્યો ત્યારે એમણે શ્રીલંકાની મહેલાતો અને રાજમહેલ વગેરે ઈમારતો પર કૂદાકૂદ કરી અને શ્રીલંકાના કેટલાય ભાગો આગની લપેટમાં આવી ગયા, ત્યારે એક ઊંચા વૃક્ષ પર પવનપુત્ર શ્રી હનુમાન ક્ષણિક વિશ્રામ લઈ રહ્યા હતા ત્યારે તેમની ભીતર એક ચિંતનધારા ચાલી. ત્રિજટાનું સ્વપ્ન સત્યમાં પરિણમી રહ્યું છે. શ્રીલંકા આગમાં લપેટાઈ ચુકી છે. આખરે શ્રીરામની લીલા અદ્‌ભુત છે! 'હું કઈ રીતે લંકાને બાળી શકું? હું કપડાં ક્યાંથી લાવું? ઘી ક્યાંથી લાવું ને મારી પૂંછ પર હું આગ કેમ લગાડું? લોકોમાં તો એ જ ચર્ચા છે કે સીતાજીને મળવા આવેલ વાનરે લંકામાં આગ લગાડી દીધી. કેવો અદ્‌ભુત પરાક્રમી વાનર છે!' શ્રી હનુમાનજી પુનઃ વિચારે છે કે, 'આમાં હું ક્યાં પરાક્રમી? આમાં મારું પરાક્રમ ક્યાં? મને તો લાગે છે કે શ્રીરામે ખુદ રાવણને પોતાની લંકાને આગ લગાડવાનું કામ સોંપ્યું જેથી તેમણે પૂંછને આગ ચાંપવાની આજ્ઞા કરી. ભગવાન શ્રીરામ તેમની પાસે ધાર્યું કામ કરાવી શકે. હવે મને લાગે છે કે, અહીં મારા 'હું'નો છેદ ઊડી ગયો અને મારા 'હુંપણા'ના ભ્રમનું વિસર્જન થયું.'

અહીં આપણને પવનપુત્ર શ્રી હનુમાનજી પ્રજ્ઞા વિનમ્રતાનાં દર્શન થાય છે. એમની આ સજાગતા એમના ચિત્તમાં પ્રવેશતાં સૂક્ષ્મ અહંકારના પ્રવેશની સામે ઢાલ બનીને ઊભી રહે છે. આપણા રોજબરોજના જીવનમાં આપણને જ્યારે જ્યારે સફળતા મળે ત્યારે ત્યારે આપણને આપણી બુદ્ધિ કે કૌશલ્ય પર ગર્વ થવા લાગે છે. 'હું હતો તો આ કામ થયું, હું ન હોત તો શું થાત?' આપણે ક્યારેક કાર્ય કારણને અનુબંધને સમજ્યા વિના મિથ્યા અભિમાનમાં રાચતા હોઈએ છીએ. સ્વભાવ, કાળ, પુરુષાર્થ, નિયતિ અને કર્મ, આ પાંચ સમવાયના સંયોગ વિના કાર્ય સંભવી ન શકે. વળી નિમિત્ત અને ઉપાદાન પણ હાજર હોય છે.

આદિકવિ નરસિંહ મહેતાએ કહ્યું છે -
'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા! શકટનો ભાર જેમ શ્વાન તાણે.' ❖❖❖

# થોરનાં ધાવણ

ગિરીશ ગણાત્રા

અંગત વ્યક્તિઓનું અચાનક મિલન આનંદની સીમા વટાવી દે છે. મહેન્દ્ર મને આ જ રીતે મળી ગયો. રસ્તા પરના ટ્રાફિક સિગ્નલની લાલ લાઈટે મારા સ્કૂટરની ગતિ થંભાવી દીધી તો પાછળ આવતું મહેન્દ્રનું સ્કૂટર પણ લગભગ પાસે જ આવી ઊભું રહી ગયું. મારા પર નજર પડતાં જ એ શુદ્ધ સૌરાષ્ટ્રની ભાષામાં બોલી ઊઠ્યો -

'આલેલેલે ! આનું નામ દોસ્તી. જેને યાદ કરો ને એ હાજરાહજૂર થઈ જાય એનું નામ દોસ્ત...'

'ઘણા વખતે દેખાયો ? આમ કયાં ઊપડ્યો ?'

'તારે ત્યાં. પણ હવે નહિ આવું. જો હમણાં લીલી લાઈટ થશે. પેલા સામે દેખાતા બહેરા-મૂંગા છાત્રાલયનાં દરવાજા પાસે ઊભો રહે. હું ત્યાં આવું છું. તે વખતે બધી વાત કરીશ...હાકલા છે ને ?'

હું કંઈ જવાબ આપું તે પહેલાં સિગ્નલ મળ્યું. બધાં વાહનો ઘરૂરાટી કરી ઝડપમાં આવી ગયાં. મેં મારા સ્કૂટરને મહેન્દ્રે સૂચિત કરેલી ઈમારત પાસે ઊભું રાખ્યું. મહેન્દ્ર પાછળપાછળ. મારા સ્કૂટર પાસે એણે એના સ્કૂટરને ઊભું રાખી ડીકી ખોલતાં ખોલતાં બોલ્યો -

'દોસ્ત તે આનું નામ. તેં મારો એક મોટો ફેરો બચાવી દીધો' કહી એણે મારા હાથમાં કાર્ડ મૂક્યું.

'શાનું છે ?'

'બંગલાનું વાસ્તુ છે. એનું આ નિમંત્રણ-કાર્ડ. સહકુટુંબ સાથે ભોજન લેવાનું છે....'

'યાર, આવી રીતે તે નિમંત્રણ અપાતું હશે ? ઘેર આવીને કાર્ડ આપવાનું હોય, આવાં શુભ કાર્યોની વધાઈ આપવા મીઠું મોઢું કરવાનું હોય ને....'

'તારે મારું મોઢું મીઠું કરાવવું છે ને ? તો એક અડધો કપ ચા આ બાજુની રેંકડીએથી મંગાવીને પાઈ દે. એમાં બધું આવી જશે. જો આગ્રહ કરવાનો આગ્રહી હોય તો તારા ઘરના દાદરા ચડું, નહિતર આ નિમંત્રણ-પત્રિકાને રૂબરૂ ઘેર આવીને આપી ગયો છું એવું માનીને આવી જજે.'

આ મહેન્દ્ર કૉલેજકાળનો દોસ્ત. દોસ્ત તે એવો કે જરાક જેટલું કામ ચીંધ્યું હોય તો



અડધી રાતે દોડીને કરી આપે એવો. આમેય એ ખંતીલો ને હોંશીલો. ભણતો ત્યાં સુધી લીલાલહેર કરતો પણ ભણી લીધા પછી જેવો એ બાપની સાથે ધંધામાં જોડાયો કે ધંધાના કામમાં રાત માથે લે એવો. એના પિતા શિવલાલભાઈ પણ મહેન્દ્રની કામગીરીનાં વખાણ કરતા થાકે નહિ. મહેન્દ્રે ખરેખર પિતાના ધંધાને આગળ ધપાવ્યો હતો.

ચાના કપને ન્યાય આપ્યા પછી પૂછ્યું -

'હવે કઈ તરફ ?'

'પપ્પાના એક ખાસ દોસ્ત છે, મોતીકાકા. એમને અને હીરાકાકીને રૂબરૂ આમંત્રણ આપવું પડે એમ છે. એ છે જરા ટચી. જોકે હું આ વાસ્તુની પત્રિકા આપીશ તો એ માન્ય નહિ રાખે. પત્રિકા વાંચતાવાંચતા કહેશે-તારો બાપ કેમ ન આવ્યો ? અને તુંય આવ્યો તે ઊભા ઊભા. વહુને લઈને રાત્રે બેસવા આવવું જોઈએ ને ! પપ્પાના એ બાળપણના દોસ્ત છે પણ છે એક નમૂનો.....' એણે મને મોતીકાકાનું સરનામું કહ્યું. મેં એ મોતીકાકાનું સરનામું સાંભળી કહ્યું -

'એના બંગલાથી ડાબી બાજુના રોડ પર આવો કે....'

'ખબર છે, ખબર છે ભઈલા કે તારું ઘર ક્યાં આવ્યું ! કેટલીય વખત તો આવી ગયો છું...હા, એક કામ કર. તું મારી જોડે આ મોતીકાકાને ઘેર આવે તો પછી રૂબરૂ તારે ઘેર આવીને ભાભીને આગ્રહ કરી જાઉં.'

અમે બંનેએ મોતીકાકાના બંગલા પાસે સ્કૂટર પાર્ક કર્યું તો પહેરણ-લેંઘામાં સજ્જ મોતીકાકા દાડિયાઓને સૂચન આપી રહ્યા હતા. એના ઘરના મુખ્ય દરવાજાને હટાવી ત્યાં ભીંત ચણાઈ રહી હતી.

આમંત્રણ પત્રિકાની દસ-પંદર મિનિટની ચર્ચાને અંતે મહેન્દ્રે પૂછ્યું-

'કાકા, ઘરમાં ફેરફાર કરાવો છો કે શું ?'

'હા ભાઈ, ઘરમાં બરકત આવતી નથી એટલે પ્રવેશદ્વાર જે ઉત્તરાભિમુખી છે એને પૂર્વાભિમુખ કરાવું છું.'

'પણ આ તે કેવું લાગશે ? ઝાંપો ઊઘડતાં જ પૉર્ચ અને પૉર્ચ પછી સીધો દીવાનખંડમાં પ્રવેશ ! આ તો ગરનો મુખ્ય દરવાજો પાછલે ભાગે આવે છે !'

'જો ભાઈ, તમે બંગલો બંધાવ્યો હશે ત્યારે તમારા આર્કિટેક્ટે તમને કહ્યું જ હશે ને કે વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણ ઘરનો દરવાજો હંમેશાં પૂર્વાભિમુખ હોવો જ જોઈએ...'

'પપ્પા તો આવું બધુ માનતા નથી. કૉર્પોરેશને જે રીતે રસ્તો બંધાવ્યો છે એ મુજબ સૌના દરવાજા રસ્તા તરફ જ રહે છે. એમ તો અમારી સામેની લાઈનના બંગલાના દરવાજા અમારી તરફ પડે છે.'

'એ બધા ડફોળ છે, ડફોળ. વાસ્તુશાસ્ત્રમાં ઘરના જે મંગલ ખૂંટાઓ દર્શાવ્યા છે એ મુજબ ઘરનું બાંધકામ ન કરાવો તો ઘરમાં બરકત ક્યાંથી આવે? આમ આવ, અહિં અંદર ...હવે જો અહીં બેડરૂમ હતો ત્યાં રસોડું કરી નાખ્યું...'

'પણ કેમ?'

'બેડરૂમમાં તે ખાળકૂવાની લાઈનની દિશા હોય ખરી? રાત્રે બધાં અસૂરી તત્ત્વો એ વાટે ઘરમાં પ્રવેશ કરે એટલે આ ભાગમાં રસોડું કર્યું ને પેલા ભાગમાં રસોડાની જગાએ બેડરૂમ કર્યો.'

'પણ એ બાજુ હવા-ઉજાસ....'

'હવા-ઉજાસ શું કરવા છે મારા ભાઈ. એક બારી છે તે બસ છે. ત્યાંથી હવા આવ-જા કરશે પણ ખાળકૂવાની દિશા નહિ ને?'

એ દિવસે મોતીકાકા પાસેથી વાસ્તુશાસ્ત્રના કેટલાક નિયમો જાણ્યા. જોકે એનાં પત્ની હીરાબહેન તો પતિની આવી બધી હરકતોથી કંટાળી ગયાં હતાં. એણે મહેન્દ્ર પાસે બળાપો વ્યક્ત પણ કરી લીધો કે છેલ્લા છ-આઠ મહિનાથી હું આ ઘરમાં સવારસવારના કડિયા-દાડિયાનું જ મોઢું જોઉં છું. સાંજે એ જાય પછી ઘરમાં રેતી-સિમેન્ટનું ઝાડું કાઢી કમરના કાંટિયા તૂટીં ગયા છે.

મોતીકાકાને ઘેરથી નીકળ્યા પછી મેં મહેન્દ્રને પૂછી લીધું કે કાકા આ શાસ્ત્રમાં ક્યારથી માનતા થયા છે? બંગલો બંધાવ્યો ત્યારે આ બધાનું ધ્યાન કેમ ન રાખ્યું કે હવે બંગલાના ઘાટઘૂટને કદરૂપો બનાવે છે. મહેન્દ્રે કહ્યું-

'આ બંગલો તો એના બાપદાદાના વખતનો છે. મોતીકાકાના પિતા મિલમાલિક હતા. એ વખતે એણે આ બંધાવ્યો. એ પછી તો મિલ માંદી પડી અને સરકારમાં ગઈ. સરકાર પાસેથી જે વળતર મળ્યું એમાંથી કોઈને બીજો ધંધો કરતા ન આવડ્યું. એના બન્ને છોકરાં ભાગ લઈને છૂટા પડી ગયા છે ને રેડીમેડ કપડાનું નાનું-મોટું કામ કરે છે. કાકાની પરિણીત છોકરી હવે દસ વર્ષના લગ્નસંસાર પછી એના છોકરાને લઈ માવતરને ઘેર પાછી આવી છે. કાકાના નાના છોકરાને અકસ્માત થયો તે ચાળીસ દિવસ પ્લાસ્ટરમાં પગ રાખવો પડ્યો...પણ દોસ્ત, એક વાત કહી દઉં. કોઈ પણ શ્રદ્ધા-અંધશ્રદ્ધા ફેલાવવી હોય તો કાકાને ગળે વાત ઉતરાવી દો. બસ પછી આ વાત ફેલાવવા કાકા જેવું બીજું કોઈ ઉત્તમ માધ્યમ તમને નહિ મળે. કાકાને ઘરમાં કેમ બરકત નથી આવતી એ વાત ગામ આખું જાણે છે પણ કોઈ જ્યોતિષે એને આ બંગલાની જમીનનો ફળાદેશ જોઈ વાસ્તુશાસ્ત્રને ચાળે ચડાવી દીધા તે બસ, કાકા કોઈ વાસ્તુશાસ્ત્રીનું પૂંછડું પકડી ઘરમાં ફેરફાર કરાવી કૉન્ટ્રાક્ટરને બરકત કરાવતા થઈ ગયા છે.'

વાસ્તુને દિવસે મહેન્દ્રના બંગેલ ગયો. મહેન્દ્રના પિતા શિવલાલભાઈ કોઈ શાસ્ત્રમાં માનતા નહિ. જ્યોતિષશાસ્ત્રમાં પણ નહિ એટલે કે આ વાસ્તુને દિવસે એણે ઘરમાં કોઈ હોમ-હવન કે પાઠ કરાવેલા નહિ. એમના કુટુંબના આરાધ્ય દેવની આરતી કહી. દીવો પ્રગટાવી, આપ્તજનોને જમવા બોલાવેલા. આને પણ હરખનો પ્રસંગ જ ગણ્યો હોવાથી વાસ્તુ નિમિત્તે જે શુકન કરાવવું જોઈએ એનું નાણું પણ ન લીધું. એ હસીને સૌને કહેતા રહેતા કે ભઈ, સરનામામાં થયેલા ફેરફારની નોંધ લેવા જ જમવા બોલાવ્યા છે. બાકી બધું ઉપરવાળો જાણે. પૂજાપાઠમાં ખર્ચ કરવાને બદલે એ રકમ અંધશાળાને આપી દીધી. આપણે તો અંધ નથી ને!

બંગલો ખરેખર સરસ હતો. એના આર્કિટેક્ટે ઝીણીઝીણી વસ્તુનો ખ્યાલ રાખી, સુવિધાવાળો બનાવેલો. ફર્નિચર પણ એ જ મુજબનું તૈયાર કરાવેલું પણ એ દિવસે પત્ની સાથે હાજર રહેલા મોતીકાકાને આ બંગલાનું બાંધકામ જરાય પસંદ ન પડ્યું. એણે પૂજાનો રૂમ જોઈ શિવલાલભાઈને ખખડાવી નાખ્યા-

'અરે ડફોળ, ઈશ્વરની મૂર્તિ દક્ષિણ દિશા તરફ? આવા તે અપશુકન થતા હશે ખરા?'

શિવલાલભાઈ માત્ર હસ્યા. એ એના બચપણના આ મિત્રને જાણતા હતા.

મોતીકાકાને ખરેખર દુઃખ તો ત્યારે થયું કે જ્યારે બંગલાનો દરવાજો પશ્ચિમ તરફ રખાયો હતો! શિવલાલભાઈનો એક જ જવાબ હતો- એ જે દિશામાં ઊઘડતો હોય પણ ઊઘડે છે ને ! એ ઊઘડ્યો ત્યારે તો તમારા બધાનાં પગલા આ ઘરમા થયાં.

મહેમાનોએ બંગલાના પોર્ચમાં બુફે ડીનર લીધું. શિવલાલભાઈ પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરી સૌએ એક પછી એક વિદાય લીધી. બંગલાના પોર્ચમાં બંધાવેલા હીંચકા પર શિવલાલભાઈ અને મોતીકાકા ગોઠવાયા. સ્ત્રીવર્ગ રસોડામાં પરોવાયો. હું, મહેન્દ્ર, મહેન્દ્રના મોટા ભાઈ અને બીજા બે-ત્રણ પરિચિતો પોર્ચમાં ખુરશી નાંખી બેઠા હતાં ત્યારે મોતીકાકાએ ફરી બંગલાના બાંધકામની વાત ઉખેળી. એને મન આ આખાય બંગલાનું બાંધકામ ભૂલભરેલું લાગ્યું. પોતાના મિત્રને એક પછી એક ભૂલ દર્શાવતા એણે ઉમેર્યું.

'શિવા, તેં મને કીધું હોત તો મેં બંગલાના બાંધકામ પહેલાં જ જમીનની શુકન કઢાવી આપ્યા હોત. જે પ્લોટ પર આ બંગલો બંધાવ્યો છે એ જમીન શુકનવંતી છે?'



ની

'છે ને !' શિવલાલભાઈએ હસીને કહ્યું.

'કોણે કહ્યું ? કયા જ્યોતિષીએ આ જોઈ આપ્યુ ?'

'મોતિયા, જોષી તો કોઈ નહોતો...'

'તો પછી કેવી રીતે ખબર પડી કે જમીન ફળવાળી છે ?'

'આ મારી બાજુનો બંગલો પ્રોસસિંગ યુનિટવાળા ભણસાળીનો છે. તું તો એને ઓળખે છે. ડાબી બાજુનો બંગલો વેરહાઉસવાળા ગુપ્તાનો છે. એના પછીનો બંગલો કાંતિભાઈ શેઠનો છે. આજુબાજુ અને સામેની લાઈનના બંગલાવાળા બધા સાધનસંપન્ન સુખી પરિવારના છે. એ બધાએ તો ક્યારનાય મકાનો ઊભાં કરી દીધાં છે. એનું જોઈને મેં પણ ઝંપલાવ્યું. હવે એ બધા પૈસાવાળા છે, સુખી છે તે જમીન શુકનવાળી ખરી ને !'

'એમની વાત એ જાણે. હું તારૂં પૂછું છું.'

'મેં એ બધાને પૂછ્યું. અહીં કોઈ તકલીફ નથી. હવા-ઉજાસ સારાં છે ટંટા-ફિસાદ નથી. બધા શાંતિથી રહે છે, ધંધા-પાણી કરે છે ને સુખી છે. આટલું જાણ્યા પછી જ્યોતિષ પાસે જવાની શું જરૂર ? પણ મોતી, હું તને પૂછુ છું કે આ બધાને ચાળે ચડી તું વળી તારા બંગલાની કિંમત શું કામ ઘટાડે છે ? મહેન્દ્રે મને વાત કરી કે તેં રસોડું-બેડરૂમ બદલાવ્યાં.'

'હા. વાસ્તુશાસ્ત્ર પ્રમાણે એ ખોટે સ્થાને હતાં.'

'તું જાતે જ ખોટા સ્થાને છે મોતિયા. જે શાસ્ત્ર આપણા દેશનું નથી તેમાં તું માને છે.'

'કોણે કહ્યું કે વાસ્તુશાસ્ત્ર આપણા દેશનું નથી ?'

'સિકંદરે.' શિવલાલભાઈએ હસતા-હસતા કહ્યું, 'સિકંદરે આપણા દેશ પર ચડાઈ કરી ત્યારે ગ્રીસથી આ શાસ્ત્ર આપણા દેશમાં લઈ આવ્યો. આ વાસ્તુશાસ્ત્ર પણ આ સ્થપતિઓ જ લઈ આવ્યા છે. કાલે ઊઠીને કોઈ ફંગ શ્યુઈ શાસ્ત્રવાળો કહેશે કે ઘરનું અમુકતમુક ફર્નિચર અમુક રીતનું હોય અને એ ઘરની અમુક બાજુ રાખો તો ઘરમાં બરકત આવે. આપણા દેશમાં કેટકેટલાય મહાન માણસો થઈ ગયા, એમાં પૈસાદારો છે, વિદ્વાનો છે, પંડિતો છે, સંગીતકારો છે અને ગાંધીજી જેવી વિભૂતિઓ પણ છે. એ બધાના ઘરના દરવાજા જઈને જોઈ આવ કે કઈ દિશામાં છે ?'

'પણ મારા ઘરમાં બરકત નથી એનું શું ?'

'એનું કારણ તારી આવડત. તારો બાપ કમાયો અને આ બંગલો બંધાવ્યો તે પહેલાં તમે જે જૂના ઘરમાં રહેતા હતા એની દિશા કઈ તરફની છે તે તું પહેલા તપાસી લે. તેં જરા અક્કલ હોંશિયારી વાપરી હોત તો તારી પાસેથી મિલ ચાલી ગઈ ન હોત, તારા છોકરાંઓ જો મારા મહેન્દ્ર-નરેન્દ્ર જેવા મહેનતું હોત તો ક્યાંના ક્યાં નીકળી ગયા હોત. વેવાઈ જોડે સમતાથી કામ લીધું હોત તો પરણેલી દીકરી માવતરે પાછી ન ફરી હોત. હું જે જે શાસ્ત્રોને માનું છું તેનાં નામ લખી લે. એક તો અક્કલશાસ્ત્ર. બીજું મહેનતશાસ્ત્ર, ત્રીજું ધીરજશાસ્ત્ર' ચોથું હૈયાઉકલતશાસ્ત્ર, પાંચમું લગનીશાસ્ત્ર... ગણાવું બીજા ? આ બધાં શાસ્ત્રોને લઈને આજે આ બંગલો ઊભો થયો છે. હજુંય કહું છું કે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી, આખો દહાડો ઘેર પડી રહેવાને બદલે હાથપગ ને બુદ્ધિને કામે લગાડ. પછી જો કેવી બરકત આવે છે ! બોલ, કંઈ કહેવું છે ? તારી જોડે શાસ્ત્રાર્થ કરવા તૈયાર છું.'

મોતીકાકા શું બોલે ?

મહેન્દ્રે મને કાનમાં ધીમેથી કહ્યું -

'બાપુજીની આ વાત જો કાકાને ગળે ઊતરી તો જોઈ લેજે કે કાલે એને ઘેર કડિયા-દાડિયા આવે છે કે કેમ. એ બાજુ સ્કૂટર લઈને જશે તો ખબર પડી જશે.'

---

# ઑફિસર

સ્વિટ્ઝર્લેન્ડની રેલવે જેવું કોઈ ટાઈમટેબલ નહીં. ચપટીમાં તમે બધું જ જોઈ શકો. ગાડીમાંની સગવડો - જમવાનું, સૂવાનું વગેરેની બહુ ઝીણવટથી, કુનેહથી અને મુસાફરની અનુકૂળતાનો પહેલો ખ્યાલ રાખીને અહીં ટાઈમટેબલો બનાવવામાં આવે છે.

ટાઈમટેબલ હાથ ચડ્યું, એટલે આપણે તો રાજા ! ગાડી ઊપડી, કે એનો અભ્યાસ શરૂ. એમાં જોયું તો અમુક એક ગાડી ડો ત્રણ મિનિટ મોડી ઊપડે તો લોઝાંમાં મારસેલ્સથી આવતા મુસાફરોને વધુ સગવડ પડે એમ હતું, અને બીજી બાજુ એ ગાડી જરા મોડી થાય તો કશો વાંધો આવે તેમ નહોતું. મોન્ત્રોમાં એક 'ક્રોસિંગ'માં માત્ર એક ગાડીને જરા થોભવું પડે.

કાગળ-પેન્સિલ લઈને હું એની મથામણ કરી રહ્યો હતો, ત્યાં સામે બેઠેલા એક સાહેબે હસીને મને પૂછ્યું કે કંઈ તકલીફ છે ? તો મેં કહ્યું, ના, આ ટેબલમાં કંઈક દુરસ્તી થઈ શકે તેમ મને લાગે છે. પેલો તો નીકળ્યો રેલવેનો કોઈ મોટો ઑફિસર (અલબત્ત, થઈ ક્લાસમાં) ! એણે ડોળો ચડાવ્યો, મારી વિગતો તપાસી, જોરથી શેકહેન્ડ કરી ખૂબ ખુશી બતાવી, અને એ ઊતરવાનો હતો વચ્ચે ફ્રીબોર્ગ ત્યાં એક ટ્રેન જેટલું ઊતરવા મને વિનંતી કરવા લાગ્યો. હું ઊતર્યો. નજીકના રેસ્ટોરાંમાં એ મને ચા પીવા લઈ ગયો, ત્યાં અમે ખૂબ વાતો કરી. તે પછી એણે મારા રેલ-પાસ પર બધી મુસાફરી સેકન્ડ ક્લાસમાં કરી શકાય એવા પોતાના દસ્તકે શેરા મારી આપ્યાય ઉપરથી મારો ખૂબ આભાર માની, બીજી ટ્રેન પર મને વળાવીને એ ગયો.

**- ચન્દ્રવદન મહેતા**



# ભગવાનની કાબેલિયત

ડૉ. આઈ. કે. વીજળીવાળા

એક ચર્ચની પાછળ આવેલ આસોપાલવ જેવા એક પાતળા ઊંચા ઝાડ પર બિલાડીનું સાવ નાનકડું બચ્ચું ચડી ગયું હતું. ચર્ચના પાદરી તેમ જ એમનો મદદનીશ માણસ એને ઉતારવાની કોશિશ કરી રહ્યા હતા. પરંતુ એમની કોશિશ કરી રહ્યા હતા. પરંતુ એમની કોશિશથી ગભરાઈ ગયેલું બચ્ચું વધારે ઊંચે ચડી જતું હતું. અચાનક પાદરીને એક વિચાર આવ્યો. ઝાડની સહેજ ઊંચેની ડાળી સાથે એક દોરી બાંધીને એનો બીજો છેડો એમણે જીપના બમ્પર સાથે બાંધ્યો. પછી એમણે એમના મદદનીશને જીપ ધીમે ધીમે પાછળ લેવાનું કહ્યું. ઝાડ સારું એવું નમી જાય તો પોતે એ બચ્ચાને પકડી લે એવો એમનો વિચાર હતો.

પાદરી નમી રહેલા ઝાડ પાસે ઊભા રહ્યા. એમનો મદદનીશ ધીમે ધીમે જીપને પાછળ લેતો જતો હતો. ઝાડની ટોચ હવે પાદરીથી ત્રણેક ફૂટ જ દૂર રહી હતી. ઝાડ થોડુંક જ વધારે નમે તો બિલાડીનું બચ્ચું એમના હાથમાં આવી જાય તેમ હતું. અચાનક જીપના બમ્પર સાથે બાંધેલી દોરી તૂટી! ગોફણમાંથી ગોળો છૂટે એમ પેલું બચ્ચું ઊડીને બાજુના ઘર ઉપર થઈને ક્યાંક દૂર ફેંકાઈ ગયું. પાદરી અને એમના મદદનીશે આજુબાજુમાં ઘણી શોધખોળ કરી. પરંતુ એનો કયાંય પત્તો લાગ્યો નહીં. અંતે સાંજ પડતા પાદરીએ પ્રયત્નો પડતા મૂક્યા અને જેણે એને બનાવ્યું હતું એ ભગવાનને જ એની કાળજી લેવા પ્રાર્થના કરી.

બે-ચાર દિવસ પછી ઘરવપરાશની થોડી ચીજો ખરીદવા માટે પાદરી બાજુના ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં ગયા. અચાનક એમનો ભેટો એક મહિલા જોડે થઈ ગયો. એ મહિલા એની બિલાડીઓ તરફની નફરત માટે આખા વિસ્તારમાં જાણીતી હતી. બિલાડીઓના નામથી પણ એને સૂગ હતી. ફાધરને નવાઈ એ વાતની લાગી કે એ મહિલા બિલાડીઓ માટેનો ખોરાક (કેટ ફૂડ) ખરીદી રહી હતી. ફાધરે આશ્ચર્ય સાથે એને આ ફેરફારનું કારણ પૂછ્યું.

ફાધર! તમે ખરેખર મારી વાત નહીં માનો! એ સ્ત્રીએ વાત શરૂ કરી. તમને તો ખબર જ છે કે મને બિલાડીના નામથી પણ નફરત છે. બરાબર! અને આજે હું આ બિલાડીઓ માટેનો ખોરાક ખરીદી રહી છું એની તમને નવાઈ પણ લાગતી હશે, ખરું?

ફાધરે માથું હલાવીને હા પાડી.

પરંતુ ફાધર હકીકત એવી જ કંઈક બની છે કે તમે કદાચ નહીં માનો! મારી નાની દીકરી રોજ જીદ કરતી કે હું એને એક બિલાડી પાળવા દઉં. હું કાયમ એને ના પાડું. પરંતુ એ દીકરીને પ્રાણીઓ માટે અનહદ પ્રેમ છે. ચારેક દિવસ પહેલાં એણે બિલાડી લાવવાની ખૂબ જ જીદ કરી. મારી ના સાંભળીને એ ખૂબ જ રડી. એટલું રડી કે મને પણ દયા આવી ગઈ. એટલે એને સમજાવવા માટે મેં કહ્યું કે અમે તો બિલાડી નહીં લાવી દઈએ. પરંતુ ભગવાન જો આકાશમાંથી એને એકાદ બચ્ચું આપે તો એ જરૂર રાખી શકશે! એ દીકરીને મારા જવાબથી ખૂબ સંતોષ થયો હોય એવું મને લાગ્યું. મારી નજર સામે જ એ બગીચાની લોનમાં બેસી ગઈ અને આકાશ તરફ મોં કરીને બોલ કે. 'હે ભગવાન! મારા માટે બિલાડીનું એક નાનકડું બચ્ચું મોકલી આપ! હું એને ખૂબ જ પ્રેમ કરીશ અને એનું ધ્યાન રાખીશ. આમીન!' અને ફાધર! તમે ખરેખર નહીં માનો! બરાબર એ જ વખતે મારી દીકરીની સામે પડેલા ઘાસના ઢગલામાં બિલાડીનું એક બચ્ચું આકાશમાંથી આવીને પડ્યું! બોલો! અને આજ ચાર દિવસથી એ અમારા ઘરનું સભ્ય બની ગયું છે!' એ સ્ત્રીએ વાત પૂરી કરી. ચાર દિવસ પછી પણ એનું આશ્ચર્ય ન શમ્યું હોય તેવા ભા સાથે એ સ્ત્રી ત્યાંથી વિદાય થઈ.

પણ ફાધર ભગવાનની યોગ્ય સમયે પ્રાર્થનાનો જવાબ આપવાની કાબેલિયતને બીરદાવતા ખાસ્સી વાર સુધી ત્યાં જ ઊભા રહ્યા.

❖❖❖

**આપણે તો, ભાઈ –**

*સઘળા સુખે સૂઈ રહે છો,*
*આપણે તો, ભાઈ! જાગતાં રે'શું;*
*સાદ પાડીને શેરીએ શેરીએ*
*ઊંઘતાંનેય જગાડતાં રે'શું.*
*ઝાંઝ લેશું, કોઈ તબલાં-થાળી,*
*કોઈ પેટી, કોઈ વાંસળી લેશું,*
*ચૌટે ચૌટે સાથ મળીને*
*મન મૂકી વગાડતાં રે'શું;*
*ગામ આખાને સાથમાં લેવા*
*ગીતથી ગામ ગજાવતાં જાશું.*

**– શોભન વસાણી**

# વયથી તો વધતા બધા, વિકાસ સાધે વિરલા !

**હરિભાઈ કોઠારી**

'જીવન' શબ્દના ત્રણ અક્ષરોમાં જ જીવનનું રહસ્ય સમાયેલું છે. (જીવત, વર્ધતે, નમતિ) 'જીવવું', 'વધવું' અને 'નમવું' એનું જ નામ જીવન. માણસે સાચા અર્થમાં જીવવું જોઈએ, એટલું જ નહીં, પણ દિનપ્રતિદિન વધતા જવું જોઈએ. 'દિન દૂના, રાત ચૌગુના' એ વાત વયની જોડે વિકાસને પણ લાગુ પડવી જોઈએ.

અક્કલનું વયની સાથે વધવું જરૂર તો નથી,
વાળ તો તડકે તપીનેય ધોળા થઈ શકતા !

વાળ ધોળા થવા એ વાર્ધક્યની નિશાની છે, પણ ચારિત્ર્ય ઉજ્જ્વળ હોવું એ વિકાસનો પરિચય છે. માણસે મૂલ્યનિષ્ઠ જીવન જીવવાનો આગ્રહ સેવવો જોઈએ. વયની જોડે જોડે માણસ વિચાર, વાણી, વર્તન, વૃત્તિ, અનુભવ, ભાવ, સમજદારી, સૌજન્ય વગેરે બધી બાબતોમાં પરિપક્વ થવો જોઈએ. કાળા વાળમાં જો અવિવેકનો અંધકાર હોય તો સફેદ વાળમાં પરિપક્વતાનો પ્રકાશ જોવા મળવો જોઈએ.

તત્ત્વજ્ઞાન માણસને જીવનનું સાચું દર્શન કરાવે છે. કેવળ વાદવિવાદ એ તત્ત્વજ્ઞાનનું પ્રયોજન નથી. સાચું તત્ત્વજ્ઞાન તો માનવના વિસંવાદી જીવનમાં સંવાદનું સંગીત સર્જે છે. તત્ત્વજ્ઞાન કંઈ કેવળ હવાઈ વાતો નથી, એ તો છે જીવનને હળવાશથી જીવવાનો અનોખો અભિગમ. સાચા તત્ત્વજ્ઞાની જીવનશૈલી સર્વત્ર 'સત્યમ્, શિવમ્, સુંદરમ્'ની હવા ઊભી કરે છે.

વેદાન્ત આપણને 'પંચકોષવિવેક' શીખવાડે છે, પરંતુ તેની જીવનાભિમુખતાને વીસરીને આપણે આડીઅવળી વાતોમાં



અટવાઈ જઈએ છીએ. તત્ત્વજ્ઞાન જીવનસ્પર્શી હોવું જોઈએ. જીવનનો સ્પર્શ પામીને જ તત્ત્વજ્ઞાન સુગમ બને છે. પ્લેટોએ યોગ્ય જ કહ્યું છે કે, 'અક્ષરો મરેલા છે! (લેટર્સ આર ડેડ). જીવંત માનવીનો સ્પર્શ પામીને જ શાસ્ત્રો જીવંત બને છે. 'ધર્મો રક્ષતિ રક્ષિત:' 'રક્ષાયેલો ધર્મ આપણી રક્ષા કરે છે.' આપણે જો ધર્મને જીવન આપશું તો ધર્મ આપણને જીવન આપશે. પ્રાણવાન લોકો દ્વારા આચરાયેલો પ્રાણવાન ધર્મ જ રાષ્ટ્રને પ્રાણવાન બનાવે છે.

અન્નમય કોષ, પ્રાણમય કોષ, મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ - આ પાંચેપાંચ કોષોનો યથોચિત્ વિકાસ થવો જોઈએ. આની શાસ્ત્રીય પરિભાષામાં ન પડતાં જીવનલક્ષી દષ્ટિએ આનો વિચાર કરીએ તો અન્નમય કોષ એટલે અસ્તિત્વ, પ્રાણમય કોષ એટલે અસ્મિતા, મનોમય કોષ એટલે ભાવના, વિજ્ઞાનમય કોષ એટલે વિવેક અને આનંદમય કોષ એટલે સમતા.

અસ્તિત્વ, અસ્મિતા, ભાવના, વિવેક અને સમતા એ પાંચ માનવજીવનનાં પાંચ અમૂલ્ય રત્નો ગણી શકાય. માણસે પોતાનું અસ્તિત્વ ટકાવવું જોઈએ અને સારી રીતે ટકાવવું જોઈએ. અસ્તિત્વ ટકાવવા માટે રોટી, કપડાં અને મકાનની આવશ્યકતા રહે છે, તે માણસને પ્રાપ્ત થવી જ જોઈએ. આ વાતોની કોઈને અછત ન રહે એ રીતની સમાજ તેમ જ શાસનવ્યવસ્થા હોવી જોઈએ.

ઉપનિષદ કહે છે 'અન્નં બહુકુર્વીત!' પુષ્કળ અન્ન નિર્માણ કરવું જોઈએ. અન્ન એ બહુ મોટી શક્તિ છે. મોટાં મોટાં રાષ્ટ્રો પણ અન્નના અભાવે મોહતાજ બની જાય છે. વ્યક્તિજીવન તેમ જ સમાજજીવનમાં પણ અન્નનું ખૂબ જ મહત્ત્વ છે. શ્રુતિ તો અન્નને બ્રહ્મની ઉપમા આપે છે. 'સંર્વારંભાસ્તાંડુલપ્રસ્થમૂલા' એમ કહેનાર કાલિદાસ કે 'ભૂખે ભજન ન હોય ગોપાલા' એમ કહેનારા સંતો અન્નના મહિમાને જાણતા હતા. ભૂખ્યા માણસો પાસે ભાષણો ભરડ્યે રાખવાં એ એક પ્રકારનો માનસિક અત્યાચાર છે.

અસ્તિત્વ માટે વલખાં મારતા માનવોને અસ્મિતાનો ઉપદેશ આપવો એનાથી મોટો ઉપહાસ બીજો કયો હોઈ શકે ? ભૂખ લાગી હોય ત્યારે વ્યાકરણ ખવાતું નથી અને તરસ લાગી હોય ત્યારે કાવ્યરસ પીવાતો નથી. અન્નમય કોષ અર્થાત્ દેહની પુષ્ટિ થવી જોઈએ. અસ્તિત્વ હશે તો એને બીજી વાતોથી અલંકૃત કરી શકાશે. કોઈ પણ માણસ ભૂખ્યો કે તરસ્યો ન રહેવો જોઈએ, તેથી જ આપણે ત્યાં અન્નક્ષેત્રો તેમ જ પરબોનું આયોજન કરવામાં આવે છે. કાગડા, કૂતરાં, ગાય, કબૂતર વગેરેને પણ

ખવડાવવાનો આદેશ આપનારી આપણી સંસ્કૃતિ છે.

રક્તદાન, નેત્રદાન, દેહદાન વગેરે પ્રવૃત્તિઓ પણ અન્યના અસ્તિત્વને માટે ઉપકારક છે. માણસના અસ્તિત્વરક્ષણની સુબદ્ધ વ્યવસ્થા પછી એની અસ્મિતા જગાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. પ્રાણમય કોષની ઉપાસના માણસને પ્રાણવાન બનાવે છે. માણસ દીન, દૂબળો કે લાચાર ન થવો જોઈએ. સહાય કરીને માણસને અસહાય બનાવવાનો નથી. સહયોગ એવો જોઈએ કે માણસ ધીરેધીરે પોતાનું યોગક્ષેમ પોતે ચલાવતો થઈ જાય.

'સદાવ્રત ખોલનારને પુણ્ય પ્રાપ્ત થાય, પરંતુ એમાં જમનારને પાપ લાગે' એવી આપણી શાસ્ત્રાજ્ઞા સમજવા જેવી છે. નછૂટકે જ માણસે સદાવ્રતમાં જમવા જવું જોઈએ. મફતનું મળે છે માટે મેળવી લેવું અને મહેનત ટાળવી એ વૃત્તિ પ્રશસ્ય નથી. આપનારમાં ઔદાર્ય અને લેનારમાં સંકોચ નિર્માણ કરનારી આપણી સંસ્કૃતિ છે. ખલીલ જિબ્રાને એક ઠેકાણે સરસ વાત કહી છે કે, 'શક્તિથી વધારે આપવામાં દિલેરી છે તો આવશ્યકતાથી ઓછું લેવામાં ખુમારી છે.' લાભના લોભથી કે હાનિના ભયથી શ્રેષ્ઠ જીવનમૂલ્યોને જતાં કરીને અસત્ય જોડે સમજૂતી સાધવી કે હલકા લોકો જોડે હાથ મિલાવવા એમાં માનવનું ગૌરવ ક્યાં રહ્યું ? નચિકેતા જેવા નિશ્ચલ અને નિ:સ્પૃહ યુવાનો જ સંસ્કૃતિની શાન વધારી શકે.

અસ્તિત્વ અને અસ્મિતાની જોડે માણસની ભાવના પણ ટકવી જોઈએ. મનમોય કોષ માનવમાત્રને ભાવવાહી બનવાનું સૂચવે છે. ભાવના એ માનવજીવનની મહામૂલી પૂંજી છે. માત્ર સંપત્તિને જ પૂંજી સમજનાર માણસમાં બે મહાન દોષો પ્રવેશી જાય છે. (૧) તે જબરદસ્ત અહંકારી બની જાય છે. (૨) તેનામાં ભાવ-શૂન્યતા પ્રવેશી જાય છે. સંપત્તિના જોરે હું ગમે તે કરી શકું એવા મિથ્યાભિમાનમાં રાચતો માણસ સૌના ભાવને ઠુકરાવી દે છે. અહંકારની દીવાલ રચીને તે સમગ્ર વિશ્વને પોતાનાથી આઘું કરી નાખે છે. સ્નેહની સુધા ખોઈ બેઠેલો માણસ શંકા અને વહેમના વિષથી વાતાવરણને વિષાક્ત બનાવી દે છે.

માણસે કોઈ પણ સંજોગોમાં સદ્ભાવ ન ગુમાવવો જોઈએ. વિત્ત સાચવીને વ્યક્તિઓ ગુમાવવી કે મકાનો સાચવીને માણસો ખોઈ નાખવા એ ડહાપણનું કામ નથી. સતાને માટે મહત્તા, સત્તાને માટે સ્નેહ કે ભોગને માટે ભગવત્તા ગુમાવી દેનારો માણસ દુનિયાનો સૌથી મોટો કંગાળ છે. ભાવમાં જ ભગવાન વસે છે તેથી કોઈના ભાવને અવગણવો એ પ્રભુની જ અવગણના ગણાય. પ્રભુને પીડનારો પ્રસન્ન શી રીતે રહી શકે ?

વિજ્ઞાનમય કોષ વિવેકનિષ્ઠાનો સંકેત કરે છે. જીવનમાં વિવેક સર્વોપરી છે. 'સારાસાર વિવેક નહીં, તે જન મૂરખ હોય !' એ લોકોક્તિ સમજવા જેવી છે. સત્-અસત્, નિત્ય-અનિત્ય, સુખ-દુ:ખ, શુચિ-અશુચિ આ બધી વાતોનો વિવેક કરવાની ક્ષમતા માણસમાં હોવી જોઈએ. ક્ષર વાતોને માટે અક્ષર કે ક્ષણિક સુખોને માટે સનાતન સત્ય ખોઈ નાખવું એ મૂર્ખતા છે. દુર્યોધને યાદવી સેના માગી જ્યારે અર્જુને ભગવાન યોગેશ્વરને માગ્યા એ ઘટનામાં અર્જુનનો વિવેક દૃષ્ટિગોચર થાય છે. નીરક્ષીરનો વિવેક કરનારને હંસ કહેવાય છે તો સંસાર અને પરમાર્થનો વિવેક કરનારને પરમહંસ કહેવામાં આવે છે. બાહ્યાડંબર કરતાં આંતર્વૈભવને ઓળખનારો માણસ ખરા અર્થમાં વિકસિત છે. બાહ્યનિનાદ કરતાં આંતર્નાદને સાંભળનારો જ સુજ્ઞ ગણાય.

આનંદમય કોષ ચિત્તની સામ્યાવસ્થાની અપેક્ષા રાખે છે. માનસિક સમતા વગર શાંતિ નથી. ગીતાકાર તો સમત્વને જ યોગ ગણાવે છે. દુ:ખ એ આનંદનો નહીં, પરંતુ સુખનો વિરોધી શબ્દ છે. આનંદ તો સુખ તેમ જ દુ:ખ બંને અવસ્થામાં રહી શકે છે. સુખ કરતાં દુ:ખ આપણને જલદી પ્રભુની પાસે લઈ જાય છે. કુંતામાતા તો ભગવાન પાસે દુ:ખની જ યાચના કરે છે. 'સહનની આવડત હો તો દુ:ખ પણ એક દોલત છે.' સમવૃત્તિનો સંન્યાસી સુખ તેમ જ દુ:ખમાં આનંદી રહેતો હોય છે તેથી જ તો પ્રત્યેક સંન્યાસીની પાછળ 'આનંદ' શબ્દ લગાડવામાં આવે છે. આ રીતે અસ્તિત્વ, અસ્મિતા, ભાવના, વિવેક અને સમતા ધારણ કરનારો માણસ જીવનમાં સાચો વિકાસ પામ્યો છે એમ કહી શકાય.

❖❖❖

### ''સો વરસનો થા !''

આજ તો છેને એવું બન્યું -
એવું બન્યું, બા !
ચાટલામાં હું જોવા જાઉં,
શું હું જોતો આ ? -
સફેદ માથું, સફેદ દાઢી,
સફેદ મોટી મૂછો !
ગભરાઈ જતાં જતાં મેં તો
સવાલ તરત પૂછ્યો :
હસે છે મારી સામે લુચ્ચું
કોણ રે કોણ છે તું ?
ચાટલામાંથી પડ્યો પડઘો
તરત ઘડી : ''તું !''
આ તો નવી નવાઈ, આવું
બનતું હશે, બા ?
બા હસી બેવડ વળી કહે :
''સો વરસનો થા.''

**- ઉમાશંકર જોશી**

## જુલાઈ ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫–૦૬–૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**જુલાઈ ૨૦૨૬ ના અંક માટે કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024

પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.

રવિવારે તકલીફ ન આપવી.

સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી

તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.

Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.

Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.

ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.

પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું – મેમ્બરશીપ નં. અથવા અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.

# ઓળખ

હરિશ્ચંદ્ર

બહાર કાંઈક ફૂટ્યું. સુધા જાગી ગઈ. પણ ગોળીની અસર હજી આંખ પર હતી. 'બેટા, રહેવા દે, હાથમાં કાચ વાગશે.' વિશ્રામ કહી રહ્યો હતો.

'પણ પપ્પા, મમ્મી......' મુન્નીનો રડકો અવાજ.

'કાંઈ નહીં, બેટા! બીજો સેટ લઈ આવીશું. ઝટ નાહીને નવું ફ્રોક પહેરી લે. મહેમાન આવવાના છે.

નવો સેટ લાવીશું! મારા જ પૈસે બધી તાગડધીન્ના છે. મહેમાન આવવાના છે. પણ મને તો ખબરેય નથી! ના, ના, આ બધા મને મરેલી સમજે છે?- ત્યાં ફરી સંભળાયું : 'દાદી, દૂધપાકની સોડમ ટોપ!... ... પપ્પા, નવું ફ્રોક જોઈ મમ્મીને શૉક લાગશે. મમ્મી કરતાં તમારો ચોઈસ ફક્કડ!'

સુધાને થયું, દોડીને બહાર જાઉં અને આ લોકોને પૂછું કે આ બધું શું માંડ્યું છે? હજી તો મારી પૂરા પગારે માંદગીની રજા ચાલુ છે. પંદર સો રૂપિયા પહેલી તારીખે હાથમાં આવે છે. તેની છે આ બધી તાગડધીન્ના! નહીં તો વિશ્રામની આઠસો રૂપરડીથી ઘર શું ચાલવાનું?

ચાર માસથી સુધા પથારીમાં છે. રોગ કાંઈ પરખાતો નથી. ડૉક્ટર કહે છે, વિચારવાયુ. પણ આ ઘરમાં વિચાર કર્યા વિના જીવી જ શી રીતે શકાય? વિશ્રામ થોડો સમજદાર હોત તો? તદ્દન ભીતરો! આત્મવિશ્વાસનો સદંતર અભાવ. ક્યારેક ક્યારેક તો ઊબકા આવે છે આ માણસથી.

પડદો ખસેડી વિશ્રામ ધીમેથી ડોકિયું કરી ગયો. ચોર જેવો! સીધો અંદર કાં ન આવ્યો? ગાભરુ! કેટલી ઉમેદથી પોતે વિશ્રામ સાથે લગ્ન કરેલાં! દેખાવડો હતો. ડિગ્રીધારી હતો. પણ સુધાને તો ''ડેશ'' જોઈ તો હતો. માથું મારીને આગળ આવે. વિશ્રામની શાંતિ, સૌમ્યતા, વિનયશીલતા એ બધું સુધાને અકળાવી મૂકતું હતું. વળી, એને થઈ ગયું હતું કે વિશ્રામ બીકણ છે. શરૂ શરૂમાં એક વાર મોડી રાતે બંને સમુદ્રકાંઠે ફરવા ગયેલાં. મવાલી જેવા બે-ચાર માણસે કાંઈક અડપલું કર્યું. સુધાને હતું કે પોતાનો પતિ બહાદુરીથી સામનો કરશે. તેને બદલે એ તો 'ચાલ, આપણે અહીંથી જતાં રહીએ, ' કહીને ઊભો થયો! બિલકુલ ભીતરો! અરે, ઘરમાં પત્નીની નજીક આવીને જરીક બેસવું હોય તોય પાંચ વાર આઘું પાછું જોઈ લેશે, મા તો આસપાસ નથી ને!

વચ્ચે સીંગાપુર જવાની ઑફર આવેલી. મોટી પોસ્ટ મળતી હતી. પૂછતો હતો, જાઉં કે? ખરું જોતાં એણે પૂછવું જ ન જોઈએ. આવીને કહી દેવું જોઈએ, સુધા, હું સીંગાપુર જાઉં છું. પણ એ ન ગયો. આમ, સુધાની અપેક્ષા કરતાં વિશ્રામનું વ્યક્તિત્વ સાવ જુદું જ નીકળ્યું. સુધા પોતે કૉલેજમાં પ્રાધ્યાપક હતી. છતાં પતિ વિશેની એની કલ્પના તો એવી જ કે પત્ની પર એનો વટ પડતો હોય, ધાક બેસતો હોય, પત્ની કરતાં એ હંમેશા આગળ હોય. એટલે એને ભારે અસમાધાન રહેતું. તેમાં પોતાની કમાણી પતિ કરતાં લગભગ ડબલ. તેથીયે પતિ પ્રત્યે એક જાતનો હીનભાવ તેના મનમાં વસતો જતો હતો. ઘણી વાર એને થતું કે પોતે કયાંક બીજા શહેરમાં બદલી માગી લે, છોકરાંવને હોસ્ટેલમાં મૂકી દે અને સ્વતંત્ર જીવન શરૂ કરે. તેમ છતાં કોઈક એને રોકતું હતું. વિશ્રામની અત્યંત સજ્જનતાની અસરમાંથી સંપૂર્ણપણે મુક્ત નહોતું થઈ શકાતું.

વિશ્રામે ફરી ડોકિયું કર્યું. સુધાને જાગતી જોઈ અંદર આવ્યો. ખાટલામાં નજીક બેસી માથામાં હાથ ફેરવવા લાગ્યો. 'આજે મારા મેનેજરને જમવા બોલાવ્યા છે. ઊઠ, જરા હાથ-મોં ધોઈ ને તૈયાર થા. મને તેઓ બઢતી આપી બેંગ્લોર મોકલે છે. તને પણ ચેન્જ-હવાફેર થશે.'

'પણ મારી નોકરી?'

સુધાનો બરડો પંપાળતાં એ બોલ્યો, 'મને ખબર છે. તારે મારાથી દૂર રહેવું છે. હું કાયમ માટે ચાલ એમ નથી કહેતો. જરીક હવાફેર. ત્યાંથી ઊટી પણ જઈ આવજે.'

'પણ ખર્ચનું શું? મારા પૈસા તો બધા ખરચાઈ ગયા હશે!'

'તારા પૈસાને મેં હાથ નથી અડાડ્યો. બે વરસથી મને એજન્ટની પોસ્ટ અને પગાર વધારો મળેલો. માત્ર તારું અભિમાન ઘવાય નહીં તે માટે ચેક પર તારી સહી લીધા કરતો હતો.'

'મને કહ્યું જ નહીં?'

'શી રીતે કહું? તારા મનમાં મારા માટે એટલો બધો અભાવો ઊભો થઈ ગયો છે! તને મારા પર વિશ્વાસ કયાં છે? પેલી મવાલીવાળી વાત તેં જ બીજાઓને કહી હતી ને? પણ સ્થળ-કાળનું ભાન માણસે રાખવું જોઈએ. હું એકલો, એ ચાર તેમાં વળી તારી જવાબદારી!

વિશ્રામ દૃઢતાથી ને નિખાલસતાથી બોલતો હતો. સુધાનો હાથ હાથમાં લઈ કહેવા લાગ્યો : 'પણ છોડ એ બધી વાત. છોકરાંવને હોસ્ટેલમાં રાખ. તારે રહેવું હોય ત્યાં રહે. પણ ઝટ સાજી થઈ જા. તને હું આવી નથી જોઈ શકતો.'

સુધા એકી ટશે એની સામે જોઈ રહી. આજે પતિની એને નવી ઓળખ થઈ રહી હતી. એ ગદ્ગદ સ્વરે બોલી : 'મને કાંસકો આપ. મહેમાન કેટલા વાગે આવવાના છે?'

*(શ્રી શૈલજા રાજેની મરાઠી વાર્તાને આધારે)*

❖❖❖

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

સભાની ઑફિસ

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>**શ્રી નિરવભાઈ શાહ**<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>**શ્રી પ્રદીપભાઈ તુરખિયા**<br>સંપર્ક<br>**9867748120** | ડોનેશન - ફંડ<br>મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>સ્કુલ-કૉલેજ ફી<br>લોનાવલા<br>**શ્રી મિલનભાઈ**<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**


## રહસ્ય

ચીનમાં એક જમાનામાં એવું કુટુંબ વસતું હતું કે જેની નવ-નવ પેઢીઓ સુધી સાસરે જતી દીકરીઓ સિવાય બીજું કોઈ જ કુટુંબીજન ઘર છોડીને ચાલ્યું ગયું નહોતું. આવા સુખી ગૃહજીવનની ખ્યાતિ ફેલાતી શહેનશાહ સુધી પહોંચી. આ વાતનું રહસ્ય જાણી લાવવા એમણે કાસદ મોકલ્યો. કુટુંબના વડદાદાજીએ લાંબો કાગળ અને પીંછી લઈને ચીની ચિત્ર-લિપિમાં અનેક શબ્દો આલેખ્યા અને પોતાનો ઉત્તર શાહી દૂતને સોંપ્યો. પછી શહેનશાહે પોતે જ્યારે એ પત્ર-ફીંડલું ઉખેળ્યું, ત્યારે તેની પર બીજું કાંઈ નહિ પણ ''ધીરજ'' માટેનું ચિત્ર-પ્રતીક એકસો વાર આલેખાયેલું નિહાળ્યું.

**એફ.એલ. લ્યૂકસ**

# ગામની કાણે

**યજ્ઞેશ દવે**

**મો**રબીથી ઉત્તરે જીપ હંકારી. આ તરફ જેમ આગળ જાવ તેમ વૃક્ષો ઓછાં ને આછાં થતાં જાય. રસ્તામાં કંગાળ, ભાંગેલાં ગમાડાં આવે. ગામડે ગામડે લોક બહાર વસેલું. બૂંગળ, પછેડી, ચાદર, સાડલા, ફાળિયાનાં રાવટીતંબૂ આડશ બનાવીને માઘના પવનમાં સોરવાતા સોસવાતા, એકબીજાની ઓથે જીવતાં માણસો ઠંડીથી થરથર ધ્રૂજતાં હતાં... જીપ હંકારી ટીકર તરફ - આ વિસ્તારનું સૌથી ધ્વસ્ત છેવાડાનું ગામ. અહીંથી આગળ રણકાંઠો શરૂ થાય.

દૂરથી જ ટીકરની તારાજી સામે આવી. ગામ આખું બહાર. ખેતરમાં, મેદાનમાં, નદીના પટમાં. શેરીઓ તો - શેરીઓ શાની કહેવાય ? - કાટમાળના ઢગલા. ભેંકાર ભીંતડાં. બજાર આખી બંધ. બેચાર સાજંસમાં ઘર ઊભાં છે, બાકી તો બહારથી સાજાં દેખાય તેમાંય રહેવાય તેવું નથી. પડવાનું જોખમ ન હોય તેવાં તૂટેલાં ઘરમાંથી લોકો ઘરવખરી ફંફોસતા, ભેગી કરતા હતા. આવા વિપદકાળેય આ પ્રજાની નર્મવૃત્તિ ગઈ નથી. ઘરવખરી ફંફોસતાં ચશમાં, કૂકર, ખુરશી, ચા-ખાંડના ડબરા અંબાવતા હતા, ત્યાં હાથ લાગી ગંગાજળની શીશી. એક જુવાને બીજાને કહ્યું, ''આલા, લે ગંગાજળ, પી લે બે ઘૂંટડા - પછી પીવું નંઈ !''

સૂની બજાર, સૂનો રામજી મંદિરનો ચોરો, તિરાડ-તડિયાથી જર્જરિત મકાનોની દીવાલો, ઈંટ-પથ્થરોથી ભરી શેરી વટાવતાં ગામ સોંસરા નીકળ્યા પહોળા રેતાળ પટવાળી બ્રાહ્મણી નદીને કાંઠે. ગામ-છેવાડાની શેરી બહાર કાળાં કપડાંવાળી બેચાર આધેડ બાઈઓનો રોવાનો અવાજ સંભળાયો. થયું, ધરતીકંપમાં મરણ થયું હશે ને પરગામથી બાઈઓ કાણે આવી હશે. હળવું આક્રંદ કરીને બાઈઓ સામેની ડેલીમાં ગઈ. બહાર ઊભેલા ભાઈને અમે પૂછ્યું, તો કહે, ''ગામ તૂટ્યાની ખબર સાંભળીને પાવૈયાઓ ગામની કાણે આવ્યા છે. આ ડેલી ઈ ઈમનો મઠ સે.'' મઠમાં જવાય કે નહીં તે પૂછીને અંદર ગયા. આઠ-દસ પાવૈયા રોતા હતા. એ રોણું અંદરની વેદનામાંથી ફૂટેલું હતું. તેમની સાથે થોડી વાતો કરી. મઠમાં માતાજીનું સ્થાપન છે. ફળિયામાં પાળિયા છે, તે ગામને બચાવવા શૂરાપૂરા થઈ ખપી ગયેલા પાવૈયાના. એમના મોભીએ કહ્યું કે ગામનું તોરણ જ પાવૈયાના હાથે બંધાયેલું. અત્યારે તો આ પાવૈયાઓ અમદાવાદ, વીરમગામ, મહેસાણા તરફ રહે છે, પણ તેમને દીક્ષા અહીં અપાયેલી. જાત-મજૂરીએ આ મઠ ઊભો કરેલો, પછી તેનો જિર્ણોદ્ધાર પણ કર્યો. તેમના ગુરુ અને માતાજી આ થાનકમાં. ગુરુની વાત કરી. તેમની એક આજ્ઞા છે કે બ્રાહ્મણીની પેલી પાર તમતમારે ફૂલફટાક થઈને ફરો, પણ નદીનો પટ વટાવીને ગામમાં દાખલ થાવ તે પહેલાં બધા બાઘા ઉતારીને શોકનાં કાળા કપડાં પહેરવાનાં. ધરતીકંપમાં અહીં તો એકેય પાવૈયો મર્યો નથી, તોય દૂરદૂરથી ગામની કાણે આવ્યા છે. ''ગામની તમને આટલી બધી લગન ?'' આશ્ચર્યથી મેં પૂછ્યું. તો કહે, ''અમારે કયાં છોકરાં જણવાં છે ? ગામની પરજા એ જ અમારી પરજા. આ ગામને અને કેવું રૂડું દીઠેલું છે ! હવે આ દશા જોવાતી નથી.''

મઠનાં માતાજીને, ફળીના પાળિયાને પગે લાગી, પાવૈયાઓને મોઢે રામરામ કરી, પણ મનોમન તો પ્રણામ કરી, અમે ચાલ્યા. બે પાવૈયાય ગામની ખબર કાઢવા નીકળેલા. તૂટેલી ડેલીવાળા કોઈક ફળિયામાંથી એક ભાભાએ સાદ દીધો : ''માશી, આયાં ચા પીતાં જાવ.'' જવાબમાં ''હમણાં આવીએ, હોં !'' કહીને એ બે શોકાકુલ ચહેરે, શિથિલ ચાલે ગામની શેરીઓના અવશેષ ભણી વળ્યા. સામાન્ય રીતે રુક્ષ લાગતા, આપણા માટે ઉપહાસ અને વ્યંગનું પાત્ર બનતા પાવૈયાઓનો બીજો જ ચહેરો આ પહેલી વાર જોવા મળ્યો.

ત્યાંથી વળતાં આવ્યા જૂના ઘાટિલા. હાંડા જેવું ગામ કહેવાતું. ધરતીકંપે ઠીબડીની જેમ ભાંગી નાખ્યું છે. હવે માણસને હાથે એ ફરી ઘડાય ત્યારે ખરું.

માળિયા-મિયાણાના સુખપુર જેવા ગામનો તો સાવ કડુસલો બોલી ગયો છે. ખુદ માળિયામાંય તારાજી જ તારાજી. કાચાં ખોરડાં તો લગભગ સાફ થઈ ગયાં. પાકાં ઘર જે ટક્યાં તેય બાંડાં, ઠૂંઠાં, કૂબડાં. મુખ્ય રસ્તા બુલડોઝરથી સાફ થતા હતા, નાની ગલીઓમાં તો એવાં તોસ્તાન પેસી પણ ક્યાંથી શકે ? એનાં ઘરોમાં જ ગરીબ મિયાણાઓની ઘરવાળી, મા, દીકરી કે બાપબેટા દફન થઈ ગયેલાં છે. ઉઘાડા આભ નીચે પડેલાં આ માનવીઓ ચાર જ દિવસ પર જે એમનાં ઘરબાર હતાં. તેની યાદને વાગોળતાં હતાં... અમારું રેકોર્ડિંગ ચાલુ હતું.

હવે રાજકોટ પાછા ફરવાનો સમય થઈ ગયો હતો. ઝટ પહોંચીને રાતોરાત કાર્યક્રમ બનાવીને રેડિયો પર મૂકવાનો હતો, ને સાત તો અહીં જ થઈ ગયા હતા. ખેર, આ વિસ્તારના લોકોની મુલાકાત-આધારિત કાર્યક્રમ રાતે રેડિયો પર રજૂ કરીને મોડા મોડા તોયે અમારે તો સાજાસમા ઘરમાં ગરમાગરમ રસોઈ ખાઈ, ટીવીની ચેનલો પર ભૂકંપનાં રોમાંચક દશ્યો નિહાળ્યા પછી ધાબળો ઓઢીને સૂઈ જવાનું છે...ત્યારે એ બધા લોકો માટે તો એવો દિવસ હજી કોણ જાણે કેટલોય દૂર હશે !

❖❖❖

# લાડકવાયી : લક્ષ્મીનો અવતાર



પાયલ શાહ

**સો**નોગ્રાફી રૂમનું બારણું ખોલીને હજુ જ્યોતિ બહાર આવી પણ નહોતી ત્યાં જ બહાર ઉભેલા મયણા બા અધીરાઈથી પૂછ્યું, 'કીકો છે ને ? કહ્યું જ હતું મે' જ્યોતિએ વળતો જવાબ જ ન આપ્યો. તેણે નીચું જોઈને કહ્યું, 'મા, ચાલો ને આદિત્ય રાહ જોતાં હશે.' ખરેખર આદિત્ય ઘરમાં બેબાકળો બનીને આંટા મારતો હતો. ઘરમાં પગ મૂકતાં જ મયણા બા એ વધામણી આપતા કહ્યું, 'બેટા, ભગવાને આપણી પ્રાર્થના સાંભળી છે.'

ઘરમાં દીવાળી જેવી વાતાવરણ થઈ ગયું. રસોડામાંથી સુખડીનું ભરપૂર સુગંધ આવવા લાગી. કામવાળી બાઈને શુકનમાં ૫૧/- પૂરા મયણા બા એ આપ્યા. જ્યોતિની નજર ઉતારી પણ આ બધાથી જ્યોતિ સાવ જ અલિપ્ત હતી. મયણા બા એ પ્રેમથી માથે હાથ ફેરવતાં પુછ્યું, 'શું થયું ? કેમ સાવ ચૂપચાપ છે ? જ્યોતિએ એમ જ વાતને ટાળતા 'ના રે મા... એ તો જરા સુસ્તી જેવું લાગે છે અકળામણ જેવું લાગે છે. મોળો જીવ થતો હોય ને' મયણા બા પૌત્રની દાદી બનવાના હતા એટલે દોડીને લીંબુ પાણી બનાવી લાવ્યા. 'જ્યોતિ, તું શાંતિથી સૂઈ જા. ઘરની ચિંતા મૂક હવે. સવારે આરામથી ઉઠજે. 'આદિ ! જ્યોતિને હેરાન ના કરતો આરામ કરવા દે જે 'મયણા બા નો ઓર્ડર આવી ગયો.

પણ જ્યોતિના નસીબમાં શાંતિ, આરામ કયાં હતાં ? બેડરૂમ સુધી પહોંચતા પહોંચતા તેની આંખોમાં ભીનાશ તરી આવી પેટ પર હાથ મૂકતાં તે મનમાં બોલી 'હે મારા વહાલા ! મા ને આદિત્યની સામે ખોટું બોલીને મેં સારું કર્યુ કે ખરાબ મને નથી ખબર પણ બસ...હવે તું જ સાચો રસ્તો ચીંધજે. સાવ હતાશ થઈને તે પલંગ પર સૂતી પણ તેને ચેન કયાં હતું ? બાજુમાં પુસ્તક પડયું હતું. તેનું જે પાનું હાથમાં આવ્યું તે વાંચવાનું શરૂ કર્યું : દીકરીને અગ્નિદાહ આપ્યો, ત્યારે ઈશ્વરને બે હાથ જોડીને કહ્યું હતું, સાસરે વળાવતો હોઉં, એવી જ રીતે મારી દીકરીને વિદાય કરું છું. ધ્યાન રાખીશ એનું ?

અને પછી જ,

મારામાં અગ્નિદાહ દેવાની તાકાત આવી. લાગ્યું કે, ઈશ્વરે 'વેવાઈપણું' સ્વીકારી લીધું. ! 'દીકરીને 'વળાવી'ને ઘરે આવ્યો. ત્યારે પત્નીએ આંગણામાં પાણી મૂક્યું હતું, નાહી નાખવાનું હતું હવે દીકરીના નામનું... !

-દીકરી વિનાનું ઘર આજે દસ દિવસનુ થયું, પત્નીની વારેવારે ભરાઈ આવતી આંખો છેલ્લા દસ દિવસથી એકદમ વ્યવસ્થિત રહેલ દીકરીના ડ્રેસિંગટેબલ અને તેના વોર્ડરોબ પર ફરી વળે છે. હું પણ ત્યાં જોઉં છું, અને એક નિઃસાસો નંખાઈ જાય છે, ઈશ્વર... દીકરી સોંપતા પહેલા મારે તારા વિશે તપાસ કરાવવાની જરૂર હતી ! કન્યા પક્ષના રિવાજોને તારે માન આપવું જોઈએ, દસ દિવસ થઈ ગયા, અને અમારે ત્યાં પગફેરાનો રિવાજ છે... ! !

વાંચતા વાંચતા તેની આંખોમાં ધુમ્મસ ઉભરાઈ આવ્યું પણ આ શું ? તેના ઉદરનો અંશ તેને કાંઈક કહેતો હતો ! મા... મા... સાંભળે છે ને તું ? શા માટે તે દાદીમા ની હા માં હા પુરાવી ? શા માટે તું ખોટું બોલી ? કેમ તે મને બચાવી ખબર છે મને તે સાચું કહ્યું હોત તો હું લોચો થઈને ગટરમાં ક્યાંક પડી હોત પણ મા... તું મને જન્મ આપીને પણ શું પામીશ ? પપ્પા દાદીમાના ડર ને લીધે તારી સાથે વાત નહીં કરે. દાદીમા, મોટી બા તો તારું ને મારું મોઢું પણ નહીં જુએ. મ્હેણાં-ટોણાં મારશે. કોઈક તને છપ્પરપગી કહેશે તો કોઈક મને વેજા કહેશે બરાબર ને ? તું મને લાડ નહી લડાવી શકે કે નહીં તારી મરજી પ્રમાણે મને ભણાવી શકે. વળી પાછી પ્રેગ્નેન્સી, દીકરી હશે તો પાછો ગર્ભપાત અને આ બધી શારીરિક અને માનસિક યાતનામાંથી પસાર થવું પડશે તારે...

અને હું ? મને શું મળશે જન્મ લઈને ? 'સાપનો ભારો,' 'પારકી થાપણ' આવા બધા નામ. છોકરી રહી એટલે રમવામાં, ભણવામાં, ખાવામાં બધામાં જતું કરવું પડશે. સહનશક્તિ રાખો જરા... ચલાવતાં શીખ હવે... આ સાંભળવું પડશે. હું થોડી મોટી થઈશ એટલે પેલા 'ચાર' દિવસની પીડા. ત્યારે અછૂત લોકો સાથે વ્યવહાર થાય એવું જ મારી સાથે ! જો હું ગોરી થઈશ તો બધાથી મારે બચવું પડશે અને જો હું ઘઉવર્ણી થઈશ તો દાદીમા તને કાચી ને કાચી ખાઈ જશે. 'કાયડી', 'કાલીમા' આવા બધા વિશેષણ દાદીમાને યાદ કરવામાં જરાપણ વાર નહીં લાગે. જલ્દીથી લગ્ન નહી થાય તો ક્યાંય પણ 'ગોઠવાઈ' જા એવું દબાણ આપણાં કહેવાતાં સગાંવ્હાલાં કરશે. ભઆઈ નહી હોય તો 'ન ભાઈ' કહેવાઈશ. સંતાન નહીં થાય તો ''વાંઝણી' કહેવાઈશ.

દીકરી જણીશ તો બદનસીબ કહેવાઈશ.

સાચું કહેજે મા... તું શું પામી ? મને ખબર છે તે કેટલો ભોગ આપ્યો છે ? યુનિવર્સિટીમાં પ્રથમ આવી હતી ને તું ? તારે આગળ ભણવું હતું, પણ બે બાળકોનો ભણતરનો ખર્ચો ના પોસાતા તને જલ્દીથી પરણાવી દીધી અને મામાએ તેનો અભ્યાસ પૂરો કર્યો. લગ્ન પછી સાસરે પણ તે ખૂબ સેવા કરી બધાની... પણ અહીં દાદીમાના સગાવ્હાલામાં વહુઓએ પહેલે ખોળે દીકરીઓ જણી એટલે તને પહેલે ખોળે દીકરો આવે તો દાદીમાનો વટ પડી જાય એટલે તારી પાસે એવો આગ્રહ રાખ્યો કે જો દીકરી હોય તો હાડમાંસના લોચાને... મા. શું આ બધી પળોજણ એકલી સ્ત્રીની જ છે ? તેને જ પીડા ? તેને જ ભોગવવાનું ?

દીકરી તરીકે જન્મીએ એટલે માસિકની પીડા, પ્રસુતિની પીડા, કન્યાવિદાયની પીડા, લોહી સાથે તો જાણે આપણો અતૂટ નાતો અને આ બધી પીડા પછી પણ બાળપણ પિતાનું નામ પાછળ લગાડીને તેના તાબામાં, પછી પતિના તાબામાં ને ઘડપણમાં છોકરાંઓનાં તાબામાં. મારી નિયતિ પણ આ જ હોય તો મારે જન્મવું જ નથી મા... તું સાચું કહી દે ને અને મારો નિકાલ કરાવી દે મા...

ડોક્ટરના થોડાં શબ્દો તેનાં કાને પડ્યાઃ સોરી, ખૂબ લોહી વહી ગયું છે તેમનાં જાનનું જોખમ ના લઈ શકીએ એબોર્શન કરવું પડશે. 'નહીં ડોક્ટર મારે એબોર્શન નથી કરાવવું !' જ્યોતિની ચીસ સાંભળીને મયણા બા ને આદિત્ય દોડીને બેડરૂમમાં ગયા જ્યોતિ પસીને રેબઝેબ હતી. 'શું થયું જ્યોતિ ? ખરાબ સપનું જોયું ? મયણા બા એ પૂછયું 'હા મા... સારું થયું એ સપનું જ હતું.' તું થોડીવાર સૂઈ જા જ્યોતિ તારી માટે રાબ બનાવી લાવું છું.' મયણા બા રસોડામાં ગયા. આદિત્ય વગર કહ્યે જ્યોતિની હાલસ સમજી ગયો. હળવેથી જ્યોતિનો હાથ પકડયો, 'રશ્મિ મજામાં ?' જ્યોતિને નવાઈ લાગી કોણ રશ્મિ, આદિત્ય ? કેમ... આદિત્ય અને જ્યોતિના પહેલા કિરણને રશ્મિ જ કહેવાય ને... જ્યોતિ ખબર છે મને મા નો આગ્રહ છે કે દીકરો જ હોવો જોઈએ પણ સમય અને સંજોગ બધું બદલાઈ ગયું છે. બાળક સ્વસ્થ હોવું જોઈએ ભલે તે દીકરો હોય કે દીકરીય પણ આદિ, મા નો ગુસ્સો ખબર છે ને. જ્યોતિની વાત અધવચ્ચે જ અટકાવતાં તે બોલ્યો, 'જ્યોત, મા માની જશે. આપણાં બાળકની નિર્દોશ કિલકારી સાંભળીને તે પણ તેના હાસ્યમાં તેનો સાથ આપશે. છોડની દરેક કળી ખીલે છે, કોઈ પુષ્પ બની પમરાય છે, કોઈ પુષ્પ મંદિરમાં, તો કોઈક હારમાં, તો કોઈક ઠાઠડીમાં, કોઈક છોડ પર એમ જ રહે છે, તો કોઈ પગે કચડાય પણ છે. એટલે શું છોડ એવું ઈચ્છે કે કળી ખીલે જ નહીં ? ના જ્યોત તું નજર કર જરા પાછળ ક્ષણ છે અને આગળ સદી છે. આપણે તો માત્ર 'તથાસ્તુ' કહેવાનું છે દરેક જીવ પોતાનું ભાગ્ય લઈને આવે છે. અને આપણા બાળક માટે તો આપણે બે છીએ ને... હું તું અને રશ્મિ સાથે મળીને પ્રગતિની સીડી તૈયાર કરશું. આપણે તેને સમજાવવાનું છે કે રડવાથી નહીં લડવાથી આ દુનિયામાં ટકી શકાય છે. આદિત્યએ જ્યોતિના ઉદર પર હાથ મૂકીને કહ્યું, 'વેલકમ બેટા, તારું સ્વાગત કરવા અને આતુર છીએ. સાંભળે છે ને ? ને જ્યોતિની આંખો ભીંજાઈ ગઈ. આદિત્ય એ તેના આંસુ લૂછતાં ને વાત બદલાવતા કહ્યું, 'ચાલ મુવી જોવા જઈએ 'યે જિંદગી મિલેગી ના દોબારા.' આપણે બે જણા... હું અને તું એ...' અને પોપકોર્ન' જ્યોતિએ હસતાં હસતાં કહ્યું, ત્યાં જ મયણા બા આવ્યા, 'બે નહી અઢી જણા જાઓ' તેમની આંખોમાં ભીનાશ ઉતરી આવી 'જ્યોતિ મેં તમારી વાત સાંભળી. મારા દુરાગ્રહને લીધે અનર્થ થઈ જા, હું સમજી જ નહોતી શકી કે રણમાં વીરડી અને જિંદગીની દીવડી એટલે દીકરી. મારું માનસ પણ મારા નાનકડા ગામ જેટલું નાનકડું જ રહ્યું. ને દીકરા માટેની ઘેલછા ને જૂઠી માયાએ સાવ ખોટા મોહમાં પડી ગઈ. ત્યાં જ જ્યોતના મોબાઈલનો મધુર રીંગટોન બધાના મનને પુલકિત કરી ગયોઃ દીકરી મારી લાડકવાયી, લક્ષ્મીનો અવતાર... જ્યોતિની નજર તેના ઉદર પર ગઈ. બારીમાંથી સોનેરી સવારનાં કિરણો તેના પર પડતાં હતા. જાણે તેના પાંગરતા પિંડને સોનેરી શક્તિ ન આપતા હોય...

શિવાસ્તે તવ પંથાઃ

❖❖❖

## ટાઈમ નથી

સૌ તો ખાલી હાથે જાય છે તમે શું લઈ જશો ?
હાયહાયનો પૈસો શું તમે, કબરમાં લઈ જશો ?
રૂપિયા તો બહુ કમાય છે, પણ તે ક્યાં વપરાય છે ?
ઘરનાં પ્રસંગો માટે પણ હવે રજા ક્યાં લેવાય છે ?
વ્યવહારમાં ક્યાં રહેવાય છે ? તહેવાર કયાં ઉજવાય છે ?
રવિવાર પણ હવે તો દોસ્ત ધંધામાં જ જાય છે !
મિત્રો તો ઘણા, પણ તેમને ક્યાં મળા છે ?
મિત્રોના ઘરે પણ હવે કારણ વગર કયાં જવાય છે ?
સમય નથી તમારી પાસે, સમય નથી પોતાને માટે,
સમય જ્યારે મળશે, સમય ત્યારે ઉપર જવાનો થશે,
માન હવે ઓ દિલ, જીવી લે તું જીંદગી,
ક્યારેક પોતાને માટે,
માનવજન્મ મળ્યો છે,
તો આનંદ પણ ક્યારેક કરી લઈએ.



# જીભ અને દાંત

રણછોડ એમ. શાહ

કુદરતની કરામત જ કાંઈ અલગ છે. ભગવાને આપણને જન્મ દ્વારા શરીરનાં વિવિધ અંગો આપવા માટે જુદો જુદો સમય નિર્ધારિત કર્યો. શરીરનાં અંગો આપી જિંદગી જીવવાની અને આપણી આસપાસના મનુષ્યોના સ્વભાવ અને વર્તનને ઓળખવા માટે ફિલસૂફી પણ સમજાવી છે. આ પ્રતીકરૂપ વાત આપણે સમજી તે પ્રમાણે જીવનમાં આવતી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરીએ તો કદાચ જિંદગીને વધુ સારી રીતે ફળદાયી બનાવી શકીએ.

પ્રભુએ જન્મતાંની સાથે જીભ આપી પરંતુ ત્યારે જ દાંત ન આપ્યા. જો જન્મની સાથે જ જીભની સાથે જ દાંત આપ્યા હોત તો શું થાત ? સ્તનપાન કરાવતી માતાનું જે વહાલ બાળક પામે છે તેનું કારણ જીભનું વહાલ છે, દાંત તો કરડવાનું જ કાર્ય કરે અને તો માતા માટે બાળકને મોટું કરવાનું અશક્ય બનત. એક માતા માટે સ્તનપાનની પ્રક્રિયા લગભગ અશક્ય બની હોત. આપણે વિચારીએ કે તો પછી બાળકની વૃદ્ધિ કેવી રીતે શક્ય બનત ? દાંત હતા નહીં તેથી ઘન ખોરાક તો બાળકને આપી શક્યા નહોત અને બાળક કેવી રીતે મોટું થાત ? જીભ અને દાંતના સ્વભાવને ધ્યાન અને બારીકાઈથી જોવા જેવો છે. જીભ પોતાને ન ફાવતો હોય તેવો ખોરાક આડોઅવળો ફેરવી ખાવાલાયક બનાવે છે. પોતાના અંગમાંથી વવિધ રસો વહેવડાવી ખોરાકને પોચો બનાવે છે. ખોરાકને સ્વાદ આપે છે. આપણને સ્વાદની ઓળખ કરાવી ગમતા સ્વાદના માધ્યમથી આનંદ આપે છે. જીભના માધ્યમથી આપણે બોલીએ છીએ.

દાંતનો સ્વભાવ જ કાપવા-ગીરવાનો છે. તે ઘન ખોરાક ખાય કે તરત જ તેને કાપી નાંખે છે. તેના ટુકડેટુકડા કરી નાંખે છે અને પોતાને અનુકૂળ હોય તેવા નાના નાના ટુકડામાં તેને વિભાજિત કરી દે છે. જીભની જેમ જુદા જુદા રસ ભેળવી ખોરાકને પોચો કરવાને બદલે કાપવાનું કાર્ય કરે છે.

આપણા જીવનમાં આવતી વ્યક્તિઓને આપણે જીભ અને દાંતની જેમ બે વિભાગમાં વહેંચી શકીએ. કેટલીક વ્યક્તિઓ એવી છે જે જીભની જેમ આપણા જીવનને સમરસ બનાવે છે. પોતાના ભોગે આપણા જીવનને વધુ સારું બનાવે છે. તેની મહેક ફેલાવી આપણને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે. આપણી સાથે સારા શબ્દોમાં વાતચીત કરે છે. શક્ય હોય ત્યાં સુધી કડવાશ ટાળવાનો પ્રયત્ન કરે છે. આપણા જીવનને વધારે અર્થપૂર્ણ બનાવવા એવા જ શબ્દો ઉચ્ચારે છે કે જેથી આપણા મિત્રોની સંખ્યા વધે અને દુશ્મનોની ઘટે. આપણા વ્યક્તિત્વને વિકસાવવામાં આપણી ભાષા અગત્યનો ભાગ ભજવે છે જેથી જીભ એવા જ શબ્દો ઉચ્ચારે છે કે જેથી આપણું વ્યક્તિત્વ સમાજમાં એક આગવી છાપ ઊભી કરે. જીભ સમાજમાં આપણને ઓળખ અપાવે છે.

જ્યારે દાંત તેના સ્વભાવ પ્રમાણે આપણને મિત્રો અને સ્વજનોથી જુદા પાડવાનું કાર્ય કરે છે. આપણા જીવનમાં પણ આવી વ્યક્તિઓ આવે છે જે આપણને અન્યોથી અળગા કરી દે છે. એકબીજા વચ્ચે સંવાદિતા વધારવાને બદલે એકબીજા વચ્ચે દુશ્મનવાટ વધારવાનું કાર્ય કરે છે. આવી વિઘ્નસંતોષી વ્યક્તિઓ આપણા જીવનને ખેદાનમેદાન કરી નાખે છે. લોકો આપણી તરફ નફરતથી જુએ તેવી પરિસ્થિતિ ઊભી કરે છે. આવી વ્યક્તિઓ અસંતોષી, ઈર્ષાખોર અને અભિમાની હોવાથી આપણને આપણા મિત્રો અને સ્વજનોથી અલગન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેનું પાયાનું કામ જ સંબંધોમાં ફાટફૂટ પડાવવાનું હોય છે. તે આપણા વ્યક્તિત્વને લૂણો લગાડે છે.

જીભ નિરાભિમાની છે. તે દાંત જેવા અકડુ સ્વભાવની વ્યક્તિઓની વચ્ચે પોતે સંકોચાઈને પોતનું કામ કઢાવી લે છે. આપણે પણ આવી અભિમાની અને સ્વાર્થી વ્યક્તિઓ વચ્ચે નમ્ર અને વિનયી બની જિંદગી જીવવી જોઈએ તેમ જીભ તેના ઉદાહરણ દ્વારા શીખવે છે. માટે તો જિંદગીમાં દાંત મોડા આવે છે અને વહેલા જાય છે. જ્યારે જીભ જન્મથી આપણી સાથે આવે છે અને મૃત્યુ સુધી આપણી સાથે રહે છે. આપણે પણ જો જીભની જેમ નમ્ર અને વિવેકી હોઈએ તો સૌના થઈ શકીએ પરંતુ જો દાંતની જેમ કાપાકૂપીના સ્વભાવવાળા હોઈએ તો સમાજમાંથી ફેંકાઈ જઈએ. જીભ દેખાતી નથી પરંતુ દાંત જોઈ શકાય છે. તેમ અભિમાની વ્યક્તિના અભિમાનને આપણે જોઈ શકીએ છીએ. નમ્ર માણસ પોતાની નમ્રતાનો દેખાડો કરતો નથી. આપણે જીભ અને દાંતમાંથી કોના જેવા બનવાનું છે તે નક્કી કરી લેવું પડે.

જીભનો સ્વભાવ જ શરૂઆતથી સહન કરવાનો હોય છે. જીભ ઉપર ગરમ ગરમ

ચાની ચૂસકી લેવાઈ જાય તો જીભ તરત દાઝી જાય છે. અચાનક અત્યંત તીખું મરચું દાંત કાપીને આપે અને જીભ ઉપર મુકાઈ જાય તો આપણી જીભ સળગી ઊઠે છે અને તેવા તીખા મરચાને થૂંકી કાઢે છે. દાંત તો ગમે તે વસ્તુ સ્વીકારે પરંતુ અયોગ્ય વસ્તુ કે વ્યક્તિને જીવનમાંથી બહાર મોકલી દેવાનું આપણને જીભ શીખવે છે. જે મિત્રો કે સ્વજનો ઈર્ષાળુ અને અભિમાની છે તેમનાથી દૂર રહેવાનું આપણને જીભ જ શીખવે છે.

જીભનો સૌથી અગત્યનો કોઈ નિજી ગુણ હોય તો તે દાંત જેવા અત્યંત ખાબ સ્વભાવની વચ્ચે પણ પોતે નિર્લેપ રહે છે, તે છે, દાંત જેવા અકડુ અને અભિમાની મિત્રોની વચ્ચે પણ આપણે જીભ જેવો સ્વભાવ રાખવાનો છે. આપણે જીભની જેમ નિરાભિમાની રહી, દાંત જેવી અભિમાની વ્યક્તિઓની વચ્ચે પણ પોતાનું જીવન નિર્વિઘ્ને પસાર કરવાનું છે. પ્રભુએ જીભને હાડકાં આપ્યાં નથી; પરંતુ માર્દવ અવાજ આપ્યો છે જ્યારે દાંતને સખત, મજબૂત અને તૂટી જાય પરંતુ વળી જાય નહીં તેવો સ્વભાવ આપ્યો છે. આપણે જીભ અને દાંતના ઉદાહરણ દ્વારા તૂટી જવા કરતાં વળી જવું સારું, સૌના થઈને રહેવું, સૌને વફાદાર રહેવું અને જીભની જેમ નિષ્ઠાપૂર્વક જીવન વિતાવવું તેવો સંદેશ જીવનમાં ઉતારવા જેવો છે. (સૌજન્ય : અખંડઆનંદ)

❖❖❖

# પ્રાચીન અને અર્વાચીન

**મહેશ દવે**

**આ**ધુનિક વિજ્ઞાને અસંખ્ય અને અકલ્પ્ય શોધો કરી છે ઘણો વિકાસ સાધ્યો અને હજી તેની વિકાસયાત્રા ચાલુ છે. એના પરથી ઘણી વાર એમ કહેવાય છે પ્રાચીન મનુષ્ય જંગલી અને બર્બર હતો. તેની બુદ્ધિ અવિકસિત હતી. કેટલાક પુરાવાઓ આ માન્યતાને ખોટી પાડે છે. ચીનની દીવાલ, તાજમહાલ વગેરે આજના સમયની અજાયબીઓ ગણાય છે તેવી પ્રાચીન યુગની પણ સાત અજાયબીઓ હતી. એમાંની એક જ - ઈજિપ્તના પિરામિડો આજે અસ્તિત્વ ધરાવે છે. એની રચના અને બાંધકામ જોઈએ તો સમજાશે કે પ્રાચીન માનવી પણ ઘણો બુદ્ધિશાળી અને ટૅક્નૉલૉજીનો જાણકાર હતો.

પિરામિડ એટલે આમ તો એક પ્રકારનો મકબરો, કબર. ઈજિપ્તના ફેરોઝ તરીકે ઓળખાતા પ્રાચીન રાજવીઓ. તેમની કબરરૂપે મોટાં બાંધકામ કરતાં. તે બાંધકામો પિરામિડ તરીકે ઓળખાય છે. આ પિરામિડોમાં ય ફેરો (રાજા) ખૂફુનો પિરામિડ અદ્‌ભુત કારીગરી અને કૌશલ્યનો નમૂનો છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં તે પિરામિડનું સર્જન થયેલું. તે વખતે આપણે ત્યાં મહાભારત કાળ ચાલતો હતો.

ઈજિપ્તની રાજધાની કૅરો નજીક ગીઝા નામના સ્થળે નાઈલ નદીના કાંઠે ખૂફુનો પિરામિડ આવેલો છે. એ પિરામિડ પાંચ હેક્ટરમાં પથરાયેલો છે. એ દોઢસો મીટર એટલે કે પાંચસો ફીટ કરતાંય ઊંચો છે. અમેરિકાના સૌથી ઊંચા એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ કરતાં એ ત્રીસ ગણો ઊંચો છે. એ બનાવતાં ત્રીસ વર્ષ લાગેલાં. વીસ હજાર ગુલામોએ તેના બાંધકામ માટે રાત-દહાડો મજૂરી કરેલી. તે બનાવવામાં ઈજિપ્તની તિજોરી ખાલીખમ થઈ હતી.

ખૂફુના પિરામિડની ભવ્યતા એની યોજના કરનારા ઈજનેરોની આવડત અને દૃષ્ટિનો પરિચય આપે છે. પરંતુ એ કરતાંય વિશેષ તો ખગોળવિજ્ઞાનનું અટપટું જ્ઞાન એવી ખૂબીથી એમાં પ્રયોજાયું છે કે અર્વાચીનયુગના ખગોળવિજ્ઞાનીઓ પણ અચંબાથી મોંમાં આંગળાં નાખી દે છે.



પિરામિડ બરાબર વિશ્વ-પૃથ્વીના કેન્દ્રમાં છે. આ પિરામિડ વિશ્વની સૌથી પહેલી મોટી અને વ્યવસ્થિત ઑબ્સરવેટરી (ખગોળદર્શનની અટારી) છે. પૃથ્વીની આસપાસ બંધાયેલાં સ્પેસ સ્ટેશન્સ (અવકાશમથકો)થી આ પિરામિડ જોઈ શકાય છે.

પિરામિડના ખૂણાઓમાં 'બૉલ્સ' અને મિજાગરાંની એવી ગોઠવણ કરી છે શિયાળાની કાતિલ ઠંડી અને ઉનાળાની સખત ગરમીમાં પિરામિડ અનુકૂળ રીતે સંકોચાઈ અને વિસ્તરી ટકી રહ્યો છે. આ પ્રકારની ટૅક્નૉલૉજિકલ આવડત આધુનિક મનુષ્યે છેક વીસમી સદીમાં શોધી! ધરતીકંપો અને અન્ય કુદરતી આફતોમાં આ પિરામિડ જડબેસલાક ઊભો રહ્યો છે. પિરામિડ આપણા જંતર-મંતર જેવું અજબ 'સન-ડાયલ' (સૂર્યગતિમાપન ચંદો) છે. તેનાથી વર્ષનો દિવસ અને દિવસનો સમય ચોક્કસ રીતે જાણી શકાય છે! આ પિરામિડનાં સ્થાનો અને સૂર્યછાયામાંથી વર્ષના ૩૬૫ દિવસ નક્કી કરી શકાય અને કૅલેન્ડર રચી શકાયું જે વ્યવસ્થા આજે પણ ચાલુ છે.

અર્વાચીન માણસે અભિમાન કરવા જેવું નથી. પ્રાચીનો પણ ઘણાં ક્ષેત્રોમાં ઘણા આગળ હતા. ❖❖❖



# ક્યા યહી પ્યાર હૈ ?

**ડૉ. શરદ ઠાકર**

**સ**તત સાત દિવસના મુશળધાર વરસાદ પછીનો ઉઘાડવાળો દિવસ હતો. હું બહારગામથી ગાડીમાં બેસીને અમદાવાદ તરફ આવી રહ્યો હતો. એકલો જ હતો. એનો અફસોસ હતો. કારણકે મારા સિવાય બાકીનું બધું જ દ્વંદ્વમય હતું. કારના કેસેટ પ્લેયરમાં વાગી રહેલું ફિલ્મી ગીત પણ ડ્યુએટ હતું. હું મારી જાતને એક સવાલ પૂછી રહ્યો હતો : ક્યાં યહી પ્યાર હૈ ?

ગીતમાં પડઘાતા પ્રશ્નનો જવાબ આપવા જ જાણે પ્રગટ્યા હોય, એવાં બે જુવાન સ્ત્રી-પુરુષ એક મોટરબાઈક ઉપર સવાર થઈને મારી સફરમાં જોડ્યાં. સતત હૉર્ન વગાડતાં, મને બાજુે હડસેલતાં ગતિની મજા લૂંટતા એ કામદેવ અને રતિ મને ઓવરટેક કરીને આગળ ધપી ગયાં. મારી હેડલાઈટના પ્રકાશધોધમાં હું એમની પ્રવૃત્તિ જોઈ રહ્યો... યુવતીનું નામ ઋતા હોવું જોઈએ અને યુવાનનું નામ ઋત્વિજ. મને કેવી રીતે ખબર પડી ? જવાબ બહુ સાદો, પણ રોમેન્ટિક છે. મોટરબાઈકની પાછળ, સીટની નીચે, નંબર પ્લેટની ઉપર એક સમ ચોરસ પતરાની રંગીન તકતી બેસાડેલી હતી. એની ઉપર ગુલાબી રંગના બેકગ્રાઉન્ડમાં ગુટરગૂં કરી રહેલાં કબૂતરોની એક જોડી ચીતરેલી હતી. નર કબૂતરની પાંખ ઉપર ઋત્વિજ લખેલું હતું અને નમણી માદાનું નામ હતું ઋતા.

ઋતા રીતસરની ઋત્વિજને વળગી પડી હતી. બેસવા ઉપરાંતની અન્ય પ્રેમચેષ્ટાઓ પણ ચાલુ જ હતી. હું કારમાં એકલો હતો એ પ્યાર છે ! ત્યાં જ અચાનક કોણ જાણે શું થયું તે બાઈક ઊથલી પડી. એ પહેલાં એકાદ ક્ષણ પૂર્વે બ્રેક લાગવાનો મોટો ચિત્કાર સંભળાયો, પછી વાહન એક ઝાટકા સાથે ફેંકાઈ ગયું. સારું થયું કે ઊથલીને હાઈવેની એક તરફ જ્યાં માટીની સમાંતર કેડી હોય છે ત્યાં જઈ પડ્યું, નહીંતર અવશ્ય એ બંને જણાં મારી કારની નીચે ચગદાઈ મર્યા હોત ! મેં બ્રેક મારીને ગાડી થોભાવી દીધી. પછી ધીમેથી એક તરફ લઈને ઊભી રાખી. એન્જિન બંધ કર્યું. કારનો દરવાજો ખોલીને હું બહાર નીકળ્યો. ચોપાસ માત્ર અંધારું અને અંધારું જ છવાયેલું હતું. છતાં ઊહકારનું પગેરું પકડીને હું દોડયો. બંને જણાં સલામત હતાં. સામાન્ય મૂઢ માર વાગ્યો હતો. ‘અરે, ભાઈ ! આટલી બધી ઝડપ તે રખાતી હશે ? અને એમાં પાછી આમ અચાનક બ્રેક પણ મરાતી હશે ?’ મેં ઋત્વિજને ટેકો આપ્યો એની સાથે હળવો શાબ્દિક ઠપકો પણ આપ્યો. પછી મેં ઋતાને બેઠી કરી.

‘થેન્ક યૂ, સર ! પણ શું કરું ? અચાનક મારી નજર સાપ ઉપર પડી. બાઈકની હેડલાઈટના પ્રકાશમાં મેં જોયું કે રસ્તાની ડાબી બાજુએથી નીકળીને એ સરકતો સરકતો જમણી તરફ રસ્તાની વચ્ચેના ડિવાઈડર તરફ જઈ રહ્યો હતો. ભયાનક ઝેરી, પાંચ સાડા પાંચ ફીટ લાંબો, કાળોતરો હતો, બ્રેક માર્યા વગર છૂટકો નહોતો. કાં તો એ ચગદાઈ જાય અને મરી જાય. કાં તો... ‘ઋત્વિક અટક્યો, પછી એની અંદરની આશંકા એણે જાહેર કરી, ‘એની પૂંછડી ચગદાઈ જાય અને કદાચ એ વીજળીવેગે અમારા બંનેમાંથી કોઈને પણ દંશ મારી બેસે... ! તો... ?’

‘સારું ! જે થયું તે થયું. હાઈવે ઉપર વાહન ચલાવતાં ધ્યાન રાખવું. પ્રેમ કરવા માટે માણસે ચાર બંધ દીવાલોનું સર્જન કરેલું જ છે એનો ખ્યાલ રાખવો. તારાથી બાઈક ચલાવી શકાશે ને ? નહીંતર મારી કારમાં...’

‘ના, અંકલ ! વાંધો નહી આવે.’ કહીને ઋત્વિજે મોટરબાઈક ઊભી કરી. કિક મારીને એને ચાલુ કરી જોઈ. પછી એણે કાંડાઘડિયાળ તપાસી લીધી. ખિસ્સામાં પાકીટ સલામત છે કે નહીં એ ચકાસી લીધું. ત્યાં અચાનક એને યાદ આવ્યું, શર્ટના ખિસ્સામાં મોબાઈલ ફોન મૂકેલો હતો એ કયાં ગયો ? !

‘અંકલ, મારો સેલફોન પડી ગયો લાગે છે. કિંમતી હતો અને નવો પણ. શોધવો જ પડશે. તમારી પાસે ટોર્ચ હશે ?’

મેં કહ્યું, સોરી ! નથી પણ એક કામ કર. તારો સેલ નંબર મને જણાવ. મારા સેલફોનથી હું નંબર ડાયલ કરું. જો સામેથી રિંગ સંભળાશે તો તારા ખોવાયેલા ઈન્સ્ટ્રમેન્ટનું સરનામું પણ જડી આવશે.’

ઋત્વિજે નંબર જણાવ્યો. મેં એ નંબર લગાડયો. સુંદર હિન્દી ફિલ્મ ગીતનું સંગીત રણકી ઊઠયું. અમે અવાજની દિશા પકડીને દોડી ગયા. મોબાઈલ ફોન રસ્તાના ડિવાઈડર પાસે ક્યાંક પડયો હતો. નજીક ગયો તો ખબર પડી કે બરાબર માર્ગની વચ્ચોવચ ડિવાઈડર પાસે ઊગેલા ઊંચા, ભીના ઘાસની મધ્યમાં જઈ પડયો હતો. ત્યાં વિશાળ ઊંડો ખાડો હતો. ઘાસ એટલું તો ગીચ હતું કે અંદર હાથ નાખીને આમતેમ ફંફોસીએ તો જ સાધન હાથમાં આવે.

ચોક્કસ જગ્યા વિશે માહિતી મળવાનું કારણ એ હતું કે રિંગટોન વાગતી વખતે એ ઈન્સ્ટ્રુમેન્ટ ઝાંખો પ્રકાશ પણ રેલાવી રહ્યું હતું. ઋતા ઝડપથી ખાડામાં હાથ નાખવા ગઈ, પણ ઋત્વિજે એને ખેંચી લીધી, 'ખબરદાર! ગાંડી થઈ ગઈ છે કે શું?'

'કેમ એમ પૂછે છે?'

'મને યાદ છે. સાપ બરાબર એ ખાડા તરફ જ ગયો છે...!!!' ઋત્વિજે ધડાકો કર્યો.

હું પણ સડક થઈ ગયો. જો એણે સમયસર ઋતાને ન રોકી હોત, તો કેવા મોટો અનર્થ સર્જાઈ જાત! ઋત્વિજે પ્રેમિકા ખાતર મોંઘા ભાવનો ફોન જતો કરી દીધો! ક્યા યહી પ્યાર હૈ....? હું પ્રેમથી વ્યાખ્યાને સમજવો મથી રહ્યો.... પણ ઋત્વિજે ફોન મેળવવાના અન્ય રસ્તાઆએ ફંફોસવાનું તો ચાલુ જ રાખ્યું. ત્યાં એની નજર હાઈવેની એક તરફ દસેક ફીટ દૂર એક ઝુંપડીમાંથી ચળાઈને આવતા પ્રકાશબિંદુ ઉપર પડી. એણે કેડી તરફ ધસી જતાં કહ્યું: 'એક મિનિટ સર! ત્યાં કોઈક રહેતું હોય એવું લાગે છે. હમણાં પાછો આવું છું...'

એ થોડી જ વારમાં પાછો આવ્યો. સાથે એક ચાલીસેક વરસનો હાડપિંજર જેવો દેખાતો પુરુષ હતો. ઋત્વિજ સીધો જ એ ગરીબ માણસને ખાડા પાસે લઈ આવ્યો. પછી માત્ર એટલું જ કહ્યું, 'આ ખાડામાં મારો ફોન પડી ગયો છે. આ સાહેબ રિંગ વગાડે એટલે તેને અવાજ પણ સંભળાશે અને પ્રકાશ પણ દેખાશે. તારે ખાડામાં હાથ નાખીને મારો ફોન કાઢી આપવાનો છે. હું તને દસ રૂપિયા આપીશ. પેલો તત્ક્ષણ તૈયાર થઈ ગયો પણ મેં એને રોક્યો. ઋત્વિજની લુચ્ચાઈ પ્રત્યે મને નફરત છૂટી. મેં પેલાને જણાવી દીધું: 'ભાઈ, દસ રૂપિયામાં મોતને ભેટવા શા માટે તૈયાર થાય છે? એ તો વિચાર કે આ જુવાન પોતે શા માટે ખાડામાં હાથ નથી નાખતો? તને જણાવી દઉં છું કે અંદર લાંબો, ઝેરી સાપ છુપાયેલો છે. પછી તારે જે કરવું હોય તે કર!'

ગાઢ અંધારું હતું, પણ આટલી વારમાં અમે ટેવાઈ ગયા હતા. થોડું થોડું જોઈ શકતા હતા. હું એ ગામડિયા માણસના ચહેરા ઉપર પલટાતા ભાવોને જોઈ શકતો હતો. આંચકો, આઘાત, ભય, મુંઝવણ, મજબૂરી અને છેલ્લે નિર્ધાર! એ માણસ મોતના મુખમાં હાથ નાખવા તૈયાર થઈ ગયો. કારણ મને ન સમજાયું, પણ મારી જવાબદારી પૂરી થઈ હતી. મેં ફરીથી નંબર રિડાયલ કર્યો. અંદરથી અવાજ અને પ્રકાશ બંને એકસાથે બહાર આવ્યા. પેલાએ ચાબુકના વિંઝાતા ફટકાની જેમ ખાડામાં હાથ નાંખ્યો એ ક્ષણાર્ધમાં ફોન પકડીને હાથ પાછો ખેંચી લીધો. બીજી જ ક્ષણે ખાડામાંથી ભયંકર ફૂંફાડો સંભળાયો, પણ અમે એનાથી દૂર દોડી ગયા હતા.

ઋત્વિજ પેલાના હાથમાં દસની નોટ પકડાવીને બાઈક ઉપર બેસી ગયો. છાતી સાથે ફોન અને પીઠ સાથે પ્રેમિકાને ચિપકાવીને એ ઊડી ગયો. મેં પેલા ગરીબ પુરુષના ખભા પર હાથ મૂક્યો, 'ભાઈ, ગાંડો થઈ ગયો છે શું? એક ક્ષણ માટે તું બચી ગયો. માત્ર દસ રૂપિયા માટે તે આવું શા માટે કર્યું? આટલો તે લોભ રખાય?'

'આ લોભ નથી, સાહેબ! લાચારી છે. ચોમાસું છે એટલે એક અઠવાડિયાથી મજૂરીનું કામ મળ્યું નથી. ઝૂંપડીમાં ઘરવાળી બીમાર પડી છે. દાક્તર પાસે જવાના પૈસા નહોતા. મારી પાસે બેજ રસ્તા હતા કાં હું મરું, કાં મારી ઘરવાળી મરે! મેં જતો મરવાનું જોખમ ખેડયું, એ એટલા માટે કે કદાચ હું બચી જાઉં... તો મારી ઘરવાળી પણ બચી જાય....!'

મેં ખિસ્સામાંથી પાકીટ બહાર કાઢ્યું. મારી આંખોમાં આંસુ હતાં અને મનમાં સવાલ : ક્યા યહી પ્યાર હૈ...? રાત્રિના ગાઢ અંધકારમાં વાદળખાયા આસમાન નીચે ઝેરી સાપની સાક્ષીમાં આ સવાલનો જીવતો-જાગતો જવાબ મારી સામે ઊભો હતો : હા, યહી પ્યાર હૈ!

## આબરૂ અને કીર્તિ

જાપાનના લોકો પોતાની આબરૂને બહુ જ મહત્ત્વ આપે છે. કોઈ પણ સંજોગોમાં માણસની આબરૂ ન જ જવી જોઈએ. આબરૂ જાય તો કેટલાક આપઘાત કરે છે. માત્ર કોઈ વ્યક્તિની જ આબરૂ નહિ, વેપારી પેઢીની, ઉદ્યોગની કે સંસ્થાની પણ આબરૂ હોયછે તેને લાંછન ન લાગવું જોઈએ.

ooo

ટોળું જ્યારે તમને તત્કાલ કીર્તિ આપે છે. ત્યારે તેવી કીર્તિ માણસને વહાલી લાગે છે. પણ એવી ટોળા-બક્ષિત કીર્તિ ક્ષણભંગુર હોય છે. સસ્તી કીર્તિ આપનારું ટોળું પછી નાનું એવું કારણ મળતાં પણ તમારી કીર્તિનાં તમામ લૂગડાં ઉતારી લે છે. ટોળાએ આપેલી કીર્તિને તમે સ્વીકારો, તો ટોળું લાત મારે તે પણ સ્વીકારવી જોઈએ.

**–કાંતિ ભટ્ટ**

## 'ઓશો' અને ગુલમહોરનાં વૃક્ષનો સ્નેહ

**આ**ધુનિક તત્ત્વચિંતક ઓશોનાં જીવનની સ્વયં તેમણે વર્ણવેલી આ સત્યઘટના છે.

તેઓ સાગર વિશ્વવિદ્યાલયમાં પ્રોફેસર હતાં ત્યારે કાર લઈને કૉલેજે ભણાવવા જતાં. તેમનો વિષય હતો ફિલસૂફી !

કાર તેઓ કૉલેજ કમ્પાઉન્ડની પાસેના બગીચાના ખૂબ સુંદર એવા ગુલમહોર વૃક્ષ નીચે પાર્ક કરતાં.



સ્વભાવે વિદ્રોહી અને સ્પષ્ટવક્તા ઓશો જે ત્યારે 'રજનીશ ચંદ્રમોહન' હતાં ને કોઈ કારણે રાજીનામું મૂકવાનું થયું.

હવે તેઓ સાગર કૉલેજે વ્યાખ્યાનો આપવા જતાં નહોતા. તેથી તેમની કાર પણ ગુલમહોર નીચે પાર્ક નહોતી થતી.

આ ઘટનાની નોંધ લેતું હોય પોતે કોઈનો સ્નેહ ચૂકતું હોય એમ ગુલમહોર વૃક્ષ જે પહેલાં ફૂલ્યુંફાલ્યું હતું બે જ દિવસમાં સાવ સૂકાઈ ગયું.

રજનીશ એકવાર કોઈ કાગળમાં સહી કરવાં કૉલેજે ગયાં. તેમની દૃષ્ટિ સૂકાયેલા ગુલમહોર પર પડી. તેમને બહુ પીડા થઈ. તેમણે ગુલમહોરનાં થડને વહાલથી ભેટીને કહ્યું -

''જો જગતમાં બધું બદલાતું રહે છે. મારી કાર અને મને જોઈ તને વહાલ થતું. એ હું ભીતરથી અનુભવતો. પણ હવે સ્થિતિ અને સંજોગો પલટ્યાં છે. પણ તારે દુ:ખી થવું ન જોઈએ. હું ક્યારેક ક્યારેક તને મળવા આવતો રહીશ. શરત એટલી જ કે તું પહેલાંની પેઠે પૂરેપૂરું ખીલી જા.''

થોડો સમય વીત્યો.

આશ્ચર્ય કહો કે ચમત્કાર...

ગુલમહોરનું ઝાડ પહેલાં જેવું જ ખીલી ગયું.

તેનાં ઉપર લાલ લાલ ફૂલો અને લીલાં લીલાં પાંદડાઓ પણ આવ્યા.

ઓશો...

ફરીવાર ત્યાંથી નીકળ્યા ત્યારે -

વૃક્ષને મળવા ગયા, ભેટ્યાં ને રાજી થતાં પાછાં ઘેર આવ્યાં.

**- ડૉ. હરેશ 'તથાગત'**

## અભિનંદન

### અમદાવાદ બાર એસોસિએશન તથા સ્મોલ કોઝ કોર્ટ બાર એસોસિએશન દ્વારા અરુણાબેન શાહ નું સન્માન



ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સુરેન્દ્રનગર ના **પૂર્વ પ્રમુખ તથા સ્વાતંત્ર સેનાની શ્રી શાંતિલાલ ચત્રભુજ શાહના વકીલ સુપુત્રી અરુણાબેન નવિનચંદ્ર શાહ (હાલ અમદાવાદ) નું** તેમની ૫૦ વર્ષ ની વકીલાતની સફળ અને ગૌરવશાળી સફર માટે અમદાવાદ બાર એસોસિએશન તથા સ્મોલ કોઝ કોર્ટ એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે ગુજરાત હાઈકોર્ટ ના માનનીય જાસ્ટિસ શ્રી એ. વાય. કોગ્જે સાહેબના વરદ હસ્તે અમદાવાદ માં તારીખ ૪/૫/૨૦૨૬ની સાંજે કોર્ટ ના પ્રાંગણમાં યોજાયેલા શાનદાર સમારોહમાં બહુમાન કરવામાં આવ્યું. સમારોહ માં માનદ ન્યાયમૂર્તિશ્રી ઓ તથા અનેક ધારાશાસ્ત્રી ઓની ઉપસ્થિતિ હતી તથા તેઓશ્રી ઝાલાવાડી સભા મુંબઈ- માસિક પત્રિકાના પૂર્વ તંત્રી શ્રીમતી સંધ્યાબેન શાહના બેન છે.

ન્યાય ના ક્ષેત્રમાં કેવળ શાબ્દિક દલીલો થી નહિ પણ દૃઢ મૂલ્યો થકી સફળ થઈ શકાતું હોય છે. સુરેન્દ્રનગરની રાત્રિ કોલેજની પ્રથમ વિદ્યાર્થિની એવા અરુણાબેનનુ પાંચ દાયકાનું સમર્પણ, એમની નિર્ભિકતા અને સાતત્ય પૂર્ણ સેવાની આ યાત્રા અનેક લોકો માટે પ્રેરણારૂપ છે. અભિનંદન.

# મોકળાશ

**ચંદ્રકાન્ત જે. સોની**

'પપ્પા, તમારા બૂટ ઑફીસના પટાવાળાને આપી દો છો, એના કરતાં દાદાને આપતા હોવ તો ?' દાદાની થીગડાવાળી મોજડી જોઈ, આઠ વર્ષની આયુષીને ભોળાભાવે બોલતી સાંભળી, રસોડામાં ગૅસ પર બધા માટે ચા ઉકાળતા ચંપાબેનથી ચા ક્યારે ઉભરાઈ ગઇ તેનું ભાન જ ના રહ્યું.

તો વળી વચલા દિકરા વિપુલનો પાંચ વર્ષનો દિકરો મૌલિક પણ વચ્ચે બોલી ઉઠ્યો 'માલા પપ્પા પન એમના નવા ને નવા કપડાં કામવાળા રામુકાકાને આપી દે છે..દાદાને આપતા હોય તો.......'

દિવાળી વેકેશનમાં કાન્તિકાકાના, પુત્રો દિવાળી કરવા વતનમાં આવ્યા હતા.. મોટો પુત્ર નિરવ, શહેરમાં નગરપાલિકામાં ક્લાર્ક હતો, તો વચલો વિપુલ કોઈ જાણીતી હૉસ્પિટલમાં નોકરી કરે.. સૌથી નાના વિનોદને સુરતના હીરાબજારમાં કામ મળ્યું હતું... વર્ષમાં એક વખત દિવાળી પર બધા વતનમાં આવે.

નાનકડો પાનનો ગલ્લો ચલાવતા કાન્તિકાકાની ખાસ કંઈ કમાણી તો નહીં પણ તહેવારો પર ઉછીનાપાછીના કરીને પણ ગાડુ ગબડાવે..રાખે. ચંપાકાકી પણ વર્ષમાં એક વખત ગામડે આવતા દિકરા, વહુઓ અને ટાબરીયાં માટે અડધા અડધા થઈ જાય.. ઘર ભર્યું ભર્યું લાગે..દિકરા વહુઓ અને બાળકો, શહેરમાંથી લાવેલા નવીનવી ફૅશનના કપડાં, અને બૂટ પહેરી ગામમાં લટાર મારવા નીકળી જાય..ચંપાકાકી સહેજ પણ થાકયા વગર ઘરકામનો ભાર ખેંચે જાય અને કાન્તિકાકા હિસાબના આંકડા મેળવવામાં દેવાના ડુંગરનો ભાર ખેંચે. સહેજ પણ ઉંહકારો કર્યા વગર આનંદ થી... પણ આજે દેખાદેખી અને ચડસાચડસીની ચર્ચા પરથી ભાઈઓ વચ્ચે થોડી ચકમક ઝરી અને તેના તણખલાએ ઘરની શાંન્તિ હણી નાખી..વાત બોલાચાલી પરથી મારામારી અને અબોલા અને રીસામણા સુધી પહોંચી, ત્યારે અત્યાર સુધી બાંધી મુઠ્ઠી લાખની રાખનાર કાન્તિકાકા પણ ખૂબ વ્યથિત થયા...અને ચંપાકાકીને ગળે તો કોળીયો પણ શાનો ઉતરે.. ?

ચાલીશ ચાલીશ વર્ષથી ગામડા ગામમાં પાનના ગલ્લાની આવક પર આખા કુટુંબ નો ભાર ખેંચનાર કાન્તિકાકા આજે ખરેખર થાકી ગયા. આટલી ટૂંકી આવક પર પણ દિકરાઓને કોઈ વાતનો અભાવ એમણે આવવા દીધો ન હતો..મોટાને હૉસ્ટેલમાં મુકી ભણાવ્યો, તો વચલાને અને નાનાને પણ ગજા ઉપરાંતનુ દેવુ કરી આગળ અભ્યાસ પણ કરાવ્યો..દરેકના લગ્નના ખર્ચ સાથે એમને મળેલ નોકરીના સ્થળે, શરૂઆતમાં જોઈતો સરસામાન પણ વસાવી આપ્યો...પોતે અને ચંપાકાકીએ પોતાના અંગત અભરખા અભરાઈએ ચઢાવીને પણ.....

દરેક પોતપોતાની રીતે ન કેવળ કમાતા થયા પણ પોત પોતાનું જ કરતા થયા.... અને દેવાના ડુંગરનો ભાર ખેંચવામાં પોતે અને ચંપાકાકી અકાળે આવેલ વૃધ્ધત્વથી ન ઉતરે એવા થાકોટાથી બસ થાકતાં જ ગયાં..થાકતાં જ ગયાં....છોકરાઓની અંદર અંદર ની બોલાચાલીએ રૂદ્ર રૂપ ધારણ કર્યુ જે મારામારીમાં પરિણમ્યુ.. પતિપત્નિ આજના બનાવથી ખૂબ વ્યથિત થયા તો વળી ત્રણેય દિકરા પોતપોતાના ઘેર જવાના ઊચાળા ભરવા પણ માંડ્યા અને ઉપડી પણ ગયા.!

ભર્યું ભર્યું ઘર ઘડીમાં તો સ્મશાનવત્ શાન્તિ માં ફેરવાઈ ગયુ...

હજુ હમણાં સુધી ધિંગામસ્તિ અને કિલ્લોલ કરતાં બાળકો,...પોતે કામ કરે છે ને બીજી દેરાણીઓ જેઠાણીઓ બેઠીબેઠી આરામની ચડસાચડસી કરતી દેરાણી જેઠાણીઓ, અને પોતે ખૂબ મહેનત કરી કરકસર કરે છે અને પૈસા બચાવે છે અને બીજા ભાઈઓ એશો આરામમાં પૈસા ઉડાવે છે ની શિખામણની અને ઠપકાની આપ લે કરતા ને એક બીજા પર ઉકળી ઉઠતા બાંધવો ના કલશોરથી ગાજી ઉઠતુ કાન્તિકાકા અને ચંપાકાકીનુ બાંધી મુઠ્ઠી લાખનીમાં માનનારૂ આ ઘર, ઘડી વારમાં તો નિરવ શાન્તિમાં ફેરવાઈ ગયુ. તેનુ ભારોભાર દુ:ખ અનુભવતુ આ દંપત્તિ ,'હાશ, હવે શાન્તિ થઇ.. ઘરમાં મોકળાશ તો થઇ..'ની શાંન્તિ અનુભવતુ ક્યારે થઇ ગયુ એ તો ન કાન્તિકાકા સમજી શક્યા કે ના ચંપાકાકી.....પણ હા બંનેને આજે શાન્તિથી પગવાળીને બેસવા મળ્યાની મોકળાશ જરૂર થઇ. ❖❖❖

---

હું આપણી સંસ્કૃતિનો ભક્ત છું. સહેજે નિંદા ન કરું. પણ હું કહું છું કે જે દ્રોણાચાર્યે પાંડવો અને કૌરવોને તૈયાર કર્યા તે જ દ્રોણાચાર્યે દૂર રહીને એમની વિદ્યા લેનાર એક ભીલ કિશોરને કહ્યું કે, ''તું આર્ય નથી, અનાર્ય છે. તું મારી પાસેથી વિદ્યા શીખ્યો છે, માટે ગુરુદક્ષિણા તરીકે તારો અંગૂઠો કાપી આપ.'' એ જો અંગૂઠો જ કાપી આપે, તો પછી ધનુર્વિદ્યા કામ શું આવે ? કેટલી એમની દુર્જનતા ! ભેજું કેટલું દુષ્ટ થયું !... તે પાપ ધોઈ કાઢવા આપણે અનેક જન્મો સુધી પછાત વર્ગોની, હરિજનોની અને આદિવાસીઓની સેવા કરવી રહી.

- કાકા કાલેલકર

પૂ.માણેક-શીવ-નૂતન-અમી-શૈલેષ ગુરુભ્યો નમઃ



# પાળીયાદ ના શાહ પરિવાર નું ગૌરવ

અનંત ઉપકારી ઋષભદેવ ભગવાને બતાવેલ તપ નો મર્મ સમજી કાયા ને તપાવી કર્મ ને ખપાવવા માટે પૂજ્ય ગુરુ ભગવંતો ની વાણી ને અંતર માં ઉતારી અમો એ 400 દિવસ ના વર્ષીતપ તપ ની આરાધના શરૂ કરેલ..બોટાદ સંપ્રદાય ના આચાર્ય ભગવંત પંડિત રત્ન પૂજ્ય ગુરુદેવ નવીન ચંદ્ર મહા ના ગુપ્ત આશીર્વાદ થી ઉપાધ્યાયજી ગુરુદેવ જયશચંદ્ર મુની થાણા 3 ની અસીમ કૃપાથી સંયમી બહેન સ્વામી પૂજ્ય રંજનબાઈ મહા ના આશીર્વાદ થી અને ધીર ગુરુદેવ ની ભાવના થી અમારા પરિવાર માં શ્રીમતી હીનાબેન અને પુત્રવધુ નિધિબેન ને છઠ્ઠ ઉપવાસ ના વર્ષીતપ અને ગિરીશ ભાઈ અને પુત્ર ચી અમિત ને છઠ્ઠ એકાશના ના વર્ષીતપ ના પારણા 31.05.2026 ના રોજ કરેલ છે..આ તપ નો મહિમા સમજાવવા ખંભાત સંપ્રદાય ના પૂજ્ય જીતેન્દ્ર મુનિ મહારાજ થાણા 3 અને દરિયાપુરી સંપ્રદાય ના આચાર્ય ભગવંત વિરેન્દ્ર મુનિ ના આજ્ઞાનુંવર્તી પૂજ્ય મિતેન્દ્ર મુનિ થાણા 2. ગોંડલ સંઘાણી સંપ્રદાય ના પંથક મુનિ મહારાજ અને બોટાદ સંપ્રદાય ના ગચ્છાધિપતિ શૈલેશમુની ના આજ્ઞાનુંવર્તી પૂજ્ય શ્રદ્ધા બાઈ થાણા 3 રાજુલાબાઈ થાણા 4 વંદનાબાઈ થાણા 4 અને અન્ય સંપ્રદાયના સંત અને સતી વૃંદો એ હિંગવાળા ઉપાશ્રય ઘાટકોપર માં હાજર રહીને  સુભાષીશ આપી પારણા કરાવેલ હતા

આભારી આરાધક પરિવાર માતુશ્રી સ્વ ચંચળબેન મણીલાલ શાહ ના જયજીનેદ્ર




Girish M Shah
&
Heena G Shah



Amit G Shah
&
Nidhi A Shah

Advt.




ઉનાળાની રજાઓના બુકિંગ માટે સંપર્ક :

- Mumbai - Tel.: (022) 28449855 / 28835836. Mob.: +91 8108839236 / 9224002400
- Mahabaleshwar - Tel: (02168) 260588 ● Lonavala - Mob.: - +91 9167091570
- Pune - Mob.: +91 9028585409 ● Goa - Tel.: (0832) 2416363
- E-mail : hotelgautam@hotmail.com ● Website : www.hotelgautam.com

**અમારી રિસોર્ટ મહાબળેશ્વર અને લોનાવાલામાં પણ છે.**

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

## કારોબારી સમિતિ વર્ષ ૨૦૨૬-૨૦૨૯

## વિજેતા ઉમેદવારો

૧

શ્રી અનિલ હિંમતલાલ સંઘવી

૨

શ્રીમતી બીના અશોકભાઈ સંઘવી

૩

શ્રી નિરવ પ્રવિણભાઈ દોશી

૪

શ્રી ચેતન મુળચંદભાઈ ગોસલીયા

૫


શ્રી નિરવ ભરતભાઈ ખંધાર

૬

શ્રીમતી શ્રુતિ મયંકભાઈ શાહ

૭

શ્રી હેમંત પ્રવિણભાઈ શાહ

૮

શ્રી મહેશ બચુભાઈ દોશી

૯

શ્રી અશોક લાભુલાલ તુરખીયા

૧૦

શ્રીમતી મીરા શૈલેષભાઈ શાહ

૧૧


શ્રી અતુલ અમૃતલાલ શાહ

૧૨

શ્રી મુકેશ રસીકલાલ શાહ (ચશ્માવાળા)

૧૩

શ્રી નરેન્દ્ર ચીમનલાલ ગાંધી

૧૪

શ્રી પ્રિતુલ ભરતભાઈ શાહ

૧૫

શ્રી રાજેશ જયંતિલાલ ગોપાણી

૧૬

શ્રી હિતેશ ભગવાનલાલ શાહ

૧૭


શ્રી વિજય પુનમચંદ અજમેરા

૧૮

શ્રી જયેશ બચુભાઈ જોબાલિયા

૧૯

શ્રી દર્શક ચંદ્રકાંતભાઈ શાહ

૨૦

શ્રી રાકેશ નવલચંદ ગોપાણી

૨૧

શ્રી પરેશ નવલચંદ દોશી


FLAMINGO
transworld pvt. ltd.
You Travel We Care
WHY FLAMINGO?
આપના પ્રવાસ ને યાદગાર બનાવવા માટે, ૨૫૦ થી વધુ કટીબદ્ધ ટીમ મેમ્બર્સ નો કાફલો
સમગ્ર ભારત માં ૫૦ થી વધુ બુકિંગ હબ નુ વિશાળ નેટવર્ક ધરાવતી કંપની
ગુજરાતી – હિન્દી અને અંગ્રેજી ભાષા ના જાણકાર અનુભવી ૩૦૦ ટુર મેનેજર
વિશ્વ ના ખૂણે ખૂણે એટલે કે 80 થી વધુ દેશ ના યાદગાર પ્રવાસ ની મહારથ
વિશ્વભર માં વસતા આપણા ગુજરાતી NRI પ્રવાસીઓ માટે ખાસ વિભાગ
Scenic South America
13 Nights / 14 Days
3, 21 July, 7, 23 Aug, 26 Sep, 23 Oct 2026
Amazing Mauritius
6 Nights / 7 Days
9, 15, 22, 27 May 2026
Scenic South Africa with chef
(With Winery experience)
12 Nights / 13 Days
10, 16, 23, 24, 28 May, 4, 14 June 2026
Exotic South Africa with Victoria Falls
13 Nights / 14 Days
18 May, 2 Jun, 24 Aug, 28 Sep 2026
African Jambo with Kenya
14 Nights / 15 Days
23 May 2026
Whole of South Africa with Kruger
13 Nights / 14 Days
5,15,19,20,25,27 May, 3, 6, 13, 20 Jun, 4,15 Jul, 8, 14 Aug,1, 17 Sep 2026
OUR MUMBAI LOCATIONS
Andheri, Goregaon, Kandivali, Mira Road, Opera House
Sion, Ghatkopar, Thane, Mulund, Kharghar, Pune
+91 98199 30022
www.flamingotravels.co.in
Advt.

# એક વિધુર પોતાનો સમય કેવી રીતે પસાર કરતો...

તે દરરોજ કૅફેમાં આવીને સૌથી સસ્તી કૉફી મંગાવતો અને પછી ત્રણ કલાક સુધી શાંતિથી બેસી રહેતો. એક દિવસ તે આવવાનું બંધ થયું... અને પછી તેની દીકરી આવી.

હું મેપલ અને થર્ડના ખૂણે એક નાનું કૅફે ચલાવું છું. કોઈ ભવ્યતા નથી - થોડાં લાકડાનાં ટેબલ, હૂંફાળો પ્રકાશ, અને એવું વાતાવરણ કે જ્યાં નિયમિત આવતા લોકો પરિવાર જેવા લાગી પડે.

એટલે જ તે પ્રથમ દિવસે અંદર આવ્યો ત્યારે મારી નજર તરત તેના પર ગઈ. તે વયસ્ક હતો - કદાચ સિત્તેરના અંતમાં. કોટની બાયો ઘસાઈ ગયેલી, જૂતાં થોડાં પાતળા, ચાલ ધીમી હતી, પણ ગૌરવભરી. તેણે મેનૂમાં સૌથી સસ્તી વસ્તુ મંગાવી - નાની બ્લૅક કૉફી. પછી તે બારી પાસેના ટેબલ પર જઈને બેસી ગયો. ત્રણ કલાક સુધી. ન મોબાઈલ, ન પુસ્તક. માત્ર શાંતિથી બેઠો રહે, અને ક્યારેક બહાર જતા લોકોને નિહાળે.

બીજા દિવસે ફરી આવ્યો. એ જ કૉફી. એ જ ટેબલ. એ જ ત્રણ કલાક. અઠવાડિયું પૂરું થતાં કેટલાક ગ્રાહકો કાનાફૂસી કરવા લાગ્યાઃ ''જગ્યા પકડીને બેસી રહે છે.''

''માત્ર એક કૉફી લઈને એટલો સમય બેસવું યોગ્ય નથી.''

'' કયાંક ઘરવિહોણો તો નથી ને ?''

પણ મને તેમાં ક્યારેય અડચણ જેવી લાગણી નહોતી. તે હંમેશા ''આભાર'' કહેતો. જતાં પહેલાં પોતાનું ટેબલ સાફ કરીને જતો. અને થોડાં સિક્કા ટિપ તરીકે મૂકી જતો - જ્યારે મને સ્પષ્ટ દેખાતું કે એ કૉફી પણ કદાચ તેના માટે ભારે પડતી હશે. એટલે મેં તેને રહેવા દીધો.

એક બપોરે, હું તેની કૉફી લઈને ગયો ત્યારે સાથે બ્રેડનો એક ટુકડો પણ મૂકી દીધો. તે ઉપર જોઈને બોલ્યો, ''આ મેં મંગાવ્યું નથી.'' મેં હળવેથી કહ્યું, ''આ અમારા તરફથી'' થોડું અટક્યો... પછી માથું હલાવ્યું. ''આભાર.''

પછીના અઠવાડિયે મેં નાનું સૂપનું બાઉલ ઉમેર્યું. ક્યારેક મીઠાઈ પણ. પણ તેણે



ક્યારેય કૉફી સિવાય કશું માંગ્યું નહીં. કોઈ ફરિયાદ નહીં. માત્ર શાંતિથી બેસી રહે - જાણે આ કૅફે જ એકમાત્ર જગ્યા હોય જ્યાં તેને સુરક્ષા અને સાંત્વના મળે.

ધીરે ધીરે મને ખબર પડી કે તેનું નામ વૉલ્ટર હતું. તેની પત્નીનું બે વર્ષ પહેલાં અવસાન થયું હતું. એક વાર તેણે ધીમેથી કહ્યું: ''ઘર બહુ શાંત લાગે છે... અહીં જીવનનો અવાજ છે.'' આ વાક્ય મારા મનમાં રહી ગયું. તે ખાવા માટે આવતો નહોતો. તે આવતો હતો જીવનના અવાજ માટે, ઉષ્ણતા માટે, અને એકલતા ન અનુભવાય એ માટે.

પછી એક દિવસ તે આવ્યો જ નહીં. મેં મનમાં કહ્યું - કદાચ તબિયત બગડી હશે. બીજા દિવસે પણ નહીં. એક અઠવાડિયું પસાર થયું. પછી બે અઠવાડિયા.. દરરોજ બપોરે ૨:૧૫ વાગ્યે, જ્યારે તે આવતો, મારી નજર અજાણતાં જ દરવાજા તરફ ફરી જતી.

એક મહિના પછી, મારી જ ઉંમરની એક સ્ત્રી કૅફેમાં આવી. તે ચારે તરફ એવી રીતે જોઈ રહી હતી જાણે કંઈ શોધતી હોય.

''તમે માલિક છો ?'' તેણે પૂછયું.

મેં માથું હલાવ્યું.

''મારા પિતા અહીં આવતા. વૉલ્ટર.''

મારું હૃદય ધબકતું થયું.

''કેટલાક દિવસથી તેઓ દેખાયા નથી,'' મેં ધીમેથી કહ્યું.

તે દુઃખભર્યું સ્મિત કરીને બોલીઃ ''ગયા મહિને તેમનું અવસાન થયું.'' આ શબ્દો મને અપેક્ષા કરતાં વધુ ઊંડા વાગ્યા.

''મને ખૂબ દુઃખ છે,'' મેં કહ્યું.

તે આગળ બોલીઃ ''આ જગ્યાની વાત તેઓ સતત કરતા. તેઓ તેને પોતાનું 'બીજો બેઠકખંડ' કહેતા.''

તેણે બેગમાંથી એક લિફાફો કાઢ્યો.

''આ તમારા માટે મૂકી ગયા છે.''

મારા હાથ થોડા ધ્રુજતા હતા જ્યારે મેં તે ખોલ્યો. અંદર હાથથી લખેલો પત્ર હતો.

**''દયાળુ કૅફે માલિકને'',**

કદાચ તમને ખબર નહીં હોય, પણ તમે મને માત્ર કૉફીથી ઘણું વધુ આપ્યું. મારી પત્ની ગયા પછી દિવસો બહુ લાંબા લાગતા, હું મારી દીકરી પર ભાર બનવા માંગતો નહોતો, તેને મારી એકલતા દેખાય એ પણ ન્હોતો ઈચ્છતો. તમારા કૅફેએ મને દરરોજ ઉઠવા માટે એક કારણ આપ્યું. વધારાની

બ્રેડ, સૂપ - મને ખબર હતી કે એ સહજ નહોતું. તમે મને જોયો, મારી ઉંમરે એ જ સૌથી મોટું સાંત્વન હોય છે.

એક વૃદ્ધને જગ્યા લેવા દીધી - તેના માટે આભાર.

-વૉલ્ટર

સાથે એક નાનો ચેક પણ હતો.

ખૂબ મોટો નહીં, પણ તેણે મારા કૅફેમાં જેટલો ખર્ચ કર્યો હતો તેના કરતાં ઘણો વધારે.

તેની દીકરી ધીમેથી બોલી: ''આ કરુણાકોષ છે. તેમણે કહ્યું હતું કે આથી તમે બીજા કોઈ એવા માણસને મદદ કરજો જેને ફક્ત બેસવા માટે હૂંફાળી જગ્યા જોઈએ.''

ક્ષણભર મારે નજર ઝુકાવવી પડી.

પછી હું બારી પાસેના તેના ટેબલ સુધી ગયો. ખુરશી ખાલી હતી. પણ ખાલી જેવી લાગતી નહોતી. પછીના અઠવાડિયે મેં ત્યાં નાનું બોર્ડ મૂક્યું:

''જો તમને હૂંફાળી જગ્યા પર થોડું બેસવું હોય, તો અહીં તમારું હાર્દિક સ્વાગત છે.'' કંઈ ખરીદવું ફરજિયાત નથી.

ત્યારથી અનેક લોકો એ બેઠક પર બેઠા છે. નોકરીઓ વચ્ચે અભ્યાસ કરતો વિદ્યાર્થી, ગૂંથણ લઈને આવતી એક વિધવા, માત્ર થોડું મૌન ઈચ્છતો એક માણસ, અને જ્યારે પણ હું તેમને કૉફી આપું - ક્યારેક સાથે બ્રેડનો ટુકડો પણ - ત્યારે મને વૉલ્ટર યાદ આવે છે.

તે દરરોજ આવતો અને સૌથી સસ્તી કૉફી મંગાવતો. કેટલાક લોકો કહેતા કે તે જગ્યા પકડી રાખે છે. પણ તેણે મને એક સરળ અને શક્તિશાળી પાઠ શીખવ્યો: ક્યારેક કોઈને આપવાની સૌથી કિંમતી વસ્તુ ભોજન નથી હોતી; તે હોય છે - તેને એકલું ન લાગવા દેતી હૂંફાળી હાજરી. અને ઘણી વાર સૌથી શાંત આવનારા જ સૌથી ઘેરી છાપ છોડી જાય છે.

- અજ્ઞાત

---

# પરિવર્તનને સ્વીકારો



જિંદગીમાં કેટલીક વાર આપણા પોતાના ઈચ્છિત પરિવર્તન હોય છે તો ક્યારેક અનિચ્છીત હોય છે... ક્યારેક એ અચાનક થાય છે અને ક્યારેક ખૂબ જ મોડા ઘણી વાર આપણી જિંદગીમાં થતા પરિવર્તનથી આપણે વાકેફ હોઈએ છે અને ઘણીવાર ખબર પણ નથી પડતી અને આપણે બદલાઈ જતા હોઈએ છે... પરિબળો ઘણા છે અને એ પરિવર્તનને સ્વીકારતી વખતે આપણે કેવા મૂડમાં હોઈએ છીએ એનો સ્વીકાર એના પર અવલંબિત હોય છે.

આજનો દિવસ, આજની તારીખ, આજનું વર્ષ, આ કલાક, આ મિનિટ, આ સેકંડ પરિવર્તિત થતાં જ રહે છે અને એ આપણા માટે સહજ પરિવર્તન છે... સોમથી રવ ક્યારે થઈ જાય છે ખબર પડતી નથી...

કાલે જન્મેલું સંતાન ક્યારે મોટું થાય અને એનું પણ સાંતન આપણા ખોળામાં રમે એ રમત પણ વર્ષોની નહિ પણ થોડા કલાકમાં રમાઈ ગઈ હોય એવું લાગે છે... અને જ્યારે પ્રિયજનની રાહ જોતા હોઈએ ત્યારે એક એક પળ એક એક યુગ જેવી લાગે છે. રામાયણમાં સીતા માતા રામ સાથે વનમાં ગયેલા... ત્યારે લંકા માં એમને રામ ના વિરહમાં કાઢેલો સમ. અને રામે એમની શોધમાં કાઢેલો સમય એમને કેટલો વસમો લાગ્યો!!!!! પણ એક વાર યાદ કરો એ ઉર્મિલાને જેને લક્ષ્મણની રાહમાં એકલા રહીને આ ચૌદ વર્ષ કાઢયા... કોઈ ફરિયાદ વગર લક્ષ્મણ ભાઈની સેવામાં જતા રહ્યા... એમને સમય સ્થિર લાગ્યો હશે. પણ સમય તો પળે પળે પરિવર્તિત થતો રહ્યો અને ચૌદ વર્ષને અંતે ફરી ઉર્મિલા અને લક્ષ્મણ સન્મુખ થયા...

નાનકડું ઝભલું ક્યારે ઝભ્ભામાં પરિવર્તિત થાય છે અને માંનું પયપપાન થાળીમાં ભરેલો રસથાળ બની જાય છે... પોરબંદરની શેરીમાં રમેલો મોહન આખી દુનિયામાં મહાત્મા તરીકે પૂજાય છે અને વાલીયો લુટારો વાલ્મિકી બનીને રામાયણનો રચયિતા બની જાય છે... રત્નાવલી નો રોષ મોહાંધ પતિને તુલસીદાસ રૂપે ચંદન ઘસાવે છે અને જેનું તિલક કરવા ખુદ ભગવાન રામ ચિત્રકૂટ આવે છે...

જો તમે પરિવર્તનને નહીં સ્વીકારો તો ફરિયાદોના પોટલા સાથે જીવન ના દુનિયા ના પ્રવાહમાંથી ફેંકાઈ જશો... પરિવર્તનના વહેણને અનુકુળ થશો તો જીવનમાં પોતાના લક્ષ્ય સુધી પહોંચી શકશો....

પણ સાચું કહું તો જે વ્યક્તિ અર્જુનની જેમ લક્ષ્યની આંખ જ જુવે છે તેને પરિવર્તનના પ્રવાહી પણ ડરાવી શકતા નથી એ લોકો પ્રવાહને અનુકૂળ નથી થતા પણ પ્રવાહ એમને અનુકૂળ થાય છે... હવાની દિશા માં તે લોકો જતા નથી પણ હવા એમની દિશામાં જાય છે.

...અને સમાજમાં થયેલા મોટા મોટા પરિવર્તનો આવા ધૂની લોકોને આભારી છે... સમજ છે પરિવર્તનને સમજવાની...

❖❖❖

# ઊંચી હિંમત ને સાફ નિયત

કુમારપાળ દેસાઈ

વિક્રમ સંવત ૧૬૩૯ના જેઠ મહિનાની વદ ૧૩ અને શુક્રવારે આચાર્યશ્રી હીરવિજયસૂરિજી ફતેહપુર પહોંચ્યા. શહેનશાહ અકબરને આચાર્યશ્રીનાં દર્શનની ઇચ્છા જાગી હોવાથી એમને આવતા જોઈને સિંહાસન પરથી ઊતરી અકબરે સામે ચાલીને પ્રણામ કર્યા. અકબરના ત્રણ રાજકુમારો શેખ સલીમ, મુરાદ અને ધનિયાલે એમને નમસ્કાર કર્યા.

આ સમયે ફતેહપુર સિક્રીના શાહીમહેલમાં કીમતી ગાલીચા બિછાવેલા હતા. આચાર્યશ્રી હીરવિજયસૂરિજીએ તેના પર ચાલવાની ના પાડી. આખો રાજદરબાર સ્તબ્ધ બની ગયો. એવું તે શું થયું કે આચાર્યશ્રી દરબારના દ્વાર પર અટકી ગયા?

આશ્ચર્યચકિત શહેનશાહ અકબરે આનું કારણ પૂછતાં આચાર્યશ્રીએ કહ્યું કે વર્ષોથી ઢાંકેલી જમીન પર અમે પગ મૂકતા નથી.

અકબરે પ્રશ્ન કર્યો, ''આની પાછળ કોઈ કારણ ખરું?''

આચાર્યશ્રીએ કહ્યું, ''આનું કારણ એ કે કદાચ એની નીચે કીડી અને જીવજંતુ હોય તો તે કચડાઈ જાય. આપમા પ્રમાદને કારણે હિંસા થાય તે કેમ ચાલે?''

શહેનશાહ અકબરે કહ્યું, ''આ તો શાહીમહેલના કીમતી ગાલીચા છે. રોજ સફાઈ થાય છે. એની નીચે કોઈ જીવજંતુ હોય તેવી શક્યતા નથી. આમ છતાં આપ કહો તો જરા ગાલીચા ઉપાડવાનું કહું.''

શહેનશાહ અકબરે ગાલીચા ઉપાડવાનું ફરમાન કર્યું, તો ખ્યાલ આવ્યો કે એની સેંકડો કીડીમંકોડા અને જીવજંતુઓ હતાં.

શહેનશાહે જ્યારે જાણ્યું કે આચાર્યશ્રી દોઢેક વર્ષ પગપાળા ચાલીને ગંધાર બંદરેથી અહીં આવ્યા છે, ત્યારે આશ્ચર્યચકિત શહેનશાહે કહ્યું કે આપ મારી કોઈ ભેટનો સ્વીકાર કરો.

આચાર્યશ્રીએ કહ્યું કે તેઓ આવું કશું સ્વીકારી શકે નહીં, એમ છતાં જો આપવું જ હોય તો પાંજરામાં પૂરેલાં પશુ-પંખીને મુક્ત કરો. ડાબર નામના બાર કોશના વિશાળ તળાવમાં હજારો જાળો નાખીને થતી માછીમારી બંધ કરાવો. પર્યુષણ પર્વના દિવસોમાં કોઈ પણ માનવી કોઈ પણ પ્રકારની હિંસા ન કરે તેવું ફરમાન કરો. વર્ષોથી કેદમાં પડેલા કેદીઓને મુક્ત કરો.

શહેનશાહ અકબરે સૂરિજીની આજ્ઞા પ્રમાણે કર્યું. તેમાં પણ પર્વાધિરાજ પર્યુષણ પર્વના આઠ દિવસમાં બાદશાહે પોતાના તરફથી વધુ ચાર દિવસો ઉમેરીને બાર દિવસ માટે જીવવધ બંધ કરવાનો હુકમ આપ્યો.

વળી ગુજરાત, માળવા, અજમેર, દિલ્લી-ફતેહપુર, લાહોર અને મુલતાન સુધીના પોતાના સામ્રાજ્યમાં આ ફરમાન મોકલી આપ્યાં. એજ રીતે ગિરનાર, તારંગા, શત્રુંજય, કેસરિયાજી, આબુ રાજગૃહી અને સમેતશિખરજી જેવાં તીર્થોમાં આસપાસ કોઈએ જીવહિંસા કરવી નહિ એવું ફરમાન કર્યું.

આ ફરમાનમાં શહેનશાહ અકબરે કહ્યું કે સમસ્ત પશુ ઈશ્વરનાં બનાવેલાં છે. એ બધાથી કોઈ ને કોઈ લાભ થાય છે. એમાં ગાયની જાતિ, પછી તે માદા હોય કે નર, લાભ આપનારી છે, કારણ કે મનુષ્ય અને પશુ અન્ન ખાઈને જીવે છે. અન્ન ખેતી વિના નથી ઉત્પન્ન થતું. ખેતી હળ ચલાવવાથી જ થઈ શકે છે અને હળોનું ચલાવવું બળદો પર આધાર રાખે છે, તેથી સ્પષ્ટ છે કે સમસ્ત સંસાર, પશુઓ તથા મનુષ્યોનાં જીવનનો આધાર એક ગાય જાતિ જ છે.

અકબર ફરમાન કરતાં કહે છે, ''આ કારણોથી અમારી ઊંચી હિમ્મત અને સાફ નિયતનો તકાદો છે કે અમારા સામ્રાજ્યમાં ગૌહત્યાની રસમ બિલકુલ ન રહે. એટલા માટે આ શાહી ફરમાનને જોતાં જ સહુ રાજકર્મચારીઓએ આ બાબતમાં વિશેષ રૂપે પ્રયત્ન કરવો જોઈએ, જેથી શાહી ફરમાન અનુસાર હવેથી કોઈ ગામ કે શહેરમાં ગૌહત્યાનું નામનિશાન પણ ન રહે.

''જો કોઈ આદમી આ આજ્ઞાનું ઉલ્લંઘન કરી, વર્જિત કામને નહીં છોડે તો તેને સુલતાની કોપમાં, જે ઈશ્વરીય કોપનો નમૂનો છે, ફસાવું પડશે અને તેને દંડ દેવામાં આવશે. આ ફરમાનનું જે ઉલ્લંઘન કરશે તેના હાથ-પગની આંગળીઓ કાપી નાખવામાં આવશે.

શહેનશાહ અકબરે સમગ્ર ભારતવર્ષમાં છ મહિના સુધી એક પણ પ્રાણીની કતલ ન થાય તેવો કાયદો કર્યો. એટલું જ નહીં, પણ એણે એના રોજના આહારમાં પરિવર્તન કર્યું. શાહીકુટુંબ દ્વારા ખેલાતા શિકારમાં સેંકડો પ્રાણીઓની ક્રૂર હત્યા થતી હતી, તેના પર પ્રતિબંધ મૂક્યો. આથી જ શહેનશાહ અકબરે પોતાને નવી દૃષ્ટિ આપનાર અને પ્રાણીમાત્રના કલ્યાણની ખેવના કરનાર આચાર્ય હીરવિજયસૂરિજીને વિક્રમ સંવત ૧૬૪૦માં 'જગદ્‌ગુરુ'ની પદવી આપી.

❖❖❖

# પ્રવાસ શ્રદ્ધાનો

સંગીતા ઠક્કર



'**શ્રદ્ધા**' ધીરેનભાઈ અને ભાવનાબેનની દીકરી અને દાદા-દાદીની લાડકી પૌત્રી. ઘરમાં બધાની વચમાં ખૂબ જ લાડ-કોડથી ઉછરતી હતી. ભાવનાબેન ખૂબ જ ધનવાન પરિવારમાંથી હતા અને ધીરેનભાઈ એક મામૂલી નોકરી કરતા હતા જ્યાં એમનો પગાર માત્ર રૂા. ૨૫૦/- જ હતો. દિવસો પસાર થતા હતા ત્યાં અચાનક ધીરેનભાઈ અને એમના બાપુજી વચ્ચે નાની એવી વાત માટે બોલાચાલી થઈ ગઈ અને ધીરેનભાઈએ 'શ્રદ્ધા' તથા ભાવનાબેન સાથે ઘર છોડી દીધું અને શ્રદ્ધા દાદા-દાદીના પ્રેમથી વંચિત થઈ ગઈ. ભાવનાબેન અને ધીરેનભાઈ દાદા-દાદીથી અલગ થઈ બીજે રહેવા ગયા.

એક રૂમના નાનકડા ઘરમાં ભાવનાબેન અકડાતા હતા અને માત્ર રૂા. ૨૫૦/- મા 'શ્રદ્ધા' ને મોટી કરવી એ એમના માટે મુશ્કેલ થતું હતું. ધીમે ધીમે ભાવનાબેન અને ધીરેનભાઈ વચ્ચે ઝઘડા થવાના ચાલુ થઈ ગયા અને આ માહોલમાં શ્રદ્ધા મોટી થવા માંડી. મનમાં એક ભય, પપ્પાનો ડર અને મમ્મીનો ગુસ્સો આ બધા વચ્ચે શ્રદ્ધા અકડાવા લાગી. અહીંયાથી 'શ્રદ્ધા'નો પ્રેમ ગોતવાનો પ્રવાસ શરૂ થયો. મમ્મી-પપ્પા દીકરીની જરૂરીયાતો સમજ્યા વગર ઝઘડતા જ રહેતા હતા અને શ્રદ્ધા બહેનપણીઓપાસેથી પ્રેમની અપેક્ષા રાખતી હતી. બીજી બાજુ દાદાનું અવસાન થઈ ગયું અને શ્રદ્ધા દાદીની લાડકી હોવાથી દાદી પાસે જવા મંડી. દાદી શ્રદ્ધાને ઘરનું કામ પણ શીખવાડતા અને લાડ પણ કરતાં. ભણતર અને દાદીની કેળવણી સાથે શ્રદ્ધા મોટી થઈ ગઈ કોલેજ જાવા મંડી પણ મમ્મી પપ્પાનો પ્રેમ ન પામી શકી. પપ્પાનું વર્તન જોઈને શ્રદ્ધાને માણસ જાત પ્રત્યે ખૂબ જ નફરત થવા મંડી અને લગ્ન ન કરવાનો નિર્ણય લઈ લીધો.

ભાવનાબેનની ઈચ્છા હતી કે શ્રદ્ધાને ખૂબ જ પૈસાવાળું ઘર મળે જેથી એમની દીકરીને બધું જ સુખ મળે જે એમને નથી મળ્યું. શ્રદ્ધા બહુજ રૂપાળી, દેખાવડી, સમજુ અને ભણેલી છોકરી. પ્રેમની ખોજમાં નીકળી પડી હતી એટલે જેમ સખીઆએ કહેતી એમ તે કરતી અને એક વખત તો સખીઓને ખુશ કરવા શ્રદ્ધો એના પપ્પાના જ પૈસાની ચોરી કરી. બીજા ઘણાએ શ્રદ્ધાનો ફાયદો ઉપાડવાની કોશીશ કરી પણ ભોળી શ્રદ્ધાનો હંમેશા 'સર્જનહારે' સાથ દીધો અને એને બચાવતા આવ્યા.

ભાવનાબેનની જીદથી શ્રદ્ધાને એક અમીર ખાનદાનમાં એનાથી ૧૫ વર્ષ મોટા છોકરા સાથે પરણાવી દેવામાં આવી અને મમ્મી-પપ્પા પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા.

સાસરે ગયેલી શ્રદ્ધાને માઁ-બાપ પ્રત્યે નફરત થઈ ગઈ અને જે મળે એમાં ખુશી માનીને પોતાનું જીવન ચાલુ કર્યું. માણસજાત પ્રત્યે નફરત રાખવાવાળી શ્રદ્ધાને પતિ પણ ધીરેનભઆઈ જેવો જ ગુસ્સાવાળો મળ્યો. શ્રદ્ધાના આ પ્રવાસમાં કોઈ એનો સાથ દે એમ હતું નહી અને જે એને મળ્યું એ એના ભાગ્ય સમજીને કબૂલ કરી લીધું.

પાંચ વર્ષ પછી શ્રદ્ધાને ત્યાં એક પુત્રીનો જન્મ થયો અને એ બધું જ ભૂલી ગઈ અને પોતાની દીકરી 'માંહી' ને ઉછેરવામાં મસ્ત બની ગઈ.

મા-બાપ, પતિ બધાના સાથ વગર માંહીને મોટી કરવી બહુ જ અઘરી હતી પણ આગળ જતા શ્રદ્ધાને સારી નોકરી મળી ગઈ અને શ્રદ્ધા માંહીના સપના પૂરા કરવા લાગી.

વર્ષો વીતત ગયા અને માંહી મોટામાં મોટી ઈઈઈઈ બની ગઈ પણ માંહીને પણ એ જ શિકાયત છે કે એના પપ્પા કડક સ્વભાવના છે અને મમ્મી એના બધા સપના પૂરા નથી કરી શકતી.

માંહીના આવા શબ્દો સાંભળીને શ્રદ્ધાને વિચાર આવે છે કે જીંદગીના પ્રવાસમાં આટલી બધી તકલીફો સાથે દીકરીને મોટી કરી અને એ લાયક બનાવી કે ગર્વથી જીવી શકે પણ તે છતાં માંહીને હજી એ શિકાયત છે કે એને જોઈતું સુખ નથી મળ્યું તો હવે શ્રદ્ધાએ શું કરવું જોઈએ ?

શ્રદ્ધાએ પોતાના મનને એમ કહીને મનાવી લીધું કે ટ્રેનમાં બેસી ગઈ છું અને ટિકિટ કપાવી લીધી છે. સ્ટેશન આવે એટલે ઉતરવાનું છે બસ, આ પ્રવાસ પૂર્ણ થાય અને સ્ટેશન આવી જાય એટલે શ્રદ્ધા પણ ઉતરી જવાની છે અને જશે એવી જગ્યાએ જ્યાં 'સર્જનહાર' એને પ્રેમથી સ્વીકારી લેશે.

❖❖❖

# સંયુક્ત કુટુંબ, ઢાઈ આખર પ્રેમકા

**અમૃતલાલ વેગડ**

શું નહોતું કર્યું એમણે પોતાનાં બાળકો માટે ! હેતથી ઉછેર્યા, ઉત્તમ શિક્ષણ આપ્યું, ધામધૂમથી પરણાવ્યાં. બાળકો સારું કમાવા લાગ્યાં.હવે એમને માતા-પિતાની જરૂર ન રહી. તેઓ એમની ઉપેક્ષા કરવા લાગ્યાં ને એક દિવસ નોખાં રહેવા ચાલ્યાં ગયાં. જ્યાં માબાપ જ ન જોઈએ, ત્યાં સંયુક્ત કુટુંબની વાત જ ક્યાં રહી !

છેક સોળમી સદીમાં ફ્રાંસના વિચારક મોંતેઈનનું કહેવું હતું કે ઘણા લોકોનું લગ્નજીવન સુખી નથી હોતું, એથી સમાજ માટે પરિવાર અનાવશ્યક છે. પરિવાર જેવી કોઈ સંસ્થા જ ન હોવી જોઈએ. તેમ છતાં લગ્ન પણ થાય છે અને પરિવારનું અસ્તિત્વ પણ સમાપ્ત નથી થયું. કારણ કે બંને ઉપયોગી ને આવશ્યક છે.

બાળકો જુદા રહેવા એટલા માટે ચાલ્યાં ગયાં કે તેઓ વધુ સ્વતંત્રતા ભોગવી શકે અને એમની કમાણીમાં કોઈ ભાગ ન પડાવે. પરંતુ એથી સાચું સુખ મળે છે ખરું ? ધનથી ખરીદી શકાતા અસબાબોથી ખુશી મળે તો છે; પણ આંતરિક સુખ તો આપણને પરસ્પર સંબંધોથી જ મળે છે. કેટલાંક દુ:ખોથી ધન આપણી રક્ષા નથી કરી શકતું. એવા સમયે કુટુંબીજનોની હૂંફની જરૂર પડે છે. તેઓ જ આપણને આ આઘાતોનો સામનો કરવામાં સહાય કરે છે. વહેંચવાથી દુ:ખ અડધું થાય છે ને સુખ બમણું. મનુષ્ય આખરે તો સામાજીક પ્રાણી છે. એનું નિર્માણ એકલા રહેવા માટે નથી થયું. એટલે સુધી કે માણસ જો સ્વર્ગમાં પણ એકલો રહેશે, તો ત્યાં પણ એને નહીં ગમે.

કુટુંબનો પાયો છે પ્રેમ. જો પ્રેમ નહીં હોય તો સંયુક્ત કુટુંબ તો દૂર, પતિ-પત્ની પણ સાથે નહીં રહી શકે, તલાકની નોબત આવશે. અને જો પ્રેમ હશે તો ન ગમતા સ્વભાવવાળા કુટુંબીજનો પણ સાથે રહી શકશે. અમેરિકાના એક ગરીબ કિસાન છોકરાએ શહેરની એક સમૃદ્ધ છોકરી જોડે લગ્ન કર્યાં. એને પોતાની સાસુના તિરસ્કારનો સામનો કરવો પડયો. યુવા યુગલ નોખું રહેવાની સ્થિતિમાં નહોતું. તેથી તેઓ છોકરીની માની સાથે જ રહેવા લાગ્યાં અને ૩૩ વર્ષો સુધી સાથે રહ્યાં ! તે પછી એ છોકરો વ્હાઈટ હાઉસમાં રહેવા ગયો, ત્યારે પોતાની સાસુને પણ સાથે લઈ ગયો. ત્યાં પણ ભોજનના ટેબલ પર સાસુનો જ દબદબો રહેતો. ઘણાં વર્ષો બાદ ટ્રુમેનની દીકરી માર્ગારેટે કહ્યું કે મારા પિતા મારી નાનીને સહન કરતા રહ્યા કેમકે એમને મારી મા ઉપર બેહદ પ્યાર હતો !

પ્રેમના લીધે જ આપણે આપણા પ્રિયજનને એના ગુણ-અવગુણની સાથે પૂરેપૂરો સ્વીકાર કરીએ છીએ. આ પ્રેમ જ સંયુક્ત કુટુંબને તેમ જ સમસ્ત જીવનને હર્યુંભર્યું રાખે છે. સાચો પ્રેમ નિ:સ્વાર્થ હોય છે, એમાં વળતરની અપેક્ષા નથી હોતી, એકલાઅટૂલા રહેતાં કુટુંબમાં પુત્ર માત્ર પુત્ર છે. સંયુક્ત કુટુંબમાં રહેતો પુત્ર, પુત્ર તો છે જ, સાથે દાદા-દાદીનો પૌત્ર છે, કાકા-કાકીને ફોઈને ભત્રીજો છે, ભાભીનો દિયર છે, કેટલા વડીલોનો સ્નેહ એને મળે છે ! અન્ય બાળકો સાથે રહેવાથી એને વિકાસ પણ વધુ સારો થાય છે, કોઈ પણ વ્યક્તિ માટે નમ્રતા, ભદ્રતા, સહનશીલતા, સેવાપરાયણતા વગેરે આવશ્યક ગુણો છે. અને આ ગુણો કેળવવા માટે સંયુક્ત કુટુંબ આદર્શ પાઠશાળા છે. લોકો પોતાના જન્મજાત ગુણોથી એટલા ઉદાત્ત નથી બનતા જેટલા અભ્યાસથી બને છે. માણસ જેમ બુરાઈ જોઈને બુરાઈ કરવા પ્રેરાય છે. તેમ ભલાઈ જોઈને ભલાઈ કરતાં પણ શીખે છે.

સંયુક્ત કુટુંબમાં ક્યારેક વાસણ ખખડશે, મન સહેજ ખાટાંય થશે, પણ જો આપણે થોડું સહન કરતાં શીખીએ, વધુ પડતી અપેક્ષા ન રાખીએ તો થોડા સમયમાં જ બધું થાળે પડી જશે. અમારું સંયુક્ત કુટુંબ છે. અમે ઘરમાં ૨૧ સદસ્યો છીએ, રસોડું એક જ છે. ઘરમાં કદી તાળું નથી લાગતું, કોઈ ને કોઈ ઘરમાં હોય જ. આપણા ઋષિઓએ ''વસુધૈવ કુટુંબકમ''નો આદર્શ રાખ્યો હતો. આખું વિશ્વ જ આપણું કુટુંબ. આ અંતિમ છેડો છે. એનો આરંભ આપણે આપણા ઘરથી જ કરીએ. પોતાન કારમાં એકલા જવા કરતાં સંયુક્ત કુટુંબની બસમાં જવામાં વધુ આનંદ આવશે ને યાત્રા પણ આસન થશે.

જે બાળકો દાદા-દાદીનાં વહાલથી વંચિત રહી જાય છે. તેઓ જીવનની એક મૂલ્યવાન સંપદા ગુમાવી બેસે છે, તેમ છતાં નવી પેઢીમાં જુદા રહેવાની પ્રવૃત્તિ જોર પકડતી જાય છે. એક યુવતી પોતાની સહેલીને કહી રહી હતી કે બહેન, મને એવો પતિ જોઈએ કે જેને મા ન હોય, બાપ ન હોય, ભાઈ-બહેન કે કાકા-કાકી પણ ન હોય. બહેનપણીએ કહ્યું કે એવો પતિ તો બહેન, અનાથાલયમાં મળે ! આમાં વિનોદ છે તેમ વેદના પણ છે.

આપણે પ્રાકૃતિક પર્યાવરણને થઈ રહેલ નુકસાન પ્રત્યે તો સજાગ છીએ, પણ તૂટતા સંયુક્ત કુટુંબને લીધે સાંસ્કૃતિક પર્યાવરણને જે ક્ષતિ પહોંચી રહી છે તેના તરફ આપણું ધ્યાન જરા ઓછું ગયું છે. ''નગરીય સભ્યતા''ની ઘૂસણખોરી તેજીથી વધી રહી છે. આની સાથે કેટલાંક પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યો નષ્ટ થયાં. એમાં પ્રમુખ છે સંયુક્ત કુટુંબની પ્રથા. દુનિયા નાની થઈ છે. દેશો એકબીજાની નજીક આવી રહ્યા છે. ત્યારે કુટુંબના સદસ્યો એકબીજાથી દૂર જાય એ કેવું કહેવાય ? કુટુંબની સાથએ રહેવાનો હર સંભવ પ્રયત્ન કરીએ, નોખાં તો ગમે ત્યારે થઈ શકાય છે.

❖❖❖

# ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી

રોહિત શાહ

**આ**જે એક વ્યવહારુ સત્ય તમારા કાનમાં કહેવું છે. એ સત્ય આ છે : ઈશ્વર અને ધર્મને કશી લેવાદેવા નથી. ઈશ્વર અને ધર્મ વચ્ચે કોઈ નાતો નથી. ઈશ્વર વગર ચાલે, ધર્મ વગર ન ચાલે. આપણે ધર્મને વળગવાને બદલે ઈશ્વરની પાછળ ખોટેખોટા પડી ગયા છીએ. ઈશ્વરની પાછળ દોડવાથી ધર્મ ન પણ મળે, પરંતુ ધર્મને વળગી રહેવાથી ઈશ્વર (જો હોય તો) મળ્યા વગર નહીં જ રહે, ગૅરન્ટી.

એક શ્રીમંત માણસ નાસ્તિક હતો. તેણે કદીયે મંદિર-દેરાસરમાં પગ નહોતો મૂક્યો. ઈશ્વર હોય તો તે તેની સ્તુતિઓ સાંભળીને રાજી થાય અને ભક્તને વરદાનો આપવા પહોંચી જાય એ વાત તેના દિમાગમાં નહોતી બેસતી. ઈશ્વરને પોતાની સ્તુતિઓ, નામસ્મરણ અને મંત્રજાપ કરાવવામાં વળી શાનો રસ હોય? આ શ્રીમંત માણસ ઈશ્વરના નામે કદી એક પૈસો પણ નહોતો ખર્ચતો. એક વખત તેની કારને ઍક્સિડન્ટ થયો. તેના બન્ને પગે ફ્રૅક્ચર થયાં. દોઢથી બે મહિના સુધી કમ્પ્લિટ બેડ-રેસ્ટ કરવાની ડૉક્ટરે તાકીદ કરી. આખો દિવસ ઘરમાં જ પુરાઈ રહેવાની પનિશમેન્ટ થઈ હોય એવું તેને લાગ્યું. ઘરમાં મનોરંજનની ભરપૂર સગવડો હતી. સેવા માટે નોકર-ચાકરો ઘણા હતા. છતાં તે માણસ થોડા વખતમાં જ અકળાઈ ઊઠયો. એક રાત્રે તેના મનમાં સ્વાભાવિક પ્રશ્ન પેદા થયો કે મારે આટઆટલી સાહ્યબી છે, સુખ-સગવડો છે છતાં પગના ફ્રૅક્ચરને કારણે મને મારી જિંદગી બોજારૂપ અને ત્રાસદાયક લાગવા માંડી છે તો જે માણસને જન્મથી જ પગ નથી મળ્યા અથવા પોલિયો જેવી બીમારીમાં જેણે પોતાના પગ પર્મનન્ટ ગુમાવી દીધા છે તેની પીડા કેવી હશે? એમાંય જે માણસ ગરીબ હોય તેની ઉપાધિઓનો તો હિસાબ જ શી રીતે થાય?

અને એ જ ક્ષણે એ માણસે મનમાં નક્કી કર્યું કે સમગ્ર ભારતમાં શારીરિક રીતે અક્ષમ જેટલાં સ્ત્રી-પુરુષ હશે તેમને હું વિનામૂલ્ય કૃત્રિમ પગ આપીશ. એ માટે તેણે પ્રતિજ્ઞા લીધી. કરુણામાંથી પ્રગટેલો ધર્મ કદી ખતમ નથી થતો. પેલા શ્રીમંત માણસે કૃત્રિમ પગ અને વ્હીલચૅર બનાવવાની ફૅક્ટરી શરૂ કરી. ગામેગામ અને નગરેનગર ફરીને કૅમ્પ યોજ્યા. સ્થાનિક સંસ્થાઓની મદદ લઈને શારીરિક રીતે અક્ષમ હજારો લોકોને હરતા ફરતા થવાની શક્ય એટલી સગવડ કરી આપી. તમે જ કહો કે એ શ્રીમંત માણસ હવે કોઈ ખાસ તિથી-વારના દિવસે કોઈ નિશ્ચિત દેવ-દેવીના મંદિરે પગપાળા જાય નહી તોય તેને શો ફરક પડે? તે જીવનમાં ક્યારેય પાવાગઢ કે પાલિતાણાના ડુંગર ન ચડે તોય તેનું શું બગડી જાય? ઈશ્વરને મળવા માટે આપણે ઉઘાડા પગે દોડાદોડ કરવાની કશી જરૂર નથી. આપણે જીવનમાં એવાં કામ કરીએ જેથી જો ઈશ્વર હોય તો એ સ્વયં આપણને ભેટવા ઉઘાડા પગે દોડી આવે.

ગોંડલના રાજા ભગવતસિંહ એક વખત ખરા બપોરે ચાલતા ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી ઊભી હતી. તેણે મહારાજને ઓળખ્યા નહીં એટલે કહ્યું, 'ભાઈ, મને આ ઘાસનો ભારો માથે ઊંચકવામાં મદદ કર ને!' ભગવતસિંહે તે વૃદ્ધાને ટેકો કરીને ઘાસનો ભારો ઊંચકાવ્યો. વૃદ્ધાએ ખૂબ આભારવશ થઈને કહ્યું, 'આપણા રાજા જો આ રસ્તે થોડા થાકલા કરાવે તો બહુ સારું.' વૃદ્ધાને ખબર નહોતી કે તે જેની સાથે વાત કરી રહી હતી તે રાજા જ હતા. રાજા માટે 'થાકલા' શબ્દ નવો હતો. તેમણે એનો અર્થ પૂછયો. માજીએ ચાલતાં-ચાલતાં કહ્યું, 'થાકલા એટલે આમ તો કેડ (કમર) સુધીનો ઊંચો ઓટલો. બે ઊંચી પાળી પર આડો પથ્થર મૂકેલો હોય. એના પર ઘાસનો ભારો મૂકીને થાય ખાઈ શકાય. નીચેના ભાગમાં છાંયડો પણ મળે. થાક ખાધા પછી ઓટલા પરથી વજનદાર ભારો જાતે પોતાના માથે ચડાવવાની સગવડ રહે. કોઈ માણસના ટેકા વગર એ કામ થઈ શકે.'

ભગવતસિંહ ગોંડલમાં થોડા-થોડા અંતરે રસ્તા પર એવા થાકલા બનાવડાવ્યા. બોલો, આ રાજા કોઈ મંદિર કે આશ્રમ ન બનાવે તો તેનું શું ખરાબ થઈ શકે? ઈશ્વર સ્વયં આવા પુણ્યાત્માઓને ઢૂંઢતો હશે. આપણે ઈશ્વરના નામે અને ભક્તિના બહાને ધર્મને જ ચૂકી જતા હોઈએ એવો મને પાકો વહેમ છે. માણસના જીવનને ઉજ્જ્વળ એ પારદર્શક બનાવવા માટે ધર્મના કોઈ જ વિકલ્પ નથી. જો કે ધર્મને ઈશ્વર સાથે કે સંપ્રદાયો સાથે કશી જ લેવાદેવા નથી. ધર્મ કોઈ પણ હોય, એનો એકમાત્ર ઉદ્દેશ એટલો જ હોય છે કે માણસ સારો માણસ બને. ઈશ્વર પ્રાપ્તિની અપેક્ષા પણ ખરી પડે અને મોક્ષની કે સ્વર્ગની લાલચ પણ છૂટી જાય ત્યાર પછી આપણી પાસે જે ઉમદા તત્ત્વ રહે એને હું ધર્મ સમજું છું. એવો ધર્મ આપણને સૌને મળે અને ફળે તો નો-પ્રૉબ્લૅમ.

(સાભાર)

# પ્રવાહણ રાજાના પાંચ પ્રશ્નો

**દર્શાલી સોની**

પંચાલ દેશમાં પ્રવાહણ નામના રાજા સફળ રીતે રાજ્યનું શાસન કરતા. તેઓ રાજા જીવલના પુત્ર હતા અને ખૂબ જ જ્ઞાની હતા. પ્રવાહણ રાજાના રાજ્યમાં અનેકવાર ધર્મચર્ચાના કાર્યક્રમ ગોઠવવામાં આવતા. એકવાર આરુણી ઋષિના પુત્ર શ્વેતકેતુ પંચાલ દેશમાં ધર્મચર્ચામાં ભાગ લેવા પહોંચી ગયા.

શ્વેતકેતુને જોઈને રાજા પ્રવાહણએ પૂછ્યું, ''હે કુમાર ! શું તમે તમારું શિક્ષણ પૂરું કરી લીધું છે ?''

આથી શ્વેતકેતુએ જવાબ આપ્યો, ''હા, મહારાજ. મેં શિક્ષણ પૂરું કરી લીધું છે.''

રાજા પ્રવાહણએ પૂછ્યું, ''શું તમારા પિતાએ તમને બ્રહ્મજ્ઞાન આપ્યું છે ?''

શ્વેતકેતુ તરત જ બોલ્યા, ''હા, મારા પિતાએ મને ઉત્તમ રીતે બ્રહ્મજ્ઞાન સમજાવ્યું છે.''

રાજા પ્રવાહણને શ્વેતકેતુની વાત પર વિશ્વાસ ન આવ્યો. આથી થોડીવાર રહીને રાજા પ્રવાહણ બોલ્યા, ''જો તમે મને થોડાક પ્રશ્નોના જવાબ આપી શકશો તો હું માની લઈશ કે તમારી પાસે ખરેખર બ્રહ્મજ્ઞાન છે.''

''તમે જે કંઈપણ પ્રશ્નો પૂછશો, તે દરેક પ્રશ્નોનો હું જવાબ આપીશ.'' શ્વેતકેતુઋષિ ગર્વથી બોલ્યા.

આથી રાજા પ્રવાહણએ પહેલો પ્રશ્ન પૂછ્યો, ''મનુષ્યજાતિ પૃથ્વીલોકમાંથી મૃત્યુ પામીને કયાં જાય છે ?''

રાજાએ બીજો પ્રશ્ન એ પૂછ્યો, ''એકવાર મૃત્યુ બાદ તે જ મનુષ્ય જાતિ ફરીથી પૃથ્વી પર કઈ રીતે જન્મ લે છે ?''

''દેવલોક અને પિતૃલોકનો માર્ગ કઈ રીતે જોડાયેલા છે ?''- આ રાજાનો ત્રીજો પ્રશ્ન હતો.

રાજાએ ચોથો પ્રશ્ન પૂછ્યો, ''આ દેવલોક શા માટે લોકોથી ભરાઈ જતો નથી ?''

રાજા પ્રવાહણએ પાંચમો પ્રશ્ન હવન વિશે પૂછ્યો, ''હવનમાં આહુતિ આપ્યા બાદ સોમરસ કઈ રીતે મેળવી શકાય ?''

શ્વેતકેતુ આ પાંચ પ્રશ્નોમાંથી એક પણ પ્રશ્નનો જવાબ આપી ન શક્યા. આથી તે ચૂપ થઈ ગયા.

શ્વેતકેતુને ચૂપ જોઈને રાજા પ્રવાહણ બોલ્યા, ''હે ઋષિ ! તમે તો કહેતા હતા ને કે તમે બ્રહ્મજ્ઞાની છો. તમારી પાસે તો મારા એકપણ પ્રશ્નના જવાબ નથી.''

શ્વેતકેતુનું શરમથી માથું ઝૂકી ગયું. થોડીવાર પછી તે બોલ્યા, ''મહારાજ ! સાચી વાત તો એ છે કે તમે જે પ્રશ્નો પૂછ્યા તે અંગે મારી પાસે કોઈ જ્ઞાન નથી. જે બાબતનું મને જ્ઞાન જ ન હોય તેના વિસે હું તમને કઈ રીતે સમજાવી શકું ?''

શ્વેતકેતુની વાત સાંભળી રાજા પ્રવાહણ બોલ્યા, ''જો તમને આ બધા પ્રશ્નોના જવાબ ખબર ન હોય તો તમે કઈ જ ભણ્યા ન કહેવાય. આથી જાવ અને પહેલા તો પૂરી વિદ્યા પ્રાપ્ત કરો. અધૂરા જ્ઞાનવાળા વ્યક્તિ પર લોકો હસે છે.''

રાજા પ્રવાહણની આટલી વાત સાંભળી શ્વેતકેતુ પોતાના આશ્રમમાં પાછા ફર્યા. ત્યાં જઈને તેણે તેના પિતાને કહ્યું, ''પિતાજી ! તમે મને જેટલું જ્ઞાન આપ્યું છે, તે પૂરતું નથી. મને પંચાલના રાજા પ્રવાહણએ પાંચ પ્રશ્નો પૂછ્યા તેમાંથી એકપણ પ્રશ્નોના જવાબ હું આપી શક્યો નહીં. સાચું કહું તો એ વાતથી મને તો શરમ આવે છે કે મારી પાસે હજુ સુધી પૂર્ણ બ્રહ્મજ્ઞાન પણ નથી.''

આટલું સાંભળી આરુણી ઋષિ બોલ્યા, ''બેટા, રાજાએ કયાં પાંચ પ્રશ્નો તને પૂછ્યા હતા તેના વિશે મને જણાવ.''

આથી શ્વેતકેતુએ એ બધા જ પાંચ પ્રશ્નોનું વર્ણન કર્યું. આ પાંચ પ્રશ્નો સાંભળીને આરુણી ઋષ બોલ્યા, ''આ પાંચ પ્રશ્નોના જવાબ તો મને પણ ખબર નથી.''

થોડીવાર ચૂપ રહીને આરુણી ઋષિ બોલ્યા, ''હે પુત્ર ! રાજા પ્રવાહણ તો મહાન બ્રહ્મજ્ઞાની છે. ચાલ, આપણે બંને તેની પાસે જઈને અને આ પ્રશ્નોના જવાબ જાણીએ. તે જ આપણને સાચું જ્ઞાન આપી શકશે.''

ત્યારબાદ બંને પિતા-પુત્ર રાજા પ્રવાહણ પાસે ગયા. તેણે રાજા પાસે જઈને જવાબ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. રાજા તો તેઓને જોઈને ખુશ થઈ ગયા. તે દાનરૂપે બંનેને નાણા આપવા લાગ્યા. પરંતુ આરુણી ઋષિએ કહ્યું, ''હે મહારાજ ! અમારી ઈચ્છા દાન ગ્રહણ કરવાની નથી. અમે જ્ઞાન ગ્રહણ કરવા ઈચ્છીએ છીએ. આથી પેલા પાંચ પ્રશ્નોના ઉતર આપીને અમારી અજ્ઞાનતા દૂર કરો.''

આરુણી ઋષિ જ્ઞાની હોવા છતાં આ પ્રશ્નોના જવાબ જાણતા ન હતા એ જાણીને રાજાને ખૂબ દુ:ખ થયું. તેણે વિચાર્યું, 'આ વ્યક્તિ બ્રાહ્મણ હોવા છતાં અધૂરું આધ્યાત્મિક જ્ઞાન ધરાવે છે. આ વાત યોગ્ય નથી.' થોડીવાર પછી રાજા પ્રહાવણએ બ્રહ્મજ્ઞાન આપવાનું શરુ કર્યું.

પહેલો પ્રશ્ન છે: ''મનુષ્યજાતિ પૃથ્વીલોકમાંથી મૃત્યુ પામીને કયાં જાય છે ?''

તેનો જવાબ છે : ''મૃત્યુ પછી દરેક જીવ નવો જન્મ લે છે. તે જ સંસારનો નિયમ

છે. તેણે સારા કર્મ કર્યા હોય તો સારી જાતિમાં જન્મ મળે છે. ખરાબ કર્મો કર્યા હોય તો પ્રાણી અથવા અન્ય કોઈ જાતિમાં જન્મ મળે છે.''

બીજો પ્રશ્ન : ''એકવાર મૃત્યુ બાદ તે જ મનુષ્ય જાતિ ફરીથી પૃથ્વી પર કઈ રીતે જન્મ લે છે ?''

જવાબ છે : ''મૃત્યુ પછી દરેક જીવ પાસે બે માર્ગ હોય છે. જો જીવે ખૂબ જ સારા કર્મો કર્યા હોય, આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય, ધર્મનું પાલન કર્યું હોય, ધ્યાન ધર્યું હોય; તો તે મોક્ષ પામે છે. ટૂંકમાં તે મોક્ષમાર્ગ પસંદ કરે છે. આ ઉપરાંત જે જીવ સારા કર્મો કરે છે. લોકોની સેવા કરે છે. લોકો માટે જીવે છે. તે જીવ સંસારમાં ફરી જન્મ લે છે. તેમજ ખૂબ જ સુખ શાંત ભોગવે છે. પરંતુ જો જીવન-મરણના ચક્રમાંથી છૂટવું હોય તો મોક્ષમાર્ગ જ ઉત્તમ છે.''

ત્રીજો પ્રશ્ન : ''દેવલોક અને પિતૃલોકનો માર્ગ કઈ રીતે જોડાયેલા છે ?''

જવાબ છે : ''આ પ્રશ્નનો જવાબ બીજા પ્રશ્નના જવાબમાંથી જ મળી જશે. ટૂંકમાં સારા કર્મો કરો તો પૃથ્વીલોક અને વધુ સારા કર્મો કરો તો દેવલોકમાં જવા મળે છે. એટલે કે મોક્ષની પ્રાપ્તિ થાય છે.''

ચોથો પ્રશ્ન : ''આ દેવલોક શા માટે લોકોથી ભરાઈ જતો નથી ?''

જવાબ છે: ''દેવલોક અને પિતૃલોકની વાત ખૂબ જ સ્પષ્ટ છે. જે લોકો ઉત્તમ કર્મો કરે તે દેવલોકને પામે છે. લોકો માટે જીવનાર જીવ પૃથ્વીલોકમાં જ જન્મ લઈને સુખ-સમૃદ્ધિ પામે છે. સામાન્ય જીવ માટે તો જીવન-મરણનું ચક્ર ચાલ્યા જ કરે છે. ''પુનરપિ જનનમ્'' અને 'પુનરપિ મરણમ્' આમ તે એક પછી એક જન્મ લઈને ચક્રમાં ખોવાયેલા જ રહે છે. આથી દેવલોકમાં ઓછા લોકો જઈ શકે છે. મોટાભાગના લોકો પૃથ્વીલોકમાં જ જીવન ગાળે છે.''

પાંચમો પ્રશ્ન : ''હવનમાં આહુતિ આપ્યા બાદ સોમરસ કઈ રીતે મેળવી શકાય ?''

જવાબ છે : ''સંસારમાં યજ્ઞ એ ખૂબ જ પવિત્ર ક્રિયા છે. વિદ્વાન અને જ્ઞાની લોકો યજ્ઞ કરીને અગ્નિમાં સત્યની આહુતિ આપે છે. યજ્ઞની બાકીની ક્રિયા તો એક રીવાજ માત્ર છે. સત્યની આહુતિ આપવાથી જ સોમરસ પ્રાપ્ત થાય છે.''

આ રીતે બધા જ પ્રશ્નોના જવાબ આપ્યા પછી રાજા પ્રવાહણ બોલ્યા, ''પાંચ પ્રકારના પાપથી માનવીએ હંમેશા બચવું જોઈએ:

- સોનાની ચોરી. સામાન્ય ચોરી પણ પાપ જ છે.
- દારૂનું સેવન
- ગુરુપત્ની સાથે ખરાબ વ્યવહાર. કોઈપણ સ્ત્રીને ખરાબ નજરે જોવી તે પાપ જ છે.
- વિદ્વાન બ્રાહ્મણની હત્યા. આમ તો કોઈપણ જીવન હત્યા મહાપાપ છે.
- ઉપર મુજબના કોઈપણ પાપ જે લોકો કરતા હોય તેનો સંગ રાખવો પણ પાપ છે. આવા લોકોના સંગથી પણ માનવ મન વિચલિત થાય છે.''

આ રીતે આરુણી ઋષિ અને શ્વેતકેતુએ પણ રાજા પ્રવાહણ પાસેથી જ્ઞાન મેળવ્યું.

---

# મને તમારી આદત નથી !

ઉર્વશી પારેખ

**એ**કદમ. મને જ શોધતાંશોધતાં દુઃખો મારા દરવાજે આવ્યાં;

મેં કહ્યું, 'તમે આવો, મને કાંઈ વાંધો નથી, પણ તમને આપવા માટે મારી પાસે કાંઈ જ નથી.'

મેં ખુલાસો કરતાં કહ્યું, 'તમારા પહેલાં, તમારા ઘણા મિત્રો આવી ગયા-વિશ્વાસઘાત, નિઃશ્વાસો, આંસુઓ.'

આ સાંભળી થોડાંક દુઃખો દરવાજામાંથી પાછાં વળી ગયાં અને થોડાંક દુઃખો આગંતુક પ્રમાણે ઘરમાં પ્રવેશ્યાં.

મારા અનાતિથ્ય વડે દુઃખોને મૂંઝવણ થઈ. વાતાવરણ અનુકૂળ નથી જાણી, ધીમે ધીમે વિદાય થઈ ગયાં.

દૂરથી આ બધું જોઈ રહ્યાં હતાં થોડાંત સુખો અને 'આ ઘરમાં
જવા માટે કાંઈ વાંધો નથી' એમ એકબીજાંને કહેતાં હતાં.

'ઠક, ઠક' ફરી દરવાજા પર અવાજ આવ્યો.

દરવાજે આટલાં સુખોને એકસાથે જોઈને મને મૂંઝવણ થઈ આવી.

મને શંકા થઈ, 'મને શોધવાનું કંઈ કારણ ?'

સુખોએ કહ્યું, 'હમણાં જ દુઃખોને જતાં જોઈ અમે તમારે દરવાજે આવ્યાં છીએ અને હવે અહીં જ રહેવું છે એમ નક્કી કરીને આવ્યાં છીએ.'

મેં, મને જ સંભળાવતાં કહ્યું,

'તમે આવો તેનો મને વાંધો નથી, પણ તમે એક એક કરીને ધીમે ધીમે આવજો. કારણ, મને તમારી આદત નથી ! મને તમારી આદત નથી !'

❖❖❖

# મારા પપ્પા સૌથી 'બેસ્ટ'

કલ્યાણી દેશમુખ

બાળકો, તમને ઘણીવાર મનમાં પ્રશ્ન થતો હશે કે કોઈ પણ ખાસ દિવસની ઉજવણી આપણે કેમ કરીએ છે? કદી ટીચર્સ ડે, તો કદી મધર્સ ડે, તો કદી ચિલ્ડ્રન ડે. કોઈ પણ સ્પેશિયલ દિવસની ઉજવણી તે વ્યક્તિનું કે વસ્તુનું આપણા જીવનમાં મહત્વ બતાવવાં માટે થાય છે. આ દોડભાગની જીંદગીમાં આપણને જ્યાં પોતાના માટે વિચારવાનો સમય નથી મળતો ત્યાં બીજાના વિશે કેવી રીતે વિચારી શકીએ? તમારી મમ્મી તમને રોજ જમાડવાં માટે પાછળ દોડતી હોય અને તમે એક જ મિનિટમાં કહી દો છો કે મને નથી ભાવતું. બિચારી મમ્મી ફરી તમને તમારી ભાવતું વસ્તુ બનાવી આપશે. પણ કદી એ વિચાર કરો છો કે જો મમ્મી એકાદ મહિના માટે કશે જતી રહે તો?

શિક્ષક તમને રોજ સારી વાતો શિખવાડે જે તમને જીવનમાં આગળ કામ આવવાની જ છે. છતાં શાળા તમને બોરિંગ લાગે છે. પણ કદી વિચાર કરો કે શાળા તો એક નિર્જીવ જગ્યા છે તેને જીવંત બનાવનારા શિક્ષણ જ ન હોય તો? આમ કોઈપણ ખાસ દિવસ મનાવવાનો આશય છે તે વ્યક્તિનું તમારા જીવનમાં કેટલું યોગદાન છે, અને તેના વગર તમારાં જીવનમાં શું અસર પડી શકે છે તે તમને સમજાવવા માટે હોય છે.

દોસ્તો, તમારા ઘરમાં એવી કંઈ વ્યક્તિ છે જે તમારી દરેક માગણીઓ પૂરી કરે છે? તમારી મમ્મીના ફટકારથી બચાવે છે? તમારો દોસ્ત બનીને તમારી સાથે મજાક મસ્તી કરે છે, રમત રહે છે - પપ્પા! ઠી છે ને. પપ્પા કેટલા સારા લાગે છે. તમને નવી નવી વસ્તુઓ અપાવે છે. તમારા માટે ઘોડો બનીને પોતાની પીઠ પર બેસાડે છે. તમને બહાર ફરવાં લઈ જાય છે.

તમે જાણો છો કે પપ્પાનો પણ દિવસ ''ફાધર્સ ડે''ની ઉજવણી ૧૭મી જૂનના રોજ કરવામાં આવે છે. આ દિવસની ઉજવણી સેરીના નામની સ્ત્રીએ શરૂ કરી હતી. સેરીના અને તેના નાના ભાઈ બહેનોનો તેમના પિતાજીે એકલા હાથે ઉછેર કર્યો હતો. સૌને મધર્સ ડે ઉજવતા જોઈને તેને થયું કે ફાધર્સ-ડે પણ ઉજવવો જોઈએ. આથી તેને પોતાના પિતાજીના જન્મ દિવસ ૧૭મી જૂનને ફાધર્સ ડે તરીકે ઉજવવાની શરુઆત કરી.

પપ્પાથી ઘણાં લોકોને બીક લાગે છે. તો ઘણાંને પપ્પા દોસ્ત જેવા લાગે છે. જે લોકોના પિતાજી કડક સ્વભાવના હોય છે તેઓના ઘરમાં અનુશાસન વધું જોવા મળે છે, તેઓ કોઈપણ વાત સીધી પિતાજીને કહેતા ડરે છે. જેમને પિતાજી દોસ્ત જેવા લાગે છે તેમના ઘરનું વાતાવરણ હળવું લાગે છે. તે ઘરના બાળકો દરેક વાત પિતાજીને આરામથી કહી શકે છે. દરેક પિતાને તેના સંતાનો પ્રત્યે વિશેષ પ્રેમ હોય છે. તમને ઘણીવાર લાગતું હશે કે પિતાજી પાસે તો અમારા માટે સમય જ નથી, તો તમે એ પણ વિચારો કે તમારા પિતાજી કોની માટે આટલી મહેનત કરે છે? તમારાં ભવિષ્ય માટે જ ને? તમે સારું ભણો તો આગળ જઈને સારું ભવિષ્ય બનાવી શકશો. સારું ભણવા માટે વધુ રૂપિયા ક્યાંથી આવશે? તમારી ઈચ્છાઓ અને તમારી માગણીઓપૂરી કરવા માટે રૂપિયા ક્યાંથી આવશે? પપ્પા કમાશે ત્યારે જ ને?

તમારું પરિણામ બગડે ત્યારે પપ્પાને ગુસ્સો કેમ આવે છે? કારણ કે તેમને એવું લાગે છે કે હું આ બાળકોના ભણતર પાછળ આટલો પૈસો વેડફું છું. અને તેઓ ધ્યાનથી ભણી પણ નથી શકતા. તેમનું દિલ દુઃભાય છે.

જે પિતા તમારી માટે આટલું બધુ કરતાં હોય તો તમારે પણ તેમને ખુશી મળે એવા કામ કરવાં જોઈએ ને? તો ચાલો શરૂ કરીએ તૈયારીઓ પિતાજીને ફાધર્સ ડે નિમિત્તે કોઈ સરપ્રાઈઝ આપવાની. તમને સમજ નહિ પડતી હોય કે શું કરવું તો આવો અમને તમને થોડી મદદ કરીએ.

- એક સરસ મજાનું કાર્ડ આપો. આમ તો બજારમાં ઘણા તૈયાર કાર્ડ મળે છે પણ તમે તમારા હાથથી બનાવીને જે કાર્ડ આપશો તે જોઈને તેમને વધુ આનંદ મળશે.
- તે દિવસે તમે તમારાં હાથથી તેમને પાણી. ચા, કે નાસ્તો આપો જેનાથી પપ્પા તો ખુશ થશે પણ સાથે-સાથે મમ્મીને પણ આરામ મળશે.
- તમે તમારા પિતાજીને પ્રોમિસ કરો કે તેમણે તમને લઈને જે સપનાં જોયા છેતે જરૂર પૂરા કરશો. કોઈ પણ પિતા માટે આનાથી કિંમતી કોઈ ભેટ નહિ હોય.
-અત્યાર સુધી તમે જે ભૂલો કરી છે તેને માટે માફી માંગો અને ફરી કદી તેમને ફરિયાદ કરવાનો મોકો નહિ મળે તેનું પ્રોમિસ કરો.

તમારી ઊંમર પ્રમાણે આમાંથી કોઈ પણ એક કામ તમે તમારાં પિતાજી માટે કરશો તો તેમને ખૂબ ખુશી મળશે અને તેઓ બધું ભૂલીને તમને પ્રેમથી ભેટી પડશે. પરંતુ પિતાજીને આ એક દિવસ માટે નહિ જીવનમાં હંમેશા યાદ રાખો. ઉપરથી કડક લાગતા પિતાજી જોડે દોસ્તી કરવાની શરૂ તો કરો પછી જુઓ કે પિતાજી રસગુલ્લા જેવા નરમ અને મીઠા લાગે છે કે નહિ.

તો બાળકો ભૂલતાં નહિ ૧૭મી જૂન (આજે)નો ખાસ દિવસ તમારા કોઈ ખાસ માટે.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

**શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય**

**શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન**

**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા**

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય નાલાસોપારા ખાતે દર મહિને સમુહ સામાયિક કરાવવામાં આવે છે જેમાં આ મહીને સમુહ સામાયિક કરાવવામાં આવેલ જેમાં સભ્યો ની સંખ્યા લગભગ ૧૮૦ આસપાસ હતી

આ સમુહ સામાયિક ના પ્રસંગે બોટાદ સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ શૈલેષ મુનિજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પૂ શ્રધ્ધા બાઈ મ.સ. પ્રખર વ્યાખ્યાતા પૂ.નિધીબાઈ મ.સ.મધુરકંઠી પૂ.વિરકતાબાઈ મ.સ. થાણા:૩ તથા ગોંડલ સંપ્રદાયના રાષ્ટ્ર સંત પૂ. નમ્ર મુનિજી ના આજ્ઞાનુવર્તી પૂ પૂર્વીબાઈ મ.સ.પૂ સુપૂર્વીબાઈ મ.સ.થાણા:ર પધારેલ હતા.

બન્ને સંપ્રદાયના પૂ મ.સ.એ સરળ ભાષા અને સુંદર શૈલીમાં માં વ્યાખ્યાન ફરમાવેલ, અને હાજર રહેલા લોકોને ધર્મ મય બનાવી દીધા હતા.

સમુહ સામાયિક પુરી થયા પછી દરેક ને ચૌવિહાર કરાવવામાં આવેલ.

દર મહિને સમુહ સામાયિક કરાવવામાં આવે છે અને ત્યારબાદ સમય અનુસાર નવકારશી / ચૌવિહાર કરાવવામાં આવે છે દાતા પરીવારો ને લાભ લેવા માટે નમ્ર વિનંતી છે.

એક નામ નો નકરો રુપિયા ૨૦૦૦/- રાખવામાં આવેલ છે

આપણા ઉપાશ્રયમાં હંમેશા સાધુસંતો નો લાભ મલતો હોય છે દરેકને સાથ સહકાર આપવા વિનંતી કરવામાં આવે છે.

સમૂહ સામાયિક તથા ચોવિહાર ની વ્યવસ્થા શ્રી નંદલાલ તારાચંદ વોરા ઉપાશ્રય કન્વીનરો,કમીટી સભ્યો અને શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળના કાર્યકરોએ કરી હતી.

❖❖❖

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **અર્પિત** | **હિરલ** | | |
| શ્રી જયેશભાઈ કાનજીભાઈ મારૂના સુપુત્ર હાલાપુર નિવાસી (હાલ - બોરીવલી) | | | |
| શ્રી યોગેશભાઈ હસમુખભાઈ શાહની સુપુત્રી ટુવા-સુરેન્દ્રનગર નિવાસી (હાલ - મલાડ) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **વિશ્વ** | **ખુશ્બુ** | | |
| શ્રી સંજયભાઈ યશવંતભાઈ ગોસલીયાના સુપુત્ર ચુડા-રાણપુર નિવાસી (હાલ - અંધેરી-વેસ્ટ) | | | |
| શ્રી કમલેશભાઈ ભગવાનદાસ મહેતાની સુપુત્રી સાવરકુંડલા નિવાસી (હાલ-અંધેરી-વેસ્ટ) | | ૧૧૨૧ | ૧૧૨૧ |
| **મિતેષ** | **એકતા** | | |
| અલકાબેન મુકેશભાઈ શાહના સુપુત્ર ઉખલોડ નિવાસી (હાલ -ભાયંદર) | | | |
| વનીતાબેન દિલીપભાઈ સોનાવનેની સુપુત્રી એકતા (હાલ - મલાડ) | | ૬૦૧ | ૬૦૧ |
| **ડૉ. યશ** | **ડૉ. દ્રષ્ટી** | | |
| શ્રી નિલેશકુમાર નવિનચંદ્ર શાહના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ-ઘાટકોપર -ઈસ્ટ) | | | |
| ડૉ. મિલિંદભાઈ રસીકભાઈ ભટ્ટની સુપુત્રી વસો નિવાસી (હાલ - ચર્ચગેટ) | | ૧૦૧૧ | ૧૦૧૧ |

## સાભાર સ્વીકાર

ચિ. લબ્ધી જયમીન શાહ T.Y.B.Com 82.18% તથા પૂરવ જયમીન શાહ I.C.S.E 10th માં 93.20% આવતા તે નિમિતે શીયાણી નિવાસી (હાલ -કોપરખૈરને) હસ્તે અરવિંદકુમાર એમ. શાહ રૂા.૫૦૦/-

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **નિલય-કલગી** | | |
| શ્રી યોગેશભાઈ વિનોદરાય મહેતાના સુપુત્ર પાલીતાણા નિવાસી (હાલ-મુલુન્ડ) | | |
| શ્રી વિપુલ શશીકાંત ગોસલીયાની સુપુત્રી જોરાવરનગર નિવાસી (હાલ - મલાડ) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **હર્ષ - માનસી** | | |
| અ.સૌ. સેજલબેન તથા શ્રી મનીષભાઈ વાડીલાલ વોરાના સુપુત્ર ગૌતમગઢ નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| અ.સૌ. રાજુલબેન તથા શ્રી કેતનભાઈ દિનકરભાઈની સુપુત્રી ભાડેર નિવાસી (હાલ-મુલુન્ડ) | ૧૦૦૦ | ૧૦૦૦ |

**મહત્ત્વની સૂચના** સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# સંસ્થા સમાચાર

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ-મલાડ દ્વારા આયોજીત

## ZMM CRICKET PREMIER LEAGUE-2026 ની ભવ્ય સફળતા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્રમંડળ-મલાડ દ્વારા આયોજીત ZMM CRICKET PREMIER LEAGUE-2026 ઉત્સાહ, રમતગમતની ભાવના, મિત્રતા અને એકતાનો અદ્‌ભુત મહોત્સવ સાબિત થયો. સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ખેલાડીઓનો જૂસ્સો, પ્રેક્ષકોનો ઉત્સાહ અને આયોજન ટીમની મહેનત દરેક ક્ષણે સ્પષ્ટ રીતે જોવા મળી.

આ પ્રિમિયર લીગ માત્ર ક્રિકેટ ટુર્નામેન્ટ નહોતી, પરંતુ સમાજના દરેક વર્ગને એકત્ર લાવતુ, નવા સંબંધો બનાવતુ અને યુવાનોમાં રમતગમત પ્રત્યે પ્રેરણા જગાવતુ એક સુંદર મંચ બન્યુ. દરેક ટીમે ખેલદિલી સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ અને મેદાન પર જોરદાર સ્પર્ધા છતા સોહાર્દ અને મિત્રતાનું અનોખુ ઉદાહરણ પુરુ પાડ્યુ.

કાર્યક્રમની ભવ્ય સફળતા માટે પ્રમુખશ્રી અશોકભાઈ કામદાર અને મંડળનાં સેક્રેટરી શ્રી શૈલેશ પ્રતાપભાઈ શાહ અને તેમના માર્ગદર્શન હેઠળ ચાલતી કમિટીની અવિરત મહેનત આયોજન ક્ષમતા અને સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. શરૂઆતથી અંત સુધી દરેક વ્યવસ્થા સુંદર રીતે સંભાળવા બદલ તમામ આયોજકો અભિનંદનને પાત્ર છે.

કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધી કરાવનાર આપણા શ્રી ઝાલાવાડ સભાનાં આદરણીય મહેમાનો, શ્રી નરેન્દ્રભાઈ ગાંધી, શ્રી અતુલભાઈ, શ્રી મહેશભાઈ દોશી, શ્રી નવિનભાઈ જસવાણી, શ્રી મુકેશભાઈ ચશ્માવાળા અને શ્રી નિરવભાઈ ખંધારે હાજરી આપી કાર્યક્રમમાં નવો જુસ્સો ભરી દીધો.

આ સાથે તમામ ખેલાડીઓનો દિલથી આભાર, જેમણે પોતાના ઉત્સાહ અને રમત પ્રત્યેના પ્રેમથી સમગ્ર ટુર્નામેન્ટને જીવંત બનાવ્યો. મહિલા ખેલાડીઓ અને યુવાનોની ઉત્સાહ ભરી ભાગીદારી સમગ્ર કાર્યક્રમની વિશેષ આકર્ષણ બન્યુ. મોટી સંખ્યામાં હાજર રહી ખેલાડીઆએને ઉત્સાહીત કરનાર તમામ દર્શકો, પરિવારજનો અને સમાજનાં અગ્રણી સભ્યોને પણ ખુબ ખુબ આભાર.

ZMM CRICKET PREMIER LEAGUE-2026 માં ટોટલ ૧૦ ટીમે, ભાગ લીધો અને આ બધી ટીમનાં માલિકો (owner) અને તમામ સ્પોનર્સનો પણ શ્રી ઝાલાવાડી મિત્રમંડળ -મલાડ ખુબ આભાર માને છે.

ZMM CRICKET PREMIER LEAGUE-2026 એ ફરી એકવાર સાબિત કર્યુ કે સમાજ એકતાથી આગળ વધે છે, ત્યારે દરેક આવા આયોજન યાદગાર બની જાય છે.

અંતમા....

''રમત માત્ર જીત-હાર નથી...
રમત એ મિત્રતા, એકતા અને યાદગાર પળોનું નામ છે.''

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મિત્ર મંડળ -મલાડ**

★★★

## શ્રી ઘાટકોપર ઝાલાવાડી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ

શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થાનકવાસી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ઓઝોન થેરાપી સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં પ્રખ્યાત ડૉક્ટર મનીષા દ્વારા અનેક પ્રકારના રોગોનો ઉપચાર કરવામાં આવે છે.ખૂબ જ રિઝનેબલ રેટમાં આ ટ્રીટમેન્ટ કરવામાં આવે છે જેમાં અનેક દર્દોમાં રાહત થાય છે. આ ટ્રીટમેન્ટ દર મંગળવાર ગુરૂવાર તથા શનિવારે 1pm to 3.30 સુધી રહેશે.

એપ્રિલ મહિનાથી આ અસહ્ય ગરમીમાં દરરોજ લગભગ ૫૦૦ ગ્લાસ છાશ રાહદારીઓને આપવામાં આવે છે. આ સિવાય દર શનિવારે ૨૧૦ થી વધારે જરૂરત મંદને ભરપેટ નાસ્તો ફ્રુટ્સ તેમજ ચા આપવામાં આવે છે. મેમ્બરોને ૫૦% ડિસ્કાઉન્ટ સાથે એ ફોર સાઈઝની નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઘાટકોપર ઝાલાવાડનું મેડિકલ સેન્ટર પણ ખૂબ જ સુંદર રીતે કાર્યરત છે જેમાં અનેક પ્રખ્યાત ડોક્ટરો ખૂબ જ રિઝનેબલ રેટમાં સેવા આપી રહ્યા છે. આ સિવાય છેલ્લે ૯૦૦ થી વધુ મેમ્બરોએ ગરમ નાસ્તા સાથે ડ્રામા 'મસ્ત મજાનું ફેમિલી' માણ્યું હતું આ રીતે મંડળ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

❖❖❖

**સીનીયર સીટીઝન**

**રોજના ૮૦૦ ટિફિન જાય છે સંપૂર્ણ મુંબઈમાં. ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોચાડશું.**

શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા
પ્રભાદેવી. મો. ૯૮૧૯૦૦૬૪૦૪ ફક્ત વોટ્સએપ
(ફોન કરવો નહી)

Advt.

# MIRACLES OF NAVKAR MAHAMANTRA



*Inner Strength and Peace in Times of Turmoil*

In today's world, where news of conflict, uncertainty, and war creates fear and anxiety, the Navkar Mahamantra offers something deeply powerful -**inner stability and peace**. Its true miracle lies not in changing the world outside, but in strengthening the world within.

❖ **Calm in the Storm**

Just like travelers caught in a storm who found calm through chanting, today's stressfulenvironment can be faced with a steady mind.

☞ *The mantra helps us remain calm even when the world feels chaotic.*

❖ **Strength in Crisis**

In moments of danger and uncertainty, fear often takes over. Chanting the Navkar Mantra builds clarity and courage.

☞ *It replaces panic with strength and awareness.*

❖ **From Fear to Focus**

Constant exposure to negative news can disturb our mental peace. Regular chanting helps improve focus and emotional balance.

☞ *It trains the mind to stay positive and stable.*

❖ **Healing in Difficult Times**

Loss, uncertainty, and emotional stress are common in troubled times. The mantra offers comfort and inner healing.

☞ *It brings acceptance, peace, and resilience.*

**Relevance Today**

In times of war, when we cannot control external situations, we can still control our inner state. The Navkar Mahamantra teaches us to respond with **calmness, compassion, and strength**, rather than fear.

☞ ***When the world is unsettled, the greatest protection is a peaceful and steady mind.***

Advt.

# A super practical 10-minute daily beauty routine—perfect for busy ladies who want to look fresh and confident without spending too much time

**10-Minute Daily Routine (Quick & Easy)**

Minute 1–2: Clean & Prep

- Splash face with water or use a gentle face wash
- Apply light moisturizer
- Apply sunscreen (SPF 30+)

**This is the most important step—never skip!**

Minute 3–4: Base

- Apply BB cream / tinted moisturizer
- Blend quickly with fingers
- Lightly dab compact powder (mainly T-zone)

**Gives an instant even and fresh look**

Minute 5–6: Eyes

- Apply kajal or eyeliner
- Optional: light mascara

**Just this makes your face look awake and bright**

Minute 7–8: Cheeks & Lips

- Apply lipstick or tinted lip balm
- Dab same lipstick lightly as blush (quick hack!)



**Saves time and looks natural**

Minute 9–10:
Hair & Final Touch

- Comb hair / tie a neat bun, ponytail, or clip
- Apply a little perfume or deodorant
- Quick look in mirror

**Bonus Quick Tips**

- Keep all essentials in one pouch
- Choose multi-use products (lip + cheek tint)
- Use waterproof items in summer
- Keep wet wipes or tissues handy

**Simple Rule:**

Less time, less products—
but neat and fresh.

Advt.

## HIDATO PUZZLE CHALLENGE

**Goal:**

Form a continuous path from 1 to 25.

**Movement:**

Move to any adjacent cell (horizontal, vertical, or diagonal).

**Note:**

Clues 16, 9, and 7 have been removed to increase the difficulty.

### THE PUZZLE

**Fill in the blanks. Start at 1 and finish at 25.**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | | | | 5 |
| | | | | |
| | | 25 | | |
| | | | | |
| 13 | | | | |

Advt.

*Healthy Summer Cooler Recipe*

# Minty Aam Panna Cooler

A refreshing Indian summer drink that cools the body naturally, improves digestion, and helps prevent dehydration.

**Ingredients**

* 2 raw mangoes
* 8–10 fresh mint leaves
* 2 tbsp jaggery or honey
* ½ tsp roasted cumin powder
* A pinch of black salt
* 3–4 cups chilled water
* Ice cubes (optional)

**Method**

1. Boil or roast the raw mangoes until soft.
2. Peel and extract the pulp.
3. Blend mango pulp with mint leaves, jaggery, cumin powder, and black salt.
4. Add chilled water and mix well.
5. Serve cold with mint garnish.



**Health Benefits**

* Prevents heatstroke and fatigue
* Rich in Vitamin C
* Improves digestion
* Natural electrolyte booster
* Cooling and refreshing for summer days

**Quick Tip**

For a Jain-friendly version, avoid ice and use naturally cooled earthen-pot water for enhanced taste and digestion.

Advt.

## SILENT EMOTIONS, LOUD CONSEQUENCES

***How suppressed feelings silently impact your heart, brain, and overall health***

In today’s fast-paced world, many people suppress emotions - avoiding stress, anger, sadness, or fear. This buildup, often called **emotional constipation**, may seem harmless but quietly affects both mental and physical health.

Unexpressed emotions burden the **brain**, leading to overthinking, poor focus, disturbed sleep, and increased anxiety. The mind remains in constant stress, making clarity and calmness difficult.

This strain also impacts the **heart**, raising stress levels and blood pressure, and creating internal tension that may lead to long-term concerns.

Beyond this, emotional blockage affects the **entire body** - weakening immunity, causing fatigue, headaches, digestive issues, and a persistent sense of heaviness.

The solution is simple yet powerful: **release emotions in a healthy way**. Express your feelings, practice mindful breathing and meditation, stay physically active, and engage in open conversations.

***When emotions flow freely, the mind becomes lighter, the heart calmer, and the body healthier.***

Advt.

# MINDFUL EATING: MORE THAN JUST FOOD

***A Jain Perspective on Nourishing the Body and Soul***

In today's fast-paced life, eating has become rushed and distracted. Jain philosophy teaches that food is not just consumption-it is a **conscious and disciplined practice**. Mindful eating means being aware of *what, how, and why we eat*.

Guided by **ahimsa (non-violence)**, Jain food choices aim to minimize harm.

☞ *Example:* A simple meal of **dal, rice, and roti (without root vegetables)** reflects an ahimsak diet.

Jain meals are based on **satvik (pure and balanced) food** - fresh, light, and nourishing.

☞ *Example:* **Khichdi with ghee** is wholesome, easy to digest, and calming for the mind.

Practices like **Aimbil** teach simplicity and restraint.

☞ *Example:* **Plain boiled grains without salt, oil, or spices**, taken once a day, help control cravings and build discipline.

Along with this, **fasting (Upvas/Ekasana)** plays an important role. It is not just about avoiding food, but about **detoxifying the body, reducing attachment, and strengthening willpower**.

Simple habits like eating calmly, avoiding overeating, and expressing gratitude further enhance both digestion and mindfulness.

***Mindful eating, simple food, and self-discipline together create true nourishment - bringing balance to the body and peace to the soul.***

Advt.

**May 26 Patrika Sudoko Result**

**1st prize - Hemal Bhavin Udani**
**Bhavin Nitin Udani - LM06350**
**2nd prize - Diyan Nirav Shah**
**Nirav Manish Shah - LM06682**

1 - Jyoti Arvindbhai Gopani
Arvind chottalal GopaniLM00343
2 - Kavita Paras Vora
Paras Vinodchandra Vora - LM04087
3 - Manasvi Chetan Kamdar
Chetan Babulal Kamdar - LM06224
4 - Pratik P Mehta
Piyush Ramniklal Mehta- LM 00400
5 - Heena Vipul Vora
vipul J Vora - LM 06233
6 - Urvi Doshi
Pratik Virendra Doshi - LM04599
7 - Pratik Shroff - LM00191
8 - Umang Manish Shah
Umang Manish Shah - LM-06683
9 - Dhyanam Shah
Saurabh Mahendra Shah - LM05102
10 - Tushar Vora
Tushar Vora - LM04168
11 - Zalpa Sheth
Siddharth Rajnikant Sheth - YM04232
12 - Heena Vora
Ashwin C Vora - LM01938
13 - Shilpa Dilip Gandhi
Dilip Ramniklal Gandhi - YM02427
14 - Alka Paresh Doshi
Paresh Rasiklal Doshi - LM06170
15 - Dishita shah
Virendra h shah - LM02204
16 - Surekha shah
Chandrkant Virchand shah - YM00737
17 - Rushan Sanghvi
Naresh Gordhandas Sanghvi- LM02094
18 - Dhairya Deven Shah
Hetal Deven Shah - LM05790
19 - Jiya Shah Nilesh Anopchand Shah - LM07589
20 - Darshan Shah
Jayesh hiralal Shah - LM 01860
21 - Drashti Darshak Shah
Darshak chandrkant Shah - LM05986
22 - Saachi Hemal Shah
Ashwin Kanakray Shah - LM00458
23 - Heeva Shah Nikit Ashwin Shah - LM06213
24 - Mahek Jinesh shahBipin Vrajlal Shah - YM00006
25 - Sheetal Vora Sheetal Vora - LM06221

**SOLUTION**

| | | | | |
|---|---|---|---|---|
| 1 | 2 | 9 | 10 | 25 |
| 4 | 3 | 8 | 11 | 24 |
| 5 | 6 | 7 | 12 | 23 |
| 16 | 15 | 14 | 13 | 22 |
| 17 | 18 | 19 | 20 | 21 |

Advt.

**MATRIMONIAL BIO-DATA**



**PERSONAL DETAILS**

| | |
|---|---|
| **NAME** | : **NIKUL KAMLESHBHAI MODI** |
| **Date of Birth** | : 18-12-1987 **Birth Time :** 16.03 pm. |
| **Birth Place** | : Rajkot **Height :** 5.11” |
| **Weight** | : 85 Kg. |
| **Religion** | : Dasha shrimali Sthanakwasi Jain |
| **Education** | : M.B.A. (Marketing & Finance) |
| **Profession** | : Job in Health care sector |
| **Maritaital status** | : **Divorced** |
| **Hobbies** | : Cricket & Travelling |
| **Languags known** | : English, Hindi & Gujarati |
| **Contact** | : 99094 30020 |
| **Email ID** | : modinikul@gmail.com |

**Family Details**

| | |
|---|---|
| **Father Name** | : Kamlesh Kantilal Modi |
| **Occupation** | : Job in Co.Operative Sector, Rajkot Mo. : 98255 11295 |
| **Mother Name** | : Priti Kamlesh Modi (Housewife) |
| **Residence Address** | : 201, Aradhana Apartment , 5, Aradhana Society, Airport Road, Rajkot-7. Mo. 99796 30020 |

**Sibling Details**

| | |
|---|---|
| **Sister** | : Kinjal Vishal Mehta (Married at Jamnagar) Mo. 90990 59952, 94083 23930 |

**Paternal Details**

| | |
|---|---|
| **Bhaiji** | : Pramodbhai Kantilal Modi (Borivali, Mumbai) Mo. 81692 28004 |

**Maternal Details**

| | |
|---|---|
| **Nana** | : Late Shantilal Panachand Parekh (Gondal) |
| **Mama** | : Kirtibhai Shantilal Parekh (Kandivali, Mumbai) Mo. 98206 30314 |

Advt.


# ‘‘આ વાટ અમુને ફિટ લાગે...’’

ધોલવડ-વલસાજ વિસ્તારની ચીકુની વાડીઓના માલિક ઈરાની શેઠના અચરજની આજે કોઈ સીમા નહોતી.

શેઠની વાડીમાં કેટલાંય મજૂરો રોજીઆણો (રોજના પગારને ધોરણે) કામ કરે. તેમાંનાં કેટલાંક આદિવાસી સ્ત્રી-પુરુષો પોતાના મામૂલી પગારમાંથી પણ રોજના પાંચપાંચ રૂપિયા છેલ્લા છ મહિનાથી કપાવતાં હતાં. ઈરાની શેઠને એમ કે કોઈ ‘‘અલ્પ બચત’’ જેવી યોજનાવાળા એ લોકોને સમજાવી ગયા હશે. ચાલો, એય સારું જ છે. બચત કરશે તો રોજ તાડીના પટ્ટે (અડ્ડે) જઈ ઢીંચવામાં તો પૈસા નહીં ગુમાવે! બે પૈસા બચ્યા હશે તો છોકરાં સારાં કપડાં પહેરશે અને પ્રસંગે એમને જ ખપ લાગશે.

પણ આ આદિવાસીઓનો પ્લાન કંઈ જુદો જ હતો, એ તો એમાંના એક રમલાએ આજે ફોડ પાડીને કહ્યું ત્યારે સમજાયું : ‘‘શેઠ! માફ કરજે. તારે તાં વરહોથી વેઠ કરીએ ને તું અમારુ પેટ પૂરે. પન ટારા હાટુ અમુને કોઈ ભાવ ની મલે. ને અમારી જાત હો એવી કે લાગ મલે ટારે ચોરી હો કરી લેવાની. એમાં કાંઈ શરમ ની. ભાજી, ચીકુ, આંબા... અને કો’કવાર તો શેઠ, સારું હઠિયાર બી વેકી મારેલું, હા!.... પન આ ભલું થજો અમારા ડાડાનું કે ટેમની વાટુ લઈને આ વાસુકાકા અમારે ટાં પાડામાં (વસ્તીમાં) આઈવા ને ભગવાનની ને સ્વાધ્યાયની હારી હારી વાતો કીઢી. તેવાંએ શીખડાઈવું કે ભગવાન આપડી અંડર આવીને આપડને સંભાલે. દૂધની અંદર ઘી હોય, પન તે કંઈ હીદું દેખાય ની, તેવી રીતે એ વાલો બી પડી અંડર આપડી હાઠે ને હાઠે જ રીયે, પન ડાયરેક્ટ જોવા ની મલે. પન અંડર એ હોય તો ખરો જ.

‘‘એક વાર ટેમની વીડીઓ કેસેટમાં વાટ કીઢી કે મનેખ પાપી હોય તો બી ભગવાન માફ કરવાનો. પન એક વાર આપડને હમજ મલીયા પછી બેઈમાની ના ઠાય, અને પછી માફી બી ના મલે. આ વાટ અમુને બરોબર ફિટ લાગે. તેઠી વિચાર કીઢો કે આપડે ઈરાની શેઠનું બહુ બધું લાટેલું છે, તે બધું ને નંઈ પન ફૂલ નંઈ ને ફૂલની પાંખડી પાછું વારવું જોવે. તે વિના અવે ની ચાલવાનું. તેઠી અને બધા આ છ મહિનાથી રોજના પાંચ રૂપિયા તારી કરને કપાવતા છે. એ પૈહા તારા જ છે ને તું જ રાખજે. અમુને બધ્ધાને માફ કરીને અમારું પ્રાયશ્ચિત કરવા ડેજે.’’

# JINENDRA CHARITABLE TRUST

Regd. Charity No. E/7966 - Rajkot • Founded in 2006

## અંધજનોને દ્રષ્ટિદાન આપી જીવનમા આશાનું અજવાળું આપો



માનનીય દાતાશ્રીઓને હૃદયપૂર્વક જય જિનેન્દ્ર અને જયશ્રી કૃષ્ણ,

ભારતમાં હજુ પણ ૧ કરોડ થી વધુ અંધજનો વસે છે. ૨,૭૦,૦૦૦ બાળકો અંધ છે.

**ફક્ત રૂા.૧૫૦૦/-નું દાન આપી મોતિયાના ઓપરેશન દ્વારા એક અંધભાઈ/બહેન/બાળકને આંખની રોશની આપી નવું જીવન આપી શકો છો.**

એક નેત્રયજ્ઞ માટે રૂા.૧૫૦૦૦/-નું દાન આપી ૨૫ જેટલા અંધજનોને આંખની રોશની આપી શકો છો તથા ૨૦૦ જેટલા આંખની સામાન્ય સારવાર કરી શકાય છે. દાતાને ફોટા/દર્દીઓનું લિસ્ટ વગેરેનો રીપોર્ટ આપવામાં આવશે.

આંખની રોશની આપી આશાનું કિરણ આપવા આપને સહકાર આપવા વિનંતી.

લિ. સેવક કિશોરલાલ શાહ (સાયલા નિવાસી)ના જય જિનેન્દ્ર
B.A (Hons) B.Ed. Dip.Ed. (London) Email ID: kishorelal1925@gmail.com
મેનેજીંગ ટ્રસ્ટી

Account # : 925010024476033
A / C Name : JINENDRA CHARITABLE TRUST
IFCS Code : UTIB0004518
Bank Details : AXIS BANK LTD (YAGNIK RD BRANCH)

**Office :** 4-A, Vrundavan Apt., 2 Jagnath Plot, Dr Yagnik Road, Rajkot - 360 001, Gujarat, Contact no. Sanjay Dodiya 9106667276 / Mitaben Shah 98190 66626

Advt.


---

## ''ખુશ ખબર''


## એક કીલો ઢોકળા પર ૨૫૦ ગ્રામ ઢોકળા ફ્રી મળશે.

**ફક્ત ઘાટકોપર, તિલકનગર, ચેંબુર તથા વિદ્યાવિહાર જનતાને ફ્રી હોમ ડિલિવરી**

*ચિંતા ન કરો આપને ઘેર મોંઘેરા મહેમાન આવવાના છે ?*
*અમો તમને ઘેર બેઠા હોમ ડીલીવરી કરી આપશું.*



**૭૨ ટાઈપના (આથા વગરના) ઢોકળા**
**૮ ટાઈપના તળેલા ફરસાણ**
**કદી પણ તમે જોયા ન હોય તથા**
**ખાધા ન હોય.**



તા. ક. ફોટો તથા ભાવ માટે ફોન કરો
અમો આપને ફોટો તથા ભાવ મોકલી આપશું.
**ઑર્ડર એક દિવસ પહેલા આપવો જરૂરી**

**સંપર્ક :**
**ભુપેન્દ્ર (રૂચી કેટરર્સ)**
**૯૮૨૧૦૨૯૦૫૩**
**પુત્ર - જીગર - ૯૮૨૧૦૨૯૦૮૪**

Advt.

## શ્રી સ્થાનકવાસી જૈન સંઘ , નારણપુરા

૨૮ / ૨૯, સ્થાનકવાસી જૈન સોસાયટી, નારણપુરા રેલ્વે ક્રોસીંગ પાસે, નારણપુરા અમદાવાદ-૩૮૦૦૧૩

**અન્નદાન મહાદાન**

અમદાવાદ નારણપુરા સ્થિત શ્રી સ્થાનકવાસી જૈન સંઘ સિવિલ હોસ્પિટલ (કીડની વિભાગ) અમદાવાદમાં દરરોજ અંદાજે ૨૦૦ દર્દી માટે જમવાનું છેલ્લા વર્ષ ૧૯૯૨ ( ___ વર્ષ) થી કોઈ પણ જ્ઞાતિ – જાતી ના ભેદભાવ વિના મોકલાવે છે. આ યોજનામાં એક ટીફીન ના રોજ ના રૂપિયા ૧૦/- ટોકન લેખે માસિક રૂપિયા ૩૦૦/- તથા તેના ગુણાંક માં લાભ લઇ આ યોજનામાં સહભાગી બની અદભૂત માનવ સેવાના લાભાર્થી બનો.

**“ જૈન ટીફીન સેવા”**

આપ સર્વે ને શુધ્ધ અને સાત્વિક ભોજન મળી રહે તેવા શુભ આશયથી જૈન ટીફીન યોજના નું સુંદર આયોજન કરવામાં આવ્યુ છે. ૫ રોટલી. શાકકઠોળ. દાળ. ભાત. ગોળ. મરચા

સમય : ૧૧ થી ૧૧. ૪૫ સુધી. ટિફીન સાથે લાવવાનું રહેશે.

**દુધ પાઉચ યોજના**

દુધ પાઉચ રૂ.૧૦ લેખે સીવીલ હોસ્પીટલના કીડની વોર્ડમાં દાખલ દર્દીના સ્વાસ્થ્ય માટે આપનું યોગદાન આપી સેવાના સહભાગી બનો. ૧ પાઉચ ના રૂ.૧૦ લેખે 30 દિવસના 300 રૂ. માસિક તથા તેના ગુણાંકમાં લાભ લઇ તેના સહભાગી બનો.

**મોબાઇલ : 7698581234**

**BANK DETAILS**

Bank Name : Bank Of Baroda
Branch : Naranpura Railway Crossing Branch
Account No : 70860100004322
IFSC Code : BARB0DBNPUR

Scan This QR Code For Online Payment

Advt.


# અતિથિ ધર્મ

**નીલેશ મહેતા**

મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. અંધારી રાત્રી હતી. સંત એકનાથ અને તેમની પત્ની સૂવાની તૈયારી કરી રહ્યાં હતાં. ત્યાં જ બારણે ટકોરા પડ્યા. ‘અત્યારે આવા વરસતા વરસાદમાં કોણ હશે ?’ પત્નીએ ધીરે સ્વરે પૂછ્યું. સંત એકનાથે કહ્યું ‘અતિથિ સિવાય બીજું કોણ હોય ? અતિથિ દેવો ભવ. બિચારા વરસાદમાં પલળતા હશે. જલદી-જલદી બારણાં ખોલો દેવી.’ પત્નીએ તરત જ બારણું ખોલ્યું તો ઉંબરામાં ચાર અતિથિઓ ઊભા હતા. સંત એકનાથે હૈયાના હેતથી એમનું સ્વાગત કર્યું. ભીનાં વસ્ત્રો કઢાવી નવાં વસ્ત્રો આપ્યાં. પછી સંત એકનાથ મંદિરના ઓરડામાં બેઠેલી પત્ની પાસે ગયા. ‘દેવી, અતિથિ ભૂખ્યા લાગે છે. એમને માટે ભોજનની તૈયારી કરો.’ પણ નાથ લાકડાં બધાં પાણીમાં પલળી ગયાં છે. રસોઈ કેવી રીતે કરવી ?’ તમે રસોઈની તૈયારી કરો. હું લાકડાંની વ્યવસ્થા કરું છું. થોડીવાર પછી સંત એકનાથે પત્ની સામે લાકડાંનો ઢગલો કરી દીધો અને પત્નીએ ખૂબ જ સ્ફૂર્તિથી રસોઈ તૈયાર કરી નાખી. તે સમય દરમિયાન વરસાદ પણ રહી ગયો. ભોજન કર્યા બાદ અતિથિ તો ત્યાંથી આગળ જવા માટે તૈયારી કરવા લાગ્યા. સંત એકનાથ એમને આગ્રહ કરતાં બોલ્યા : ‘અરે, અત્યારે રાત વેળાએ કયાં જશો ! રોકાઈ જાઓ આપના સત્સંગનો મને લહાવો મળશે.’ પણ અતિથિને સમયસર પહોંચવું હતું અને કામની અગત્યતા હતી. તેથી સંત એકનાથે અતિથિઓને વહાલ ભરી વિદાય આપી પછી સંત એકનાથ સૂવા ઓરડામાં ગયા અને પત્ની વાસણ માંજવા બેસી ગયાં. કામ પુરું કરી પત્ની સૂવા ઓરડામાં આવે છે તો સંત એકનાથ હંમેશાં લાકડાના ઢોલિયામાં સૂતા પણ આજે જમીન પર પથારી પર સૂતા છે. તેમની પાસે જઈ પત્નીએ સંત એકનાથને કહ્યું ‘તમે રોજ તો ઢોલિયા પર સૂવો છો તે ઢોલિયો ક્યાં ? આપ જમીન પર કેમ સૂતા છો ?’ સંત એકનાથે કહ્યું ‘દેવી ઢોલિયો તો આજે અતિથિસેવાના કામમાં આવી ગયો.’ સૂકાં લાકડાં વગર રસોઈ થઈ શકે તેમ નહોતી. દેવી આજે તો આપણો ઢોલિયો ધન્ય બની ગયો. ઢોલિયો તો બે-ચાર દિવસમાં નવો તૈયાર થઈને આવશે પણ અતિથિ-સેવાની તક આજે ચૂકી જાત. એમ બને તો તો આપણા અતિથિ ધર્મને કલંક લાગત. સંત એકનાથનો અતિથિ ધર્મ પ્રત્યે આવો લગાવ જોઈ તેમની પત્નીની આંખમાં હર્ષનાં અશ્રુ આવી ગયાં. ❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

**પ્રિય સભ્યો,**

૧૦ મુ ધોરણ (ICSE, SSC, CBSE) અને ૧૨મુ (HSC) ધોરણના પરિણામો જાહેર થયા છે.

તમારા પરિવારના કોઈ વિદ્યાર્થીએ 85% કે તેથી વધુ ગુણો મેળવ્યા હોય તો તેની માહિતી અને ફોટો આવનાર ઝાલાવાડી પત્રિકામા પ્રકાશિત કરવામાં આવશે. કૃપા કરીને નીચેની માહિતી ઝાલાવાડી સભાની ઓફીસે ૨૫ જુન ૨૦૨૫ સુધીજ મોકલવી. ત્યારબાદ નામો લેવામાં આવશે નહી.

(૧) વિદ્યાર્થીનું પુરૂં નામ (૨) પિતાનુ અને માતાનું પુરૂં નામ (૩) તમે કયા એરિયામાં રહો છો (૪) મુળ વતન (૫) વિદ્યાર્થીનો Pass Port સાઈજ નો એક ફોટો, ફોટાની પાછળ નામ લખવાનું જરૂરી છે. (૬) H.S.C કે S.S.C મેળવેલ ટકાવારી (Percentage) (૭) માર્કશીટની Xerox Copy (૮) આપનો મોબાઈલ નંબર આપવો.

મહેરબાની કરીને માહિતી સંપૂર્ણ અને ચોક્કસ મોકલવી.

**- માનદ્ મંત્રીશ્રી**


Zalawad nu Gaurav



Proud Moment!

Hard Work
Dreams
Dedication
Success

Kamalpur (Limbdi) Nivasi currently residing in Malad, Mumbai, Daughter of Khyati Hemal Deliwala. *Meher Deliwala* has scored 99% in her ICSE Xth exams and has made her family proud.

*Keep up the great work !!*

Blessings from:
Mota Dada - Dadi - Babulal Nagardas Deliwala & Late Kalavati Babulal Deliwala
Dada - Dadi - Kishore Nagardas Deliwala & Shobhna Kishore Deliwala
Nana - Nani - Jitendra Hiralal Mehta & Lata Jitendra Mehta

Best wishes from Deliwala family

Jai Mataji    Jai Jinendra

Advt.






Shubh bandhan

We find a match truly right for you

Over 20 years of globally trusted & personalised matrimonial services for all Gujarati communities.

9323626815 | 9769726815

www.shubhbandhan.com ShubhBandhanMatrimony

Advt.



શ્રીજી

**જમીન-મકાન તથા ખેતીની જમીનની લે-વેચ માટે મળો.**

દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય, નામેચડાવવાનું કરાવી આપીશું

**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965

**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
Email : ankitsheth77@gmail.com

**અતુલભાઈ ટી. શેઠ**

સૌરાષ્ટ્ર પેપર બેગ કં., રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.

Advt.

# પંદરમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. નિરંજનાબેન હસમુખલાલ શાહ *(નીરુબેન)*

**મૂળ વતન : વઢવાણ સીટી (લીંબડીવાળા)**
**હાલ : ઘાટકોપર, મુંબઈ**
**જન્મ : તા. ૧૩-૦૨-૧૯૪૭ મહાસુદ ૮**
**અરિહંતશરણ : તા. ૧૪-૦૬-૨૦૧૧ જૈઠ સુદ ૧૪**

તમારી યાદોને ભુલાવવામાં થોડી વાર તો લાગે.
આંખોને સૂકાવવામાં થોડી વાર તો લાગે.
કોઈ વ્યક્તિ ને ભૂલાવી દેવી એટલી સરળ તો નથી હોતી,
દિલને સમજાવવામાં થોડી વાર તો લાગે.
નયનો સદાય નિહાળે છે તમોને અંતર સદાયે પોકારે તમોને,
સ્મરણ તમારું થાય છે ત્યારે મનમૂકીને રડાવે છે
આપની મીઠી સુવાસ સદાય સ્મરણ રહેશે અમોને
આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી
જે નાશ પામે છે તે શરીર છે, આત્મા અમર છે

આપના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ મળે અને
જન્મોજન્મ જૈન ધર્મનું શરણું અને નવકાર મંત્રનું
સ્મરણ રહે એ મનોકામના.

**આપના સદૈવ ઋણી**

પતિ : હસમુખલાલ છોટાલાલ શાહ
પુત્ર-પુત્રવધૂ : જતીન - બીજલ
દીકરી-જમાઈ : નીશાબેન સુધીરકુમાર ગાંધી (અમદાવાદ)
દીકરી-જમાઈ : નીતાબેન ભાવિનકુમાર શેઠ (મુલુન્ડ)
દીકરી-જમાઈ : સેજલબેન જસ્મીનકુમાર ગાંધી (કલ્યાણ)
પૌત્રી - પૌત્ર : હિનલ - મોનીલ
દોહિત્ર : ઋષભ, દોહિત્ર વહુ : હેની, પ્ર.દોહિત્ર : નક્ષ
દોહિત્રી : મનાલી દોહિત્ર : રીશી - યશ

◆ સ્વજનો ◆
સ્વ. રંભાબેન છોટાલાલ શાહ પરિવાર
સ્વ. લીલાવંતીબેન જગજીવનદાસ શાહ પરિવાર ના જય જીનેન્દ્ર

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**Office Mobile No. 7208472884**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.700/- for 2024-25 - 2025-26 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**You can Book your Advt. Before 3 months**
**Please send Artwork in JPEG Format Only**

**શ્રી ઝાલાવાડી વિસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**



જન્મ
૧૧ - ૦૨ - ૧૯૪૦

અરિહંત શરણ
૧૯-૦૫-૨૦૨૬

# શ્રી પ્રવીણભાઈ અમૃતલાલ કોઠારી

**ધ્રાંગધ્રા નિવાસી હાલ નવી મુંબઈ**

ઘરમાં એક એવો દીવો હતો,
જે પોતે બળીને સૌને અજવાળતો હતો.

સવારે સૂરજ સાથે જાગતું વ્યક્તિત્વ મહાન,
પરિશ્રમમાં જેણે શોધ્યું જીવનનું સત્ય અને માન.

હાથોમાં મહેનત, ને મનમાં અડગ વિશ્વાસ,
કર્મ જ પૂજા એમની, એ જ જીવનનો શ્વાસ.

ઘર માટે જીવવું જ જેમનો સ્વભાવ રહ્યો,
પરિવારના સુખમાં જ એમનો સ્વર્ગ રહ્યો.

શબ્દો ભલે ઓછા, પણ સ્નેહ અપરંપાર,
હૃદયમાં સૌ માટે લાગણી અપાર.

શિસ્ત, સંસ્કાર અને કર્તવ્યનો સંસાર,
એવા **"ભાઈ"** થી જ ઉજ્જવળ બન્યું અમારું ઘરદ્વાર.

## શોકાતુર પરિવારજનો

| | | | |
|---|---|---|---|
| માતા પિતા | :સ્વ.કાંતાબેન અમૃતલાલ કોઠારી | ભાઈ ભાભી | :સુરેશભાઈ કોઠારી - સ્વ.જ્યોતિબેન કોઠારી |
| સાસુ સસરા | :સ્વ.વિમળાબેન રતિલાલ શાહ | | :બિપીનભાઈ કોઠારી - ભારતીબેન કોઠારી |
| ધર્મપત્ની | :સ્વ. પુષ્પાબેન કોઠારી | બેન બનેવી | :સ્વ.પુષ્પાબેન શાહ - પ્રકાશભાઈ શાહ |
| પુત્ર પુત્રવધુ | :રૂપલ હિતેશ કોઠારી | | :સ્વ.હંસાબેન અજમેરા-સ્વ.કિશોરભાઈ અજમેરા |
| | :કરુણા કેતન કોઠારી | | :સ્વ.નલીનીબેન શાહ - લલિતભાઈ શાહ |
| દીકરી જમાઈ | :નિમીષા રાજેન્દ્રભાઈ શાહ | | :પંકજબેન શાહ - નીતિનભાઈ શાહ |
| પૌત્ર-પૌત્રી | :યશની-કુણાલ | | :ભાવનાબેન શાહ - સચીનભાઈ શાહ |
| | :ખુશાંક - અમીષા | | :સ્વ. મીનાબેન શાહ - મુકેશભાઈ શાહ |
| | :સલોની - સેમ્યુલ | | |
| | :વિદિત | | |
| દોહિત્ર | :વિરાજ - રિદ્ધિ | | |

Advt.

# શ્રી ઝાલાવાડી વીસા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

## ભાવભરી શ્રધ્ધાંજલિ



**સ્વ. પિતાશ્રી કાંતિલાલ ઠાકરસી ગાંધી**
અરિહંત શરણ: ૧૭-૦૮-૧૯૯૭



**સ્વ. માતુશ્રી પુષ્પાબેન કાંતિલાલ ગાંધી**
અરિહંત શરણ: ૨૫-૦૫-૨૦૨૫

મુળ વતન વઢવાણ, હાલ બોરીવલી

અમારા માતુશ્રી પિતાશ્રી ની પુણ્યતિથિ નિમિત્તે આપણે તેમના પવિત્ર સ્મરણોને નમન કરીએ વીતે છે. પરંતુ તેમની સ્નેહભરી છાયાનુ શીતળ આલિંગન નો આજે પણ અહેસાસ થાય છે. તમે પુરૂષાર્થ ભર્યું જીવન જીવી ગયા, અમારા જીવનના દરેક પગલે તેમના આદર્શનો અનંત પ્રકાશ સાથ આપે છે.

હસતુ રાખી મુંખડું સદા જીવી ગયા જીવનને દુ:ખના દરીયા ખેડી સુખ સાગરભર્યા સ્નેહ અને વાત્સલ્યનુ ઝરણું વહાવીને અમ સહુના હૃદયને ભીંજવી ગયા.

તમારા સુવિચારો, સદગુણો સંસ્કાર અને આત્મીયતા અમારામાં રહે તે ભાવના સાથે શ્રધ્ધાંજલિ આપના પવિત્ર આત્માને જન્મોજન્મ નવકાર મંત્ર નું સ્મરણ રહે.

### ✤ આપના સદૈવ ઋણી સ્વજનો ✤

✿ **પુત્ર - પુત્રવધુ:** હસમુખભાઈ - હર્ષાબેન ગાંધી
રમેશભાઈ - ધનીબેન ગાંધી
કિરીટભાઈ - ભારતીબેન ગાંધી

✿ **દિકરી - જમાઈ:** સ્વ. કલાબેન - સ્વ. પ્રવિણચંદ્ર શાહ
હંસાબેન - સ્વ. જીતેન્દ્ર દોશી
ચેતના બેન - મહેશકુમાર વોરા

✿ **પૌત્રી - જમાઈ:** પ્રાચી ભૌમિક ગાંધી
રીના રીકેન ગોપાણી

✿ **પૌત્ર - પૌત્રવધૂ:** અંકિત હસમુખ ગાંધી - ફોરમ
વિવેક રમેશ ગાંધી - નિધિ
પ્રિતેશ કિરીટ ગાંધી - ખુશ્બુ
બ્રિજેશ કિરીટ ગાંધી - ઈશિતા
કરન કિરીટ ગાંધી

✿ **દોહિત્ર - દોહિત્રવધૂ, દોહિત્રી - જમાઈ:** જિતેન્દ - કામિની , સ્વ. ધર્મીષ્ટા , નેહલ, રૂષભ - હેતલ
આશિષ - ભાવિષા, અંકિત - શ્રધ્ધા, કૃપા - વિશાલ, ધ્રુમિલ

✿ **પ્રપૌત્ર:** ધૈર્ય, કવિશ, રિધમ, દિયાન, શનાયા , આરવ, ઈશાન, જય, કાવ્ય, વૃધ્ધિ , મહેર, ખુશી , જીયાંશ

## ગાંધી પરિવાર તથા સ્વ. ચત્રભુજ નાનચંદ શાહ પરિવાર ના

## 🙏 જય જીનેન્દ્ર 🙏

Advt.

## પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
૨૬-૦૧-૧૯૬૨

અરિહંત શરણ :
૦૪-૦૪-૨૦૨૬

# સ્વ. પ્રીતિબેન કિરીટ દોશી (સરા)

તમને વિનમ્ર શ્રદ્ધાંજલિ
તમારી યાદો અને સંસ્કાર હંમેશા અમને માર્ગદર્શન આપતા રહેશે
ભગવાન તમારા આત્માને શાંતિ આપે
સમય પસાર થાય છે, પરંતુ તમારી યાદો ક્યારેય ઓછી થતી નથી
એક મહિનો થયો છતાં દિલ હજુ પણ તમને શોધે છે
તમારી આત્માને શાંતિ મળે તેવી પ્રાર્થના.

## શ્રદ્ધાંજલિના પુષ્પો અર્પણ કરતા પરિવાર

**જીવનસાથી**
કિરીટભાઈ

**પુત્ર પુત્રવધૂ**
મૌલિક - શૈલી

**જેઠ - જેઠાણી**
સ્વ. હરેન્દ્રભાઈ - સ્વ. રેણુકાબેન
જગદીશભાઈ - કુંદનબેન

**નણંદ-નણંદોઈ**
નીલાબેન પ્રકાશભાઈ લાખાની

**બેન-બનેવી**
શીતલબેન - કમલેશભાઈ દેસાઈ
બીનાબેન - સ્વ. પરેશભાઈ ડેલીવાળા

**વેવાઈ**
નીતિનભાઈ બાપાલાલ સંઘવી

**પૌત્રી**
આરના તથા ત્વેશા, વ્યોમી, શનય,
શુભ, વિરાટ,ખુશી, મન

**ભાઈ-ભાભી**
કિરણભાઈ - મીનાબેન કોઠારી
હિરેનભાઈ - અવનીબેન કોઠારી

**ભત્રીજા-ભત્રીજી**
જીજ્ઞા - મેહુલ કામદાર
નેહા - ઉમંગ મહેતા
સરોજ - હેમલ દોશી
પૂજા - પ્રેમલ દોશી

**ભાણી-ભાણી જમાઈ**
રીના ચિરાગ દોશી

સ્વ. હીરાલક્ષ્મીબેન હરીલાલ જગજીવનદાસ દોશી પરિવાર તથા
સ્વ. માયાગૌરી ન્યાલચંદ ગિરધરલાલ કોઠારી પરિવાર

**LEO PHARMA**

સી-૨૩૩, એન્ટોફિલ વેરહાઉસિંગ કોમ્પ્લેક્સ, બરકત અલી નાકા, વડાલા (પૂર્વ), મુંબઈ ૪૦૦૦૩૭.

Advt.

To,

Registered with Press Registrar General of India under PRGI No. 6489, Postal Registration No. MCS/046/2024-26. WPP Licence No. MR/Tech/ WPP - 341/South/2024-26 Published on 5th of Every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.




Publisher: Pravin Gambhirchand Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002. Printed by : Bhavin Sharad Gandhi at RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai-400011. Mobile : 9867540524. Editor : Sharad Manmohan Gandhi, 301, Bay View (East), 47, Dr. M. B. Welkar Street, Chira bazar, Mumbai - 400 002.